بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧/જુલાઈ/૨૦૧૮**

શવ્વાલુલ મુકર્રમ-ઝિલ કૃઅદ

હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૭, સળંગ અંક : ૧૭૫



**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી (B.Sc.)

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| 01 | ફરી એકવાર ચાંદ બાબતે આપસમાં વિવાદ છેડાયો ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 04 | હદાઈકે બખ્શિશ | 14 |
| 05 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 17 |
| 06 | તઝકેરતુલ અવલિયા | 20 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 23 |
| 08 | ઈસ્લામમાં વૃધ્ધોનો માન તથા મર્તબો | 26 |
| 09 | ઈસ્લામમાં લિબાસ, શરમ તથા હયાનો ઉલ્લેખ | 30 |
| 10 | તક્લીદના વિરોધના બહાને કૌમને તોડવામાં આવી | 33 |
| 11 | પયગામે બરકાતિયહ | 35 |
| 12 | ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સમયનું મહત્વ | 37 |
| 13 | જીવન જીવવાની દસ રૂહાની ટિપ્સ | 41 |
| 14 | "બામસેફ" ચળવળના હેતુઓ તથા માગણીઓ | 44 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## અપની ચૌખટ પે બિઠાઓ તો....

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
કૈદે શૈતાં સે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગરદિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર
અપને કદમોં મેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કેહલાતા હૂં બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કેહકે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પૈહમ સે બસ્તી મેરી વીરાન હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલનાર સે મિલતા હી નહીં
અપની આંખોં સે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દોંકો જિલા દેતે હો મેરે આકા
મેરે દિલકો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **"અખ્તર"**કો ફિરાઓ મેરે મૌલા દરદર
અપની ચૌખટ પે બિઠાઓ તો બહોત અચ્છા હો

(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ્ مدظلہ العالی)

## ફરી એકવાર ચાંદ બાબતે આપસમાં વિવાદ છેડાયો !

તંત્રી લેખ......

આ વરસે રમઝાન મુબારકનો ચાંદ રાબેતા મુજબ રહમતો બરકતોની સાથે તશરીફ લાવ્યો પણ સાથોસાથ કેટલાક લોકો માટે જાણે જંગનુ બ્યુગલ વગાડતો આવ્યો ! રાતભર ચાંદ "થયો ! નથી થયો !"નો હંગામો જોવામાં આવ્યો. અને એના પડઘા કેટલાય રોઝાઓ સુધી પડતા રહ્યા ! મોર્ડન ટેકનોલોજીનો ખુદ સતત ઉપયોગ કરનારા તથા વરસભર તેની ખબરો પર પલ પલ ચાલનારા કેટલાક ભાઈઓએ એ જ હઠ પકડી કે મોબાઈલ પરની ખબરોથી ચાંદની સાબિતી થશે નહીં. ભાઈઓ ! ચાલો માન્યુ કે તમને એના પર વિશ્વાસ નથી તો ન સહી, પણ મોબાઈલ પર ચાંદની ખબરોથી તેના નીતિ નિયમો શરતો સાથે સાબિતી થવાની તેહક઼ીક઼ પણ આપણા અહલે સુન્નતના ચોટીના ઉલમાએ જ જાહેર કરી છે અને વિગતે સરળ રીતે સમજણ પણ પાડી છે, અને તેના પરના વાંધાઓના જવાબો પણ ઉલમાએ આપ્યા છે. છતાં પણ તમે ન માનો તો ન માનો, તમો પહેલાંના હુકમને જ પકડી રાખો, તેના પર જ અમલ કરો, પણ જેઓ આ નવી ટેકનોલોજીના ફળ રૂપે પેદા થયેલ મોબાઈલની ખબરોને શર્તો સાથે માન્ય રાખી "ખબરે ઈસ્તફાદ઼ા" (સાચી પાકી ખબર) થકી ચાંદ થવાનુ માને છે તેમને તદ્દન ગલત તથા ગમે તે ભાષામાં વખોડો એ ક્યાંનો ઈન્સાફ છે ? આ બાબતે **ફિકહી સેમીનાર બોર્ડ-દિલ્હી** થકી ૧૩–જમા. આખર હિ.સ. ૧૪૨૬, અં.તા. ૨૦–૭–૨૦૦૫ના રોજ હઝરત અલ્લામા મુહમ્મદઅહમદ મિસ્બાહી સાહબ મુબારકપૂરી તેમજ મોહક્કિ઼ક઼ે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબ (મુબારકપુર) તેમજ જામિઆ અશરફિયા–મુબારકપુરના તથા હિંદના અન્ય ઈદારાઓના અગ્રગણ્ય મુફતીઓની મૌજૂદગીમાં સેમીનાર યોજાયો, તેમાં "ખબરે ઈસ્તેફાદ઼ા"ની મોબાઈલ થકી સાબિતીને કેટલીક શરતોની પાબંદી સાથે માન્ય રાખેલ છે. એટલું જ નહીં "જામિઆ અશરફિયા–મુબારકપુર" થકી થતા સેમીનારમાં (ઈંદોર ખાતે) આ ફેંસલાને સમર્થન કરવામાં આવેલ છે. અહલે સુન્નતના ઉલમા મુફતીઓની એક મોટી જમાઅતે જ્યારે કેટલાય દિવસની ચર્ચાઓ, બહષો પછી કોઈ ફેંસલો લીધો છે તો તેમની તેહક઼ીક઼ને સદંતર ગલત કહી દેવી અને અસભ્ય શબ્દોમાં સોશ્યલ મીડિયા પર જંગ ચલાવવી, વ્યક્તિગત આક્ષેપો કરી એકબીજાને હલકા સાબિત કરવું એ પણ ક્યાં શરીઅતમાં જાઈઝ છે ?

### આવો ! નિષ્પક્ષપણે વાંચો, અને દિલને ઈત્મિનાન થાય તો જ સ્વીકારશો

અમોએ આ વિષયે (૧) સપ્ટે. ૨૦૧૪ (૨) ઓક્ટો. ૨૦૧૪ તથા (૩) જૂન–૨૦૧૬ના "બરકાતે ખ્વાજા"ના અંકોમાં સવિસ્તાર આ મસ્અલાની છણાવટ કરી છે તેમજ એક કિતાબ **"મોબાઈલની ખબરોથી શરઈ ઈસ્તેફાદ઼ાનો હુકમ"**ના નામથી પ્રસિધ્ધ કરી ફ્રીમાં વહેંચી છે, જેનો અભ્યાસ કરી શકો છો. (*www.barkatekhwaja.net* પર પણ વાંચી શકશો)

સામાન્યતઃ આજકાલ એવું ફેલાવવામાં આવે છે ચાંદની સાબિતી કેવી રીતે થઈ ?! ચાંદ આપણે ત્યાં દેખાયો ? અથવા ગવાહી મળી ?! પબ્લિક બીચારી ભોળી કિતાબો ન વાંચવાથી અજ્ઞાન રહેતી હોવાથી અટવાઈ પડી મુંઝવણમાં મૂકાયને પરેશાન થઈ જાય છે. **તો આ વહેમ કે ચાંદ દેખાય અથવા ગવાહી મળે તો જ ચાંદની સાબિતી થાય એને દૂર કરવા આ સવાલ જવાબ વાંચી જાવ.** જેના જવાબ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી (સદર મુફતી : જામિઆ અશરફિયા–મુબારકપુર) સાહેબે આપેલા છે.

**સવાલ : સામાન્યતઃ લોકોમાં એવો ખયાલ પ્રવર્તે છે કે ચાંદની સાબિતી ''ચાંદ જોવાથી'' કે ''ગવાહી મળવાથી'' જ થઈ શકે છે.** એના સિવાય બીજા તરીક઼ાઓ વિશે સામાન્ય પબ્લિકમાં અજાણતા પ્રવર્તે છે. તો વિનંતિ છે કે ચાંદની સાબિતીના કેટલા તરીક઼ા છે અને કયા કયા તે દર્શાવશો.

**જવાબ** : ચાંદની સાબિતીના **નવ તરીક઼ા** છે :–

**૦૧.** રૂયતે આમ : એટલે મોટાભાગે લોકોનું ચાંદ જોવું.

**૦૨.** રૂયતે ખાસ : ખાસ કોઈ પુરૂષ કે સ્ત્રીનું ચાંદ જોવું. ખાસ રમઝાનના ચાંદ માટે શરીઅતે ખાસ સ્થિતિમાં ''રૂયતે ખાસ''ને દલીલ માની છે.

**૦૩.** શહાદતે રૂયત : એટલે ચાંદ જોવાની ગવાહી.

**૦૪.** શહાદત અલશ્શહાદત : એટલે ચાંદ જોવાની ગવાહી પર ગવાહી.

**૦૫.** શહાદત અલલ ક઼ઝા : એટલે કે ક઼ાઝીના ફૈંસલા પર ગવાહી.

**૦૬.** કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી : એટલે એક શહેરના ક઼ાઝીનો પત્ર બીજા શહેરના ક઼ાઝીના નામે.

**૦૭.** ઈસ્તેફ઼ાદ઼ા : ચાંદની સાચી તથા પાકી ખબરની ખ્યાતિ.

**૦૮.** ઈકમાલે ઈદ્દત : એટલે મહીનાના ૩૦ દિવસ પૂરા કરી લેવા.

**૦૯.** ચાંદ સાબિત થતાં ટોપ (ફ઼ોડીને) તથા ઢંઢેરો પીટીને વગેરે વડે એલાન.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ નવ તરીક઼ાઓને પોતાના સમૃધ્ધ તથા સંક્ષિપ્ત શબ્દો વડે સાત તરીક઼ાઓમાં સમાવી આપેલ છે જે આપની કિતાબ ''તુરુક઼ે અષ્બાતે હિલાલ''માં વિગતવાર વર્ણન થયેલ છે.

હદીષે પાકમાં ચાંદ જોઈને રોઝા રાખવા અને ચાંદ જોઈને રોઝા છોડવાનો હુકમ આપવામાં આવ્યો છે. સાથોસાથ જ આ હિદાયત પણ આપવામાં આવી છે કે કોઈ કારણે ૨૯ તારીખે ચાંદ ન જુઓ તો ત્રીસ તારીખો પૂરી કરી લો.

આ રીતે જોવામાં આવે તો હદીષે નબવીમાં ચાંદની સાબિતીના ત્રણ તરીક઼ા વર્ણન થયેલ છે : રૂયતે આમ (આમ લોકોનું ચાંદ જોવું), રૂયતે ખાસ એટલે ખાસ લોકોનું ચાંદ જોવું, અને ઈકમાલે ઈદ્દત એટલે ૩૦ની ગણત્રી પૂરી કરવી. બાકીના તરીક઼ાઓનો તાબઈન તથા મુજતહીદ ફ઼ક઼ીહોએ વધારો કર્યો, અને નવમો તરીક઼ો તો અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہએ એક શાફઈ મઝહબના ફ઼ક઼ીહથી નક઼લ કર્યો, જેને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ માન્ય રાખ્યો. એટલા માટે આપણે પણ એને માનીએ છીએ, નહીં તો આપણા મઝહબ (હનફ઼ી)ની કિતાબોમાં એનો ઉલ્લેખ નથી. હા ! જેટલા તરીક઼ાઓ બાદમાં ઉમેરાયા હક઼ીક઼તમાં એ સર્વથી ચાંદ દેખાયાની જ સાબિતી થાય છે. એટલા માટે એ તમામે તમામ હદીષે નબવી પર જ અમલની વિવિધ સ્થિતિઓ છે અને હદીષે પાકની રૂહ દરેક જગાએ કાર્યરત છે.

પબ્લિકને જરૂરત પ્રમાણે જેટલું બતાવવામાં આવ્યું એટલું જ તે જાણે છે, પણ જરૂરત છે કે ઈલ્મે દીનને આમ કરવામાં આવે અને આ'લા હઝરત رحمۃ اللہ علیہની તેહક઼ીક઼ાતને ઘેર ઘેર પહોંચાડવામાં આવે જેથી તેઓ અજ્ઞાનતાના કારણે કોઈ શરઈ મસ્અલાનો ઈન્કાર ન કરી બેસે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ શું મોબાઈલ થકી ''ખબરે ઈસ્તેફાદા''ની સાબિતી આ'લા હઝરતથી વિરૂધ્ધ છે ? ★

**સવાલ** : અમને એ ખબર મળી છે કે આપ ટેલીફોન તથા મોબાઈલ થકી ઈસ્તેફાદાની સાબિતીને માનવાવાળા છો, જ્યારે કે ફતાવા રઝવિય્યહ, ભાગ–૪, પેજ નં.–૫૨૮ પર છે કે, ''ટેલીફોન કરનાર જો સાંભળનારની નજરો સમક્ષ ન હોય તો શરઈ બાબતોમાં એનો કોઈ એતબાર નથી, ભલે અવાજ પહેચાની લેવામાં આવે, કેમ કે અવાજ મલતો જુલતો અવાજ પણ હોય છે. જો તે કોઈ શહાદત (ગવાહી) આપે તો વિશ્વાસપાત્ર ગણાશે નહીં, અને જો કોઈ વાતનો ઈકરાર (સ્વીકાર) કરે તો સાંભળનારને એના પર ગવાહી આપવાની ઈજાઝત નથી.'' આ લખાણથી પુરવાર થાય છે કે મોબાઈલ વગેરેથી ચાંદ સાબિત નથી થઈ શક્તો.

**જવાબ** : જેમણે પણ આ સવાલ કર્યો છે, સારો કર્યો છે ! અને એનાથી ઈન્શાઅલ્લાહુ તઆલા એક ગલતફહમી દૂર થઈ જશે. જુઓ ! બે ચીજો છે : એક છે **ખબર** અને એક છે **શહાદત (ગવાહી)**. ખબરને શહાદતનો દરજો નથી આપી શકાતો, અને શહાદત (ગવાહી)ના માટે કેવળ ખબરની શરતો પૂરતી નથી. **ખબર** અને **શહાદત** આ બે ચીજો છે. શહાદતનો અર્થ આવે છે, રૂબરૂ હોવું, નજરો સમક્ષ હોવું, સામે હોવું. શાહિદ જેને ગવાહ કહે છે તેનો અર્થ છે હાજર, રૂબરૂ, નજરો સમક્ષ, આપની સામે હોય, જે સામે હશે, હાજર હશે તે જ શાહિદ (ગવાહ) થશે. નજરો સમક્ષ ન હોય તે ગવાહ થઈ શકશે નહીં. શહાદતનો અર્થ છે રૂબરૂ સામે હોવું, હાજર હોવું, જે સામે હશે હાજર હશે તે જ શાહિદ થશે. નજર સામે ન હોય તે શાહિદ (ગવાહ) નથી થઈ શક્તો. જે નજરો સામે જ ન હોય તે ગવાહ કેવી રીતે થશે અને તેનું બયાન ગવાહી કેવી રીતે ગણાશે ?!

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ જે ફર્માવ્યું તે ૧૦૦% હક્ક઼ છે. આમન્ના વ સદ્દક઼ના. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْના લખાણને સમજવું જરૂરી છે. ફતાવા રઝવિય્યહ જો પઢવામાં આવે તો તેને સમજવાની કોશિશ પણ કરવામાં આવે. કેવળ ફતાવા રઝવિય્યહનું નામ લઈ લેવું પૂરતુ નથી ! મેં ઘણીવાર મારી દર્સગાહોમાં અને મજમાઓમાં ઉલમાની સમક્ષ કહ્યું છે કે આજે સૌથી મોટો મુફ્તી તે છે જે ફતાવા રઝવિય્યહને સૌથી અધિક સમજે છે. ફતાવા રઝવિય્યહનું નામ લેવું અલગ છે અને સમજવું અલગ છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ શું ફર્માવે છે કે આ લખાણનો સંબંધ શહાદતથી છે ખબરથી નથી. એનો મતલબ એ થયો કે શરઈ બાબતોમાં શહાદત ત્યારે વિશ્વસનીય થશે જ્યારે ફોન કરનાર નજરો સમક્ષ હોય, સામે નહીં હોય તો શહાદત વિશ્વાસપાત્ર થશે નહીં. નજરો સમક્ષ હોવાની શરત ખબરમાં હોતી જ નથી ! એ કેવળ શહાદતમાં હોય છે. એ જ કારણે આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ એના પછી વર્ણન કરતાં ફર્માવે છે કે, ''જેથી જો કોઈ શહાદત આપે છે તો શહાદત વિશ્વસનીય થશે નહીં, કોઈ ફોન કરે છે તો સાંભળનાર એની ગવાહી નથી આપી શક્તો કે ફલાણાએ ઈકરાર કર્યો છે. કેમ કે અવાજ મુશાબિહ (મલતો જુલતો) અવાજ હોય શકે છે. આ પૂરા ફત્વાનો સંબંધ શહાદત સાથે છે. આમને સામને હોવું શાહિદ (ગવાહ) માટે જરૂરી હોય છે, ખબર માટે નથી. અને ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે શહાદત સાથે નથી. હવે એ વાતને આપ સમજી લો કે ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે. શહાદત (ગવાહી) સાથે નથી.

જરા એક વાત આપ લોકો વિચારો ! આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે કે શરઈ બાબતોમાં ટેલીફોનનો કોઈ એતબાર નથી જ્યારે કે ટેલીફોન કરનાર સામે ન હોય, નજરો સમક્ષ ન હોય. એ વાતને દિમાગમાં રાખીને આપ વિચારો કે **જો એનો સંબંધ ખબર સાથે હોય તો** શું આજે દુનિયામાં કોઈ પણ આ ફત્વા પર અમલ કરે છે ? ! આજે આપણી પાસે સેંકડો ઉલમા મૌજૂદ છે અને દુનિયામાં હજારો ઉલમા મૌજૂદ છે અને હું સમજુ છું કે જેટલા ઉલમા છે સર્વ ઉલમાની પાસે શરઈ બાબતોમાં પોતાના દીની મસાઈલ સમજવા માટે લોકો

ફોન કરે છે અને આ આપણા ઉલમાએ કિરામ એમને જવાબ આપે છે અને ઉલમાએ કિરામ ફોન પર જે જવાબ આપે છે તે જવાબ વિશ્વસનીય તથા ભરોસાપાત્ર ઠરાવવામાં આવે છે. **આ શરઈ બાબતોમાં ટેલીફોનનો કે મોબાઈલનો એતબાર થયો કે ન થયો ?!** અને આજે જે આલિમ જેટલો મોટો છે તેને એટલા જ વધુ પ્રમાણમાં ફોન પર સવાલો કરવામાં આવે છે. આજે અમેરિકાથી અનેક લોકો સવાલો કરે છે આપણા મોટા ઉલમાને અને અહીં હિંદુસ્તાનથી આપણા મોટા ઉલમા જવાબ આપે છે તો ત્યાં એમના ફત્વાના પ્રમાણે હુકમ લાગુ કરી દેવામાં આવે છે, અને તેના પર અમલ કરવામાં આવે છે. **શરઈ બાબતોમાં આ ટેલીફોનનો એતબાર થયો કે ન થયો ?** રોજ લાખો વાર શરઈ બાબતોમાં ટેલીફોનનો એતબાર ઉલમાના બતાવેલ મસાઈલ પર વિશ્વાસ કરવામાં આવી રહ્યો છે. જો આ વાત હક્ક છે તો દિમાગને કસવું જોઈએ કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના આ લખાણનો શો મતલબ છે ? આ લખાણનો મતલબ ફક્ત એ જ છે કે જે મેં અર્ઝ કર્યો છે કે **આ લખાણનો સંબંધ ખબર સાથે નથી બલ્કે શહાદત સાથે છે.** આપણે મસાઈલ જે બતાવીએ છીએ ટેલીફોન પર, આપણે મસાઈલ જે બતાવીએ છીએ મોબાઈલ પર, એ સર્વ મસાઈલ ખબરના પ્રકરણથી છે અને ખબરના બારામાં એ ઉલમાની ખબરનો એતબાર છે, ખબરના બારામાં સાલેહીનની ખબરનો એતબાર છે, ખબરના બારામાં નેક લોકોની ખબરનો એતબાર છે, ખબરના બારામાં હાફિઝોની ખબરનો, કારીઓની ખબરનો, ઉલમાની ખબરનો, દીનદાર હાજીઓની ખબરનો, સૌની ખબરનો એતબાર છે.

જયારે હવે આ વાત સમજી લીધી તો હવે સાંભળો ! **ચાંદની સાબિતી કેવળ શહાદત (ગવાહી)થી જ નથી થતી. શહાદતથી પણ થાય છે અને ઈસ્તેફાદાથી પણ થાય છે.** ઈસ્તેફાદા શું ચીજ છે ? ઈસ્તેફાદાનો અર્થ છે : "સાચી તથા પાકી ખબરનું મશહૂર થઈ જવું." અમારા એક આલિમે ચાંદ જોઈ લીધો દિલ્હીમાં અને તેમણે અમને ફોન કર્યો કે હું અલ્લાહની કસમ ખાયને કહું છું કે મેં પોતે મારી આંખો વડે રમઝાનનો ચાંદ જોયો. મુંબઈથી બીજા આલિમે પણ એ જ પ્રકારનો ફોન કરી આપ્યો. કલકત્તાથી ત્રીજા આલિમે ફોન કરી આપ્યો. મદ્રાસથી ચોથા આલિમે ફોન કરી આપ્યો, હુબ્લીથી પાંચમા આલિમે ફોન કરી આપ્યો... સારાંશ કે ૧૨ શહેરોએથી ૧૨ આલિમોએ, હાફિઝોએ, કારીઓએ, નેક લોકોએ ફોન કરી આપ્યો. તો પણ આપણે આ તરફથી ફોન કરીને ત્યાંના દીનદાર લોકો સાથે તેહકીક કરી લીધી કે આ લોકો સાચા પાકા છે ?! તો ત્યાંથી આપણા દીનદાર ઉલમાએ તસ્દીક (સમર્થન) કરી આપી કે એઓ સાચા છે, સાલેહ છે, નેક છે, એમની સદાકત (સચ્ચાઈ)માં જરા બરાબર કોઈ શંકા નથી કરી શકાતી. અને વળી તેઓ અલ્લાહની કસમ ખાયને બયાન આપી રહ્યા છે કે તેમણે પોતે પોતાની આંખો વડે ચાંદ જોયો, તો આ ખબર સાચી પણ છે, પાકી પણ છે. અને જયારે દસ, બાર, ચૌદ લોકો ખબર આપી રહ્યા છે તો આ ખબર શોહરત (ખ્યાતી)ની હદે પહોંચી પણ ગઈ છે. હવે એને ફિકહની બોલીમાં શું કહીશું ? "ઈસ્તેફાદા, ઈસ્તેફાદાએ ખબર" **જયારે શરઈ બાબતોમાં ખબરના બાબમાં સાચી તથા પાકી ખબરનો એતબાર દરરોજ કરવામાં આવે છે તો હજારોવાર કરવામાં આવે છે. આખી દુનિયાને લક્ષમાં રાખી જોવામાં આવે તો લાખોવાર કરવામાં આવે છે. તો રમઝાનના મોકાએ તથા ઈદના મોકાએ જો ઉલમા, હાફિઝો, કારીઓ, તથા નેક લોકો ચશ્મદીદ (પોતાની આંખો વડે જોયેલ) ખબર આપે તો આ સાચી તથા પાકી ખબરનો એતબાર કેમ નહીં કરવામાં આવે ?!** એના બારામાં જો ફતાવા રઝવિય્યહના લખાણને પેશ કરવામાં આવે છે તો આપ તુરંત જ કહી આપો કે આ લખાણનો સંબંધ ગવાહી સાથે છે ખબર સાથે, ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે, શહાદત સાથે નથી. **"ઈસ્તેફાદાએ ખબર" એ ચાંદની સાબિતીના તરીકાઓમાંથી એક મજબૂત તરીકો છે.** આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ و الرِّضْوَانُ એ

ફતાવા રઝવિય્યહ, ભાગ–૪માં લખ્યું છે કે, **"શહાદત (ગવાહી)થી પણ મજબૂત તરીક઼ો છે."** જ્યારે શહાદતથી ચાંદ સાબિત થઈ જાય છે તો ઈસ્તેફાદ઼ાએ ખબરથી એથી પણ અધિક કક્ષાએ ચાંદની સાબિતી થઈ જશે. એટલા માટે "જામિઆ અશરફિયા (મુબારકપુર)"ના ઉલમાએ મજલિસે શરઈમાં અન્ય હિંદુસ્તાનના ઘણા બધા ઉલમાની રાયની એકમતિએ એ ફૈંસલો બહાર પાડયો કે "ઈસ્તેફાદ઼ાએ ખબર" થઈ જાય ચાંદના બારામાં તો એનાથી પણ ચાંદની સાબિતી થઈ જશે. અને આજે આસાની માટે એના પર ફત્વો આપવામાં આવે છે અને એના પર અમલ કરવામાં આવે છે.

આપ કહી શકો છો કે તો પછી કાલ સુધી એના પર અમલ કેમ કરવામાં ન આવ્યો, અને આજે એવું શાથી થયું ?! આપના દિલમાં એ વાત પેદા થઈ શકે છે, અને નહીં પેદા થાય તો જ્યારે આપ અહીંથી બહાર જશો તો કેટલાક લોકો આપના દિલમાં એ વસવસો પેદા કરશે ! કેમ કે વસવસો પેદા કરનારા ઘણા લોકો છે, તેઓ જે પ્રકારના પણ હોય, તો એ વસવસાને પણ દૂર કરતા ચાલો. કાલે મોબાઈલ હતો નહીં. આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના જમાનામાં મોબાઈલ ન હતો. ટેલીફોન હતો પણ એ ખૂબ જ મર્યાદિત હતો. જો પૂરા દેશમાંથી ચાંદની ખબર આવતી તો તેની તેહક઼ીક઼ થઈ શક્તી ન હતી કે ખબર આપનાર સાચુ બોલી રહ્યો છે કે જૂઠુ બોલી રહ્યો છે, જેથી ખબર ન સાચી હોય શક્તી હતી ન પાકી. પણ આજે અલ્હમ્દુલિલ્લાહ ! અમારી સાથે આઠ દસ જણની ટીમ બેસી જાય છે અને પૂરા હિંદુસ્તાનમાં છાનબીન કરી લેવામાં આવે છે કે ક્યાં ક્યાંની ખબર સાચી છે, પાકી છે અને ક્યાં ક્યાંની ખબર ગલત છે. ક્યાં ક્યાં હાફિઝોએ, ચાંદ જોયો, ક઼ારીઓએ ચાંદ જોયો, નેક લોકોએ ચાંદ જોયો..... અલ્હમ્દુલિલ્લાહ ! ઉલમા, હાફિઝો, ક઼ારીઓ, નેક લોકોના ક઼સમપૂર્વકના બયાનને લઈને એના પ્રમાણે જ્યારે સાચી પાકી ખબર ચાંદની મશહૂર થઈ જાય છે તો "ઈસ્તેફાદ઼ાએ ખબર"ના રૂપે ચાંદ થઈ જવાનો ફૈંસલો તથા એલાન કરી દેવામાં આવે છે. અને અલ્હમ્દુલિલ્લાહ ! પૂરા પૂર્વ યુ.પી.માં એના પર અમલ થઈ રહ્યો છે તથા પશ્ચિમ યુ.પી.માં પણ એના પર અમલ થઈ રહ્યો છે બલ્કે અલ્હમ્દુલિલ્લાહ ! અહીંથી નીકળીને અન્ય રાજ્યોમાં પણ લોકો અમારાથી જોડાઈ ચૂક્યા છે અને એના પર અમલ કરી રહ્યા છે.

*–(ઉર્સે હાફિઝે મિલ્લત હિ.સ. ૧૪૩૭ના પ્રસંગે મુબારકપુર જલસા દરમ્યાન હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી થકી)*

## ★ જતાં જતાં છેલ્લી વાત ! ★

હા ! જે ચાંદ કમિટીવાળા ફક્ત એક ઘંટડી ગમે ત્યાંથી રણકી અને કોઈએ કહી દીધું કે મેં ચાંદ જોયો અને તેની શરતો મુજબ તેહક઼ીક઼ નથી કરતા અને એલાન કરી નાખે છે તેમના એલાનને અમો પણ રદ કરીએ છીએ. જે તરીક઼ો હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબે સેમીનારો થકી ઉલમાની સહમતિએ પેશ કર્યો એ રીતે તેહક઼ીક઼ પૂર્ણ કરીને ચાંદની સાબિતીનું એલાન જે તે જિલ્લાના મુફતી કરે તો એ માન્ય તરીક઼ો ગણાશે. અને એના માટે **"ઈદારાએ શરઈય્યહ ભરૂચ"**ની સ્થાપ્ના **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કરવામાં આવેલ છે જ્યાંના સદર મુફતી પૂરી તેહક઼ીક઼ બાદ જ એલાન કરે છે.

હવે જે ભાઈઓને હજીય સમય તથા સંજોગની તબદીલીમાં બદલાતા હુકમો માન્ય ન હોય તો તે પોતાની રીતે અસલ હુકમ મુજબ રમઝાન શરૂ કરે અને ઈદ કરે એ એની રીતે સહીહ છે તે અસલ હુકમ પર ચાલે છે, પણ બીજાઓ પર આક્ષેપબાજી તથા થર્ડ ડિગ્રીનો પ્રચાર ન કરે, નહીં તો એ જાણે એમનો રબ જાણે !

પણ "આજ નહીં તો કલ સહી" આ મોર્ડન ટેકનોલોજીના દૌરમાં ધીરે ધીરે સૌએ ઉપરોક્ત લેખમાં સમજાવેલ મસ્અલાને ગળે ઉતારવો પડશે, નહીં તો પછી સૌએ ઉલઝનોમાં અટવાતા રહેવું પડશે. અલ્લાહ બેહતર જાણનારો છે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

يَّوْمَ تَبْيَضُّ وُجُوْهٌ وَّ تَسْوَدُّ وُجُوْهٌ ۚ فَاَمَّا الَّذِيْنَ
اسْوَدَّتْ وُجُوْهُهُمْ ۟ اَكَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ
فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿١٠٦﴾ وَ اَمَّا
الَّذِيْنَ ابْيَضَّتْ وُجُوْهُهُمْ فَفِيْ رَحْمَةِ اللّٰهِ ؕ هُمْ
فِيْهَا خٰلِدُوْنَ ﴿١٠٧﴾ تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ
بِالْحَقِّ ؕ وَ مَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ ﴿١٠٨﴾ وَ لِلّٰهِ مَا
فِي السَّمٰوٰتِ وَ مَا فِي الْاَرْضِ ؕ وَ اِلَى اللّٰهِ تُرْجَعُ
الْاُمُوْرُ ﴿١٠٩﴾ كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ
تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ
تُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ وَ لَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا
لَّهُمْ ؕ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَ اَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ ﴿١١٠﴾
لَنْ يَّضُرُّوْكُمْ اِلَّاۤ اَذًى ؕ وَ اِنْ يُّقَاتِلُوْكُمْ يُوَلُّوْكُمُ
الْاَدْبَارَ ۟ ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١١١﴾ ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*જે દિવસે અમુક મોઢાંઓ ઉજળાં હશે અને અમુક મોઢાંઓ કાળાં, તો તેઓ જેમનાં મોઢાંઓ કાળાં થયાં[૨૪] શું તમે ઈમાન લાવીને કાફિર બન્યા?[૨૫] તો હવે અઝાબ ચાખો, પોતાના કુફ્રનો બદલો (૧૦૬) અને તેઓ જેમનાં મોઢાં ઉજળાં થયાં[૨૬] તેઓ અલ્લાહની રહમતમાં છે. તેઓ હમેશાં તેમાં રહેશે (૧૦૭) આ અલ્લાહની આયતો છે કે અમે ઠીક ઠીક તમારા પર પઢીએ છીએ. અને અલ્લાહ જગતવાળાઓ પર જુલ્મ નથી ઈચ્છતો[૨૭] (૧૦૮) અને અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે. અને અલ્લાહની જ તરફ સર્વે કામોને પરત (થવાનું) છે (૧૦૯) તમે શ્રેષ્ઠ છો[૨૮] તે બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ કરો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો. અને જો કિતાબવાળાઓ ઈમાન લાવતે[૨૯] તો તેમનું ભલું હતું, તેમનામાં અમુક મુસલમાન છે[૩૦] અને વધુ કાફિર (૧૧૦) તેઓ તમારું બગાડશે નહીં પણ એ જ સતાવવું[૩૧] અને તમારી સાથે લડે તો તમારી સામેથી પીઠ ફેરવી જશે[૩૨] પછી તેમની મદદ*

اَیۡنَ مَا ثُقِفُوۡۤا اِلَّا بِحَبۡلٍ مِّنَ اللّٰهِ وَ حَبۡلٍ مِّنَ النَّاسِ وَ بَآءُوۡ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَ ضُرِبَتۡ عَلَیۡهِمُ الۡمَسۡکَنَةُ ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ کَانُوۡا یَکۡفُرُوۡنَ بِاٰیٰتِ اللّٰهِ وَ یَقۡتُلُوۡنَ الۡاَنۡۢبِیَآءَ بِغَیۡرِ حَقٍّ ؕ ذٰلِكَ بِمَا عَصَوۡا وَّ کَانُوۡا یَعۡتَدُوۡنَ ﴿۱۱۲﴾

*નહીં થાય (૧૧૧) તેમના પર ચોંટાડી દેવામાં આવી બેઈજ્જતી. જ્યાં હોય શાંતિ નહીં પામે[33] પણ અલ્લાહની રસ્સી[34] અને આદમીઓની રસ્સી વડે[35] અને ગઝબે ઈલાહીને પાત્ર ઠર્યા અને તેમના પર ચોંટાડી દેવામાં આવી મોહતાજી[36] આ એટલા માટે કે તેઓ અલ્લાહની આયતોથી કુફ્ર કરતા અને પૈગમ્બરોને નાહક શહીદ કરતા (રહ્યા છે) આ એટલા માટે કે (તેઓ) હુકમનું ઉલ્લંઘન કરનાર અને માથુ ઊંચકનાર હતા (૧૧૨)*

## :: સમજૂતી ::

**૨૪** : એટલે કે કાફિરો, એમને ઘરકાવીને કહેવામાં આવશે.

**૨૫** : આ સંબોધન કયાં તો બધા કાફિરોને છે. એ હાલતમાં ઈમાનથી મીષાકના દિવસનું ઈમાન મુરાદ છે. જ્યારે અલ્લાહ તઆલાએ તેમને ફર્માવ્યું હતું, શું હું તમારો રબ નથી ? બધાએ બલા (કેમ નથી ?!) કહ્યું હતું, અને ઈમાન લાવ્યા હતા. જ્યારે દુનિયામાં કાફિર બન્યા ત્યારે તેમને ફર્માવવામાં આવે છે કે મીષાક઼ના દિવસે ઈમાન લાવ્યા પછી તમે કાફિર થયા ? હસનનું કથન છે કે એનાથી મુનાફિક઼ો મુરાદ છે, જેમણે ઝબાનથી ઈમાન જાહેર કર્યું હતું પણ તેમનાં દિલ મુન્કિર હતાં. ઈકરમાએ કહ્યું કે તેઓ એહલ કિતાબ છે જેઓ સૈયદે આલમ ﷺના જાહેર થતાં પહેલાં તો આપના પર ઈમાન લાવ્યા હતા ને હુઝૂર ﷺના જાહેર થયા પછી આપનો ઈન્કાર કરીને કાફિર બની ગયા. એક કથન એવું છે કે એ સંબોધન મુર્તદોને છે જેઓ ઈસ્લામ લાવીને ફરી ગયા અને કાફિર થઈ ગયા.

**૨૬** : એટલે કે ઈમાનવાળાઓ જેઓ તે દિવસે અલ્લાહના કરમથી ખુશખુશાલ હશે, તેમના ચેહરાઓ ચમકતા હશે, જમણી બાજુ, ડાબી તરફ અને આગળ નૂર હશે.

**૨૭** : ''અય મુહમ્મદી ઉમ્મત'' !

**શાને નુઝૂલ** : યહૂદીઓમાંથી માલિક બિન સૈફ અને વહબ બિન યહૂદાએ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما વગેરે સહાબાને કહ્યું કે અમે તમારાથી ઉત્તમ છીએ અને અમારો ધર્મ તમારા દીનથી સારો છે જેનું તમે અમને નિમંત્રણ આપો છો, તે બાબત આ આયત ઉતરી.

તિર્મિઝીની હદીષમાં છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહી પર એકમત નહીં કરે, અને અલ્લાહ તઆલાની રહમતનો હાથ ''જમાઅત'' પર છે જે ''જમાઅત''થી છૂટો પડયો તે દોઝખમાં ગયો.

**૨૯** : હુઝૂર ﷺ પર.

**૩૦** : જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ યહૂદીઓમાંથી અને નજાશી તેમજ તેમના સાથીદારો નસારામાંથી.

**૩૧** : મોઢેથી મ્હેણાં ટોણાં મારવાં આને ધમકી ઉચ્ચારવી વગેરે દ્વારા. **શાને નુઝૂલ** : યહૂદીઓમાંથી જે લોકો ઈસ્લામ લાવ્યા હતા. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ અને તેમના સાથીદારો. યહૂદી સરદારો વધુ પેજ 12 પર..

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

***હદીષ :*** *હઝરત ઓબૈદુલ્લાહ ઈબ્ને અદી ઈબ્ને ખિયાર رضی اللہ عنہથી[૧] રિવાયત છે કે તે હઝરત ઉષ્માનની પાસે ગયા જ્યારે કે આપ ઘેરાવમાં હતા[૨] અર્ઝ કરી કે આપ આમ લોકોના ઈમામ છો અને આપના પર તે બલા ઉતરી છે જેને આપ જોઈ રહ્યા છો, અને અમને ફિત્ના (બાગીઓ)નો ઈમામ નમાઝ પઢાવી રહ્યો છે[૩] એમાં અમે વાંધો સમજીએ છીએ. આપે ફર્માવ્યું કે નમાઝ માણસના સર્વ અમલો કરતાં બેહતર છે, તો જ્યારે (એ) લોકો ભલાઈ કરે તો તમો પણ એમની સાથે ભલાઈ કરો[૪] અને જ્યારે બુરાઈ કરે તો તમે તેમની બુરાઈથી બચો. (બુખારી શરીફ)*

***નમાઝના ફઝાઈલનું પ્રકરણ[૫] :*** *(પ્રથમ વિભાગ) હઝરત ઓમારા, ઈબ્ને રુવૈબાથી ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, તે શખ્સ આગમાં કદાપિ દાખલ ન થશે જે સૂરજ નીકળવા તથા ડૂબવાથી પહેલાંની નમાઝો પઢતો રહે. એટલે ફજર તથા અસ્ર[૬]. (મુસ્લિમ)*

*હઝરત અબૂ મૂસાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે બે ઠંડી નમાઝો પઢયા કરે તે જન્નતમાં જશે[૭]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાં રાત તથા દિવસના ફરિશ્તા વારા ફરતી આવે છે અને ફજર તથા અસ્રની નમાઝોમાં ભેગા થાય છે[૮]. પછી જે તમારામાં રાત પસાર કરે તે ચઢી જાય છે[૯] તેમને તેમનો રબ પૂછે છે, જો કે એ તેમના કરતાં અધિક જાણે છે, કે તમે મારા બંદાઓને ક્યા હાલમાં છોડયા[૧૦] ? તેઓ કહે છે કે અમે તેમને નમાઝ પઢતા છોડયા, અને જ્યારે અમે તેમની પાસે પહોંચ્યા હતા ત્યારે પણ તેઓ નમાઝ પઢી રહ્યા હતા[૧૧]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત જુન્દુબ કસરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ફજરની નમાઝ પઢી લે તે અલ્લાહની અમાનમાં છે[૧૨] જેથી તમારાથી અલ્લાહ પોતાની અમાનના બારામાં કાંઈ પૂછતાછ ન કરે[૧૩]. કેમ કે અલ્લાહ તઆલા જ્યારે કોઈનાથી પોતાના અહદ (વાયદા)ની પૂછતાછ કરશે તો તેને પકડી લેશે પછી તેને ઊંધા મોઢે દોઝખની આગમાં નાખી દેશે. (મુસ્લિમ) અને મસાબીહના અમુક નુસ્ખાઓમાં કસરીના બદલે કુશૈરી છે.*

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો લોકો જાણી લે કે અઝાન તથા પહેલી સફમાં શું સવાબ છે[૧૪] પછી ડ્રો કર્યા વિના એને ન પામી શકે તો ડ્રો કરે[૧૫]. અને જો જાણતા કે દોપહરીની (ઝહોરની) નમાઝમાં શું સવાબ છે, તો એની તરફ દોડીને આવતા[૧૬] અને જો જાણતા કે ઈશા તથા ફજરમાં શું સવાબ છે તો એમાં ઘસડાતા ઘસડાતા પણ પહોંચતા[૧૭]. (મુસ્લિમ, બુખારી)*

## :: સમજૂતી ::

**૧.** આપ અઝીમુશ્શાન તાબઈ છે. કરશી છે. ઝહરી તથા નૌફલ છે. હુઝૂર ﷺના જમાનામાં પેદા થઈ ચૂક્યા હતા, પણ આપને સમજ આવતા પહેલાં હુઝૂરની વફાત થઈ ગઈ.

**૨.** મિસ્રના બાગીઓએ આપને ખિલાફતથી ઉતારી પાડવા અથવા શહીદ કરવાના ઈરાદાથી આપનુ ઘર એવી રીતે ઘેરી લીધુ હતું કે આપ કેટલાય સમયથી નમાઝના માટે મસ્જિદે નબવીમાં ન આવી શક્યા અને આપના ઘરમાં પાણીનું એક ટીપુ ન જઈ શક્યું. આપની શહાદતનો આ બનાવ ઘણો લાંબો છે. અમુક કિતાબુલ મનાકિબમાં વર્ણન કરવામાં આવશે, ઈન્શા અલ્લાહ ! હઝરત ઓબૈદુલ્લાહ કોઈ રીતે આપની પાસે ઘરમાં પહોંચી ગયા.

**૩.** એટલે કે ખલીફતુલ મુસ્લિમીન તો આપ છે, આપને નમાઝ પઢાવવાનો હક્ક છે અથવા આપના નિયુક્ત કરેલા ઈમામને હતો, પણ હવે બાગીઓએ મસ્જિદે નબવી શરીફમાં પોતાનો ઈમામ નિયુક્ત કરી દીધો છે, અમે તેની પાછળ નમાઝ પઢીએ કે નહીં ?! બાગીઓના નિયુક્ત કરેલા ઈમામનું નામ કનાના બિન બશર હતું.

**૪.** એટલે કે નેક કામોમાં તેમની સાથે થઈ જાવ અને તેમની બુરાઈઓમાં શરીક ન થાવ ન તેમને મદદ કરો, નમાઝ નેક અમલ છે તેને એમની પાછળ પઢી લો. એનાથી જાણવા મળ્યું કે જો બદ્અકીદાની બદ્અકીદગી કુફ્ર સુધી ન પહોંચી હોય અને તે ઈમામ બની ગયો હોય તો તેની પાછળ નમાઝ પઢી લેવામાં આવે. આ જ એ હદીષનો મતલબ છે. કે દરેક નેક તથા ફાજિરની પાછળ (નમાઝ કરાહત સાથે થશે) નમાઝ પઢો. એ જ ફકીહો ફર્માવે છે.

**૫.** જો કે કિતાબુસ્સલાતના શરૂમાં નમાઝના ફઝાઈલ આવી ચૂક્યા છે, પરંતું ત્યાં નમાઝના ફઝાઈલ હતા અહીં નમાઝના સમયોના ફઝાઈલ છે. એટલા માટે એનું અલગ પ્રકરણ રચ્યું અને આ પ્રકરણ બાબુલ અવકાતના પછી રાખ્યું.

**૬.** એના બે અર્થો હોય શકે છે, એક એ કે ફજર તથા અસરની પાબંદી કરવાવાળો દોઝખમાં હમેશાં રહેવા માટે નહીં જાય, જો જશે તો થોડાક સમય માટે જશે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે અમુક લોકો કયામતમાં નમાઝો લઈને આવશે પણ તેમની નમાઝ હક્કવાળાઓને (જેમના હક્ક તેમણે માર્યા હશે) અપાવી દેવામાં આવશે. બીજુ એ કે ફજર તથા અસરની પાબંદી કરવાવાળાઓને ઈન્શા અલ્લાહ ! બાકીની નમાઝોની પણ તૌફીક મળશે અને સર્વ ગુનાહોથી બચવાની પણ. કેમ કે આ જ નમાઝો અધિક અઘરી છે, જ્યારે એના પર પાબંદી કરી લીધી તો ઈન્શા અલ્લાહ ! બાકીની નમાઝો પર પણ પાબંદી કરશે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે નમાઝના માટે કેવળ આ બે નમાઝો જ પૂરતી છે, બાકીનીની જરૂરત નથી. યાદ રાખશો કે આ બે નમાઝોમાં દિવસ રાતના ફરિશ્તા ભેગા થાય છે, તેમજ એ દિવસના છેડાઓની નમાઝો છે, તેમજ એ બંનેવ નફ્સ માટે ભારી છે કે સવાર સૂવાનો સમય છે અને અસર કારોબારને વિકસાવવાનો છે, જેથી એમનો દરજો વધારે છે.

**૭.** ઠંડી નમાઝોથી મુરાદ ફજર તથા ઈશા છે અથવા ફજર તથા અસર. બાકી તફસીર હમણા વર્ણન થઈ ચૂકી.

**૮.** અહીં ફરિશ્તાઓથી મુરાદ ક્યાં તો અમલો લખવાવાળા બે ફરિશ્તા છે અથવા માણસની હિફાઝત કરવાવાળા સાઈઠ ફરિશ્તા છે. દરેક નાબાલિગની સાથે ૬૦ ફરિશ્તા રહે છે અને બાલિગાની સાથે ૬૨. એટલા માટે નમાઝના સલામ તથા અન્ય સલામોમાં એમની નિય્યત કરવામાં આવે છે. એ ફરિશ્તાઓની

ડયૂટીઓ બદલાતી રહે છે, દિવસમાં તથા રાતમાં. પણ ફજર તથા અસરમાં પાછલા ફરિશ્તા જવા નથી પામતા કે આગલા ડયૂટીવાળા આવી જાય છે, જેથી આપણી શરૂઆત તથા છેવટના ગવાહો અધિક થાય.

**૯.** પોતાના હેડ કવાર્ટરની તરફ જ્યાં તેમનું સ્થાન છે.

**૧૦.** આ સવાલ ક્યાં તો તે ફરિશ્તાઓને ગવાહ બનાવવાના માટે છે અથવા નમાઝોની અઝમત તેમના દિલોમાં કાયમ કરવાના માટે છે. કેમ કે માણસની પેદાઈશના સમયે ફરિશ્તાઓએ કહ્યું હતું કે, હે રબ ! તું ફસાદી તથા ખૂનરેઝી કરવાવાળાઓને ખિલાફત શાથી આપી રહ્યો છે ? જાણવા મળ્યું કે પૂછવું એ અજ્ઞાનતાની દલીલ નથી. જો હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ કોઈને કોઈ વાત પૂછી તો એનાથી આપની બેઈલ્મી સાબિત નથી થતી.

**૧૧.** એનો મતલબ ક્યાં તો એ છે કે ફરિશ્તાઓ નમાઝીઓની પર્દાપોશી કરે છે કે આસપાસની નેકીઓનો ઉલ્લેખ કર અને દરમ્યાનના ગુનાહોથી ખામોશી અપનાવ. અથવા એ મતલબ છે કે હે મૌલા ! જે બંદાઓની શરૂઆત અને છેવટ આવી આ'લા હોય તેમના દરમિયાની અમલો પણ સારા હશે. જે દુકાનની બોણી સારી હોય એમાં હમેશાં બરકત જ રહે છે.

**૧૨.** એટલે કે ફજરની નમાઝ પઢવાવાળો. અલ્લાહની અમાનમાં એવો હોય છે જેવી રીતે કે ડયૂટીનો સિપાહી હુકૂમતની અમાનમાં હોય છે કે એની બેહુર્મતી (અપમાન) એ હુકૂમતનો મુકાબલો છે. યાદ રાખશો કે કલમાની અમાન અલગ પ્રકારની છે અને નમાઝની અલગ પ્રકારની છે. જેથી હદીષોમાં ટકરાવ નથી.

**૧૩.** એટલે કે એવું ન બને કે નમાઝીને સતાવો અને કયામતમાં સલ્તનતને ઈલાહિયહના બાગી બનીને પકડાય જાવ.

**૧૪.** જો કે અમે એ બંનેવના ફઝાઈલ ઘણા વર્ણવી આપ્યા, પરંતુ તેમ છતાંય જેવો કે હક્ક છે વર્ણન નથી થઈ શક્યા. તે તો જોઈને જ જણાય જશે. જાણવા મળ્યું કે ફી સબીલિલ્લાહ અઝાન તથા તકબીર કહેવી, અને નમાઝની પ્રથમ સફમાં ખાસ કરીને ઈમામની પાછળ ઉભા રહેવું ઘણુ જ બેહતર છે, એની મહાનતા વર્ણન નથી થઈ શકતી.

**૧૫.** એટલે કે દરેક શખ્સ ચાહે કે આ બંનેવ કામ હું કરું તો એમનામાં ઝઘડો પેદા થાય જેનો ફેંસલો ડ્રો પદ્ધતિથી થાય. જાણવા મળ્યું કે નેકીઓ માટે ઝઘડવું પણ ઈબાદત છે અને ડ્રો થકી ઝઘડો પતાવવો પસંદીદા છે.

**૧૬.** એટલે કે ઝોહર તથા જુમ્આની નમાઝ, ભલે મોડેથી હોય પણ તેના માટે જલ્દી પહોંચવું જેથી પ્રથમ સફોમાં જગ્યા મળે એ ઘણુ જ બેહતર છે. મદીના પાકમાં ઝોહરના માટે લોકો ૧૧ વાગ્યાથી જતા ખાસ કરીને જુમ્આના દિવસે.

**૧૭.** એટલે જો પગોમાં ચાલવાની શક્તિ ન હોય તો સીટો ઘસડીને પહોંચતા. એનાથી જાણવા મળ્યું કે મઅઝૂર પર જો કે મસ્જિદની હાજરી વાજિબ નથી પરંતુ જો પહોંચી જાય તો સવાબ પામશે. ઈશાને અતમહ ફર્માવવું મનાઈથી પહેલાં છે.

## ઈન્તેકાલ પૂરમલાલ !

**દયાદરા :** ખાતે આદમ ઈબ્રાહીમ આડીયા તા. ૩૧–૫–૨૦૧૮, જુમેરાત, મુ. ચાંદ ૧૫ રમઝાન હિ.સ. ૧૪૩૯ના રોજ લગભગ ૬૫ વરસની વયે ઈન્તેકાલ કરી ગયા છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ગોદમેં આલમે શબાબ હાલે શબાબ કુછ ન પૂછ**
**ગુલબને બાગે નૂર કી ઔર હી કુછ ઉઠાન હૈ**

*(આલમે શબાબ = યુવાનીનો સમય, ગુલબન = લાલ ગુલાબનુ ફૂલ)*

**અર્થાત :** મારા પ્યારા આકા ﷺએ જ્યારે આલમે શબાબ (યુવાનીમાં) ક઼દમ રાખ્યો તો તે વખતે તેમની યુવાનીની શાન શું હતી એનો અંદાઝ આપણે શું લગાડી શકીએ ! જે પોતાની વાલિદા અક઼દસના પેટ મુબારકમાં લોહે મહફૂઝ પર ચાલનારા ક઼લમના અવાજો સાભળે, અને જે પારણામાં પોતાની આંગળીને હરકત આપે તો ચાંદ હરકત કરીને તેમનું દિલ બહેલાવે. જ્યારે બચપન આવું છે તો જવાની કેવી શાનવાળી હશે ?! બસ એટલી વાત કહી શકાય છે કે આપની જવાની નૂરના બાગનું એક હસીન ફૂલ હતી જેની કાંઈ અજબની બુલંદી હતી.

*નમાઝે ઈશ્ક઼ કા ઈક રુકને મોહરતમ યહ હૈ–શબીહે સૈયદે કૌનૈન રૂબરૂ રખતા*

**તુઝસા સિયાહકાર કૌન ઉનસા શફીઅ હૈ કહાં !**
**ફિર ભી વો તુઝહી કો ભૂલ જાએ ! દિલ યહ તેરા ગુમાન હૈ**

*(સિયાહકાર = ગુનેહગાર, શફીઅ = શફાઅત કરનાર)*

**અર્થાત :** હે સરકારે મદીના ﷺના ગુનેહગાર ઉમ્મતી ! માન્યું કે તું ઘણો મોટો ગુનેહગાર છે, પરંતું નિરાશ શા માટે થાય છે ?! જો તારા જેવો કોઈ ગુનેહગાર નથી તો આપ علیہ الصلوٰۃ والسلام જેવો શફાઅત કરનાર પણ તો કોઈ નથી ! વળી તે જ્યારે ફર્માવે છે કે મારી શફાઅત મોટા મોટા ગુનેહગારો માટે છે, شَفَاعَتِیْ لِاَھْلِ الْکَبَائِرِ مِنْ اُمَّتِیْ ભલા ! આપ علیہ الصلوٰۃ والسلام તને ક઼યામતના મેદાનમાં ભૂલી જશે ?! હાય અફસોસ ! તાર પર ! આ તારી ભૂલ અને બાતિલ ગુમાન જ હોય શકે છે.

*ઉસ શખ્સ કો હૈ નારે જહન્નમસે ક્યા ખતર !–મેહશ્ર મેં જિસકો મિલ ગઈ ઈમદાદે આં હુઝૂર ﷺ*

**પેશે નઝર વો નવ બહાર સજદે કો દિલ હૈ બેક઼રાર !**
**રોકિયે સરકો રોકિયે ! હાં, યહી ઈમ્તિહાન હૈ**

*(પેશે નઝર = નજરો સમક્ષ, નવબહાર = વસંત ઋતુનું જોબન)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો જલ્વએ જહાંઆરા (નવ બહાર) આંખોની સામે હોય તો (આગલી ઉમ્મતો

માટે તા'ઝીમી સજદો જાઈઝ હોવાનો ખયાલ દિમાગમાં ચક્રાવો લે છે) દિલ બેક઼રાર થઈને સજદો કરવા ચાહે છે. (જેમ કે અગાઉ વિગતવાર વર્ણન આવી ગયું છે કે સહાબાએ કિરામે કેટલાક મોક઼ાઓ પર અર્ઝ કરી કે, હુઝૂર ! જ્યારે જાનવરો આપને સજદો કરે છે તો અમે કેમ ન કરીએ ?! એનો મતલબ એ થયો કે એ બેક઼રારી એમનામાં પણ હતી. પરંતુ ખબરદાર ! થોભી જાવ ! એવું ન કરશો. આ જ તો ઈમ્તિહાનની ઘડી છે, કે આપ علیہ الصلوٰۃ والسلامએ એનાથી મના ફર્માવ્યું છે અને ઈર્શાદ ફર્માવ્યો છે કે, જો સજદો અલ્લાહ સિવાય કોઈના માટે જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે પોતાના પતિઓને સિજદો કરે. હા ! એવું થઈ શકે છે કે :–

*શૌક઼ તેરા ન હો મેરી નમાઝ કા ઈમામ–મેરા ક઼યામ ભી હિજાબ મેરા સજૂદ ભી હિજાબ –(ડૉ. ઈક઼બાલ)*

*હર વક઼્ત નિગાહોંમેં ખયાલોંમેં વહી–મૈંને કભી અપને કો અકેલા નહીં દેખા –(રાઝ મુરાદાબાદી)*

**શાને ખુદા, ન સાથ દે ઉનકે ખિરામ કા વો બાઝ**
**સિદરાસે તા ઝમીં જિસે નરમ સી એક ઉડાન હૈ**

*(શાન = મર્તબો, મક઼ામ = ખિરામ = નાઝ ચાલ તથા અદાંઝવાળી)*

**અર્થાત :** અલ્લાહની શાન જુઓ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નાઝ તથા અંદાઝવાળી રફતારનો સાથ આપવાની સિદરતુલ મુન્તહાના શહબાઝ (સૈયદુલ મલાઈકા હઝરત જિબ્રઈલ علیہ السلام)માં પણ તાક઼ત ન રહી કે આપની સાથે જઈ શકતા ! અને વળી એ તો મહબૂબની બરકતથી તેમની સવારીની ઉડાન તથા પરવાઝ તથા રફતાર હતી કે સિદરાથી લઈને જમીન સુધી જે ફરિશ્તાની મામૂલી સરખી એક ઉડાન છે તે હુઝૂર ﷺની પરવાઝની સામે, બલ્કે આપની બરકતથી આપની સવારીની ઉડાન સામે બેબસ જણાય રહ્યા છે, તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પોતાની નૂરાની તથા નબવી પરવાઝનો કોણ અંદાઝો લગાડી શકે છે !

*નૂર કે તલ્વોં કો સહલાકર જગાયા ખ્વાબસે–યૂં હુઈ સરદાર કી મેઅરાજે જિસ્માની શુરૂઅ*

*પહલે તો વહ હર કાબ સરવરે કૌનૈન થા–હો ગઈ જિબ્રઈલ કી સિદરાસે હયરાની શરૂઅ*

**બારે જલાલ ઉઠા લિયા ગરચે કલેજા શક હુવા**
**યૂં તો યહ માહે સબ્ઝ રંગ, નઝરોંમેં ધાન પાન હૈ**

**અર્થાત :** જોવામાં આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام માહે સબ્ઝ રંગ ઉમદા તથા દિલરૂબા (લીલા હુસ્નવાળા. લીલો રંગ આંખોને ગમે પણ છે અને ફાયદામંદ પણ છે. એટલા માટે ડોકટર જેની આંખોનું ઓપરેશન કરે છે તેને લીલી પટ્ટી અથવા લીલુ આંજણ લગાડી આપે છે. આ આ'લા હઝરત رحمۃ اللہ علیہની મેડિકલમાં મહારત છે) ભલે દૂબળા પાતળા અને નાઝુક બદનવાળા છે પરંતુ આપ ﷺની શાન તો જુઓ કે જલાલે ઈલાહીનો બોજ ઉઠાવી લીધો. ભલે કલેજુ ફાટી ગયું (શક્કે સદર થયું) જેમાં અસંખ્ય હિકમતો ઉપરાંત એક એ પણ હિકમત હતી કે કુદરતના નઝારા કરવામાં અને રબની ઝાતે પાકનો મુશાહેદો કરવાની મંઝિલોમાં આસાની થાય. وَوَضَعْنَا عَنْكَ وِزْرَكَ "અને તમારા પરથી તમારો બોજ ઉતારી લીધો." *(સૂરએ ઈન્શિરાહ, ૯૪/૨)*

*આજકી રાત હૈ તકમીલે ઉરૂજે આદમ–હુસ્ને તખ્લીક઼પે નાઝાં હૈ ખુદા આજ કી રાત*
*શૌક઼ે દીદાર કી ક્યા બાત હૈ અલ્લાહ ! અલ્લાહ !–દરમિયાં મીમ કા પર્દા ભી નહીં આજ કી રાત*
*જાનેવાલા ઉસે સમઝે યા બુલાનેવાલા–કોઈ ઈસ રાઝ કા હમરાઝ નહીં આજ કી રાત*

**ખૌફ ન રખ 'રઝા' ઝરા તૂ તો હૈ અબ્દે મુસ્તફા**
**તેરે લિયે અમાન હૈ તેરે લિયે અમાન હૈ**

*(અબ્દે મુસ્તફા = હુઝૂર ﷺ નો નિયાઝમંદ તથા નોકર તથા ગુલામ, અમાન = અમ્ન)*

**અર્થાત :** હે (ગદાએ ખૈરુલવરા ! ઈમામે અહલે સુન્નત પ્યારા !) ઈમામ અહમદ રઝા ! તું શા માટે ગભરાય રહ્યો છે ?! અને ક઼યામતની ભયાનક્તાઓથી ડરી રહ્યો છે ? તારે તો રજમાત્ર ફિકર કરવી ન જોઈએ. કેમ કે તું કોઈ મામૂલી દરનો નોકર નથી બલ્કે ગદાએ દરે મુસ્તફા ﷺ છે અને જેઓ આ દરના ગુલામ હોય છે તેમના માટે અમ્ન જ અમ્ન છે. *ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ–લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા !*

**અમારી વેબસાઈટ પર.....**

**web. :www.barkatekhwaja.net / web.www. islamicwelfaremission.org**

લગભગ ૨૫૦ કિતાબો ગુજરાતીમાં જેમાં તર્જુમએ કુર્આન "કન્ઝુલ ઈમાન", બહારે શરીઅત, ક઼ાનૂને શરીઅત, હુસ્સામુલ હરમૈન, જાઅલ હક્ક઼, મુક઼ાશફતુલ કુલૂબ, મિન્હાજુલ આબેદીન તથા અન્ય તેમજ **ઈ.સ. ૨૦૦૪** થી "બરકાતે ખ્વાજા" (માસિક) વાંચી શકો છો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જુનાગઢ :** થી ઘાંચી દાઉદ જુમ્આ અશરફી લખે છે કે માહે શાબાન ૧૯–૨૦–૨૧ શનિવાર, રવિવાર, સોમવાર તા. ૫–૬–૭–૨૦૧૮ ઉર્સ મુબારક વાલિયે સોરઠ હઝરત મિયાં મહમૂદ શાહ બાવાનો હર સાલની જેમ શરીઅત મુજબ મનાવવામાં આવેલ હતો જેમાં હજારો અક઼ીદતમંદોએ હાજરી આપેલ અને ફૈઝયાબ થયેલ.

*–લિ. ઘાંચી દાઊદ જુમ્આ ગાલિબ અશરફી (જુનાગઢ)*

**સુન્નીઓ ! એક નઝર ઈધર ભી !**

# ઈદારએ શરઈય્યહ ભરૂચ

*C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ. આમોદ જિ. ભરૂચ*

## તમારા મુંઝવણભર્યા દીની સવાલો રજૂ કરો !

સુન્ની ભાઈઓ બહેનોને જણાવીએ કે સુન્નીઓમાં નિકાહ, તલાક઼, વગેરેના મસ્અલા ઉપરાંત કોઈ પતિ તલાક઼ ન આપતો હોય અને પત્નીના હક્ક઼ો પણ અદા ન કરતો હોય અથવા લાંબા સમયથી ગુમ હોય અને તેનાથી છૂટાછેડા લેવા હોય વગેરે સમસ્યાઓના હલ માટે, તેમજ દર ઈસ્લામી મહિનાની શરૂઆતમાં ચાંદ વિશે માહિતી માટે અથવા આપ ચાંદ જુઓ તો જાણ કરવા માટે નીચે પ્રમાણે નંબરો પર સંપર્ક કરશો.

(૧) મુફતી મુહમ્મદ સાબિર મિસ્બાહી મો. 7698455748 (સદર મુફતી)
(૨) મુફતી મુહમ્મદ તૌસીફ રઝા મો. 8200966793 (૩) મૌલાના મુબારક હુસૈન અશરફી મો. 9924568210
(૪) દારુલ ઉલૂમ ઓફિસ નં. ફોન. 02641-246192 (૫) મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી મો. 9426770689




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ફતહે મક્કા

***(રમઝાન હિ.સ. ૮)***

તમે વાંચી ચૂક્યા છે કે સુલહે હુદૈબિયહની શર્તોમાંથી એક શર્ત એ પણ હતી કે અરબ કબીલાઓમાં જે ક઼બીલો કુરૈશની સાથે રહેવા ચાહે કુરૈશ સાથે રહે અને જે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ની સાથે રહેવા ચાહે તેમની સાથે રહે. જેથી ક઼બીલા બની બિક્રએ કુરૈશની સાથે દોસ્તી કરી લીધી. અને ક઼બીલા બની ખુઝાઅહએ રસૂલુલ્લહ ﷺ સાથે ક઼રાર કરી લીધો. આ બંનેવ કબીલા મક્કાની નજીક આબાદ હતા અને તેમની વચ્ચે એક જમાનાથી દુશ્મની ચાલી આવતી હતી.

હુદૈબિયહની સુલહથી જંગ તો રોકાઈ ગઈ પરંતુ કાફિરો અંદર અંદર પાકી રહ્યા હતા. છેવટે ત્રણ વરસો પછી બનૂ બિક્રે બનૂ ખુઝાઅહથી પૂરાણો બદલો લેવા માટે તેમના પર જબદસ્ત હુમ્લો કરી આપ્યો અને તેમને ઘણી બેદર્દીની સાથે ક઼ત્લ કર્યા. કુરૈશના લોકોએ આ બારામાં બનૂ બિક્રનો સંપૂર્ણપણે સાથ આપ્યો. કુરૈશે પોતાની આ હરકતથી હુદૈબિયહનો ક઼રાર તોડી નાખ્યો, કેમ કે બનૂ ખુઝાઅહ રસૂલે કરીમ ﷺ સાથે ક઼રાર કરીને તેમના સાથે બની ચૂક્યા હતા. એટલા માટે બનૂ ખુઝાઅહ પર હુમ્લો કરવો રસૂલે કરીમ ﷺ પર હુમ્લો કરવા સમાન હતું.

ત્યાર બાદ બની ખુઝાઅહ ક઼બીલાનો સરદાર અમ્ર બિન સાલિમ ખુઝાઈ ચાલીસ માણસોની સાથે ફરિયાદના માટે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. જ્યારે રસૂલે ગિરામી વક઼ાર ﷺને આ ઘટનાની ખબર થઈ તો આપે કુરૈશની પાસે ક઼ાસિદ મોકલ્યો અને આ ત્રણ શર્તો રજૂ કરી કે એમાંની કોઈ એક શર્ત કુરૈશ મંઝૂર કરી લે : (૧) બનૂ ખુઝાઅહના ક઼ત્લ થનારાઓનો ખૂં બહા (ખૂનનો બદલો) આપવામાં આવે. (૨) કુરૈશ બનૂ બિક્રની હિમાયતથી અલગ થઈ જાય. (૩) એલાન કરી દેવામાં આવે કે હુદૈબિયહનો ક઼રાર તૂટી ગયો.

જ્યારે આ શર્તો તેમની સામે રાખવામાં આવી તો કુર્તા બિન અબ્દે અમ્રએ કુરૈશની તરફથી કહ્યું, ન અમે બનૂ ખુઝઅહના ક઼ત્લ થનારાઓનો ખૂં બહા આપીશું અને ન બનૂ બિક્રની હિમાયત ઉઠાવીશું. હા ! ત્રીજી શર્ત મંઝૂર કરીએ છીએ કે હવેથી હુદૈબિયહનો ક઼રાર તૂટી ગયો. પરંતુ બાદમાં કુરૈશને એહસાસ થયો કે આ ગલત થઈ ગયું ! આ આપણા જ હક્ક઼માં ખતરાની ઘંટી છે. કુરૈશે અબૂ સુફયાનને મદીના દોડાવ્યા કે તે હુદૈબિયહનો ક઼રાર તાજો કરે. કુરૈશના કહેવા પર અબૂ સુફયાન મદીના જરૂર પહોંચ્યા પણ તેમની સર્વ કોશિશ નિષ્ફળ ગઈ.

એ કરારભંગના કારણે રસૂલે કરીમ ﷺ મજબૂરન ૧૦–રમઝાન હિ.સ. ૮ના બુધવારે મઝલૂમોનો બદલો લેવા માટે દસ હજારનું ઈસ્લામી લશ્કર લઈને મક્કાની તરફ રવાના થઈ ગયા. મક્કાની નજીક મુર્રઝ્ઝહ્રાન નામના સ્થળે લશ્કરે પડાવ નાખ્યો. અને રસૂલે કરીમ ﷺએ હુકમ આપ્યો કે દરેક મુજાહિદ પોતાનો અલગ અલગ ચૂલો સળગાવે. જ્યારે દસ હજાર મુજાહિદોએ ચૂલા સળગાવ્યા તો મુર્રઝ્ઝહ્રાનનું આખુ મેદાન આગથી ભરાઈ ગયું. દરેક ચો તરફ આગ જ આગ દેખાઈ રહી હતી.

જ્યારે કુરૈશને ઈસ્લામના લશ્કરના આવવાનો ઈલ્મ થયો તો તેમણે અબૂ સુફયાન ઈબ્ને હર્બને હાલાત માલૂમ કરવા માટે મોકલ્યા. જ્યારે અબૂ સુફયાને આટલુ મહાન લશ્કર અને માઈલો સુધી ફેલાયેલી આગ જોયી તો હોશ ઉડી ગયા અને સમજી ગયા કે હવે કુરૈશની ખૈર નથી અને એમનાથી અમ્ન માગ્યા સિવાય કોઈ ચારો નથી. રસૂલુલ્લાહ ﷺના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہماના થકી અબૂ સુફયાને અમાન હાંસલ કરી અને રસૂલે આલી વકાર علیہ الصلوٰۃ والسلامના કરીમાના વર્તાવથી પ્રભાવિત થઈને ઈસ્લામ સ્વીકારી લીધો.

૨૦ રમઝાનુલ મુબારક હિ.સ. ૮ જુમ્આના દિવસે સવારના સમયે રસૂલે અકરમ ﷺએ મુર્રઝ્ઝહ્રાનથી મક્કાની તરફ કૂચ કરી અને હઝરત અબ્બાસ رضی اللہ عنہને ફર્માવ્યું કે અબૂ સુફયાનને કોઈ ઊંચી જગાએ લઈ જાવ જેથી તે ખુદાઈ લશ્કરની શાનો શૌકત જુએ. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ એવું જ કર્યું. થોડીવાર પછી ઈસ્લામી ફોજ ખૂબ જ દબદબા સાથે જોવામાં આવી. એક પછી એક સર્વ ઈસ્લામી કબીલા પોત પોતાના ઝંડાઓની સાથે ત્યાંથી પસાર થયા. અબૂ સુફયાન દરેક ગિરોહને જોઈને એના બારામાં પૂછતા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ એની પહેચાન કરાવતા. છેવટમાં નબી આખિરુઝ્ઝમાં ﷺનું નૂરાની લશ્કર આવ્યું તો અબૂ સુફયાન એ મંઝર જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہને કહ્યું કે હે અબ્બાસ ! તમારા ભત્રીજાની બાદશાહત તો ઘણી શાનવાળી છે ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું, અબૂ સુફયાન આ બાદશાહ નથી, નબુવ્વત છે ! અબૂ સુફયાને કહ્યું, હા ! એ જ દુરુસ્ત છે.

રસૂલે કરીમ ﷺ સહાબાની ભીડમાં ઘણી જ શાનો શૌકત સાથે મક્કાની અંદર દાખલ થયા અને આ ફર્માન બહાર પાડયું :–

"જે શખ્સ હથિયાર રાખી દે એના માટે અમાન છે. જે શખ્સ પોતાનો દરવાજો બંધ કરી લે તેના માટે અમાન છે. જે શખ્સ કા'બામાં દાખલ થઈ જાય તેના માટે અમાન છે. જે શખ્સ અબૂ સુફયાનના ઘરમાં દાખલ થઈ જાય તેના માટે અમાન છે."

કુરૈશના કાફિરો રસૂલુલ્લાહ ﷺનો જાહોજલાલ તથા ઈસ્લામી લશ્કરનો દબદબો જોઈને ભયભીત તો પહેલેથી જ હતા, આ સાંભળતાં જ કોઈ કા'બાની તરફ ભાગ્યો, કોઈએ અબૂ સુફયાનના ઘરે પનાહ લીધી, કેટલાક હથિયારો રાખી દઈને ઉભા થઈ ગયા, અને ઘણા લોકોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી લીધા.

ત્યાર બાદ મુસલમાનોનું લશ્કર મામૂલી સરખી ઝપાઝપી બાદ ફતેહાના (વિજયી) અંદાઝમાં હરમ શરીફમાં દાખલ થયું અને રસૂલે અકરમ ﷺ પોતાની મુબારક લાકડી વડે કા'બામાં રાખેલી મૂર્તિઓને ઈશારો કરતા તે મૂર્તિ ઊંધા મોઢે ગબડી પડતી અને આ આયતે કરીમા પઢતા જતા :

جَآءَ الْحَقُّ وَ زَهَقَ الْبَاطِلُ ؕ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا

"હક્ક આવ્યું અને બાતિલ નષ્ટ થયું, બેશક ! બાતિલને નષ્ટ થવાનું જ હતું." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૮)*

કા'બાની અંદર અમુક તસ્વીરો બનેલી હતી આપે એ તસ્વીરોને મિટાવી અને બે રકાત નમાઝ અદા કરીને બહાર તશરીફ લાવ્યા, અને હજારોના મજમા પર ગહરી નજર નાખી તો જોયું કે તમામે તમામ માથાં ઝુકાવીને ડરના માર્યા કાંપી રહ્યા છે. આ તે જ લોકો હતા જેમણે સરકારે દો આલમ ﷺને જાત જાતની રીતે સતાવ્યા હતા, માર્ગ પર ચાલવાનું મુશ્કેલ કરી આપ્યું હતું, ગાળો વડે દિલ દુઃખવ્યા કરતા હતા અને આપના માર્ગમાં કાંટા બિછાવી દેતા હતા. એ સર્વ કરતૂતોને વિચારીને વિચારીને તેઓ એવો ફૈસલો કરી ચૂક્યા હતા કે આજે આપણામાંથી કોઈની ગરદન બચશે નહીં, આપણને ઘણી જ ક્રુરતાપૂર્વક કત્લ કરવામાં આવશે, આપણી લાશોની ધજ્જીઓ ઉડાવવામાં આવશે. પરંતુ આકાએ કાઈનાત ﷺ રહ્મત બનીને આવ્યા હતા. આપે તે મુજરિમોને પૂછયું કે બોલો ! આજે તમારી સાથે શો મામલો કરવામાં આવે ? આ રહ્મતભર્યા અંદાજને જોઈને સૌએ એક ઝબાને કહ્યું, અમને તમારાથી સારા વર્તાવની ઉમ્મીદ છે. આપ અમારા શરીફ ભાઈ છો અને કરીમ ભાઈના પૂત્ર છો. રહ્મત આલમ ﷺએ ફર્માવ્યું કે **જાવ ! આજે તમારો સર્વ કુસૂર માફ છે અને તમો સૌ આઝાદ છો !** આ કરીમાના વર્તાવની મક્કાના કાફિરો પર એ અસર પડી કે તેમનામાંના મોટા રઈસો તો તરત જ ઈસ્લામમાં દાખલ થઈ ગયા, પછી ક્રમે ક્રમે સર્વ લોકોએ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. મક્કામાં ફતેહે મક્કા ﷺએ ૧૯ દિવસ રોકાણ કર્યું અને હઝરત અત્તાબ બિન ઉસૈદ رضی اللہ عنہને મક્કાના હાકિમ નિયુક્ત કર્યા અને હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہને એહકામ તથા મસાઈલની તા'લીમ આપવાના માટે નિયુક્ત કર્યા, અને ખુદ મદીના શરીફ પરત ચાલ્યા ગયા. ...*(ક્રમશઃ)*


## બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# તઝકેરતુલ અવલિયા
હપ્તો ૧૯

## હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી*

**દોસ્તીનો હક્ક઼ :** એકવાર થાકના કારણે નમાઝ અદા કરતાં કરતાં ઊંઘ આવી ગઈ. એ દરમ્યાન એક ચોર આપની ચાદર ઉઠાવીને ભાગવા લાગ્યો. પરંતુ તેને બહાર નીકળવાનો રસ્તો જ ન દેખાયો, અને ચાદર તેની જગાએ મૂકતાં જ રસ્તો દેખાયો. પરંતુ તેણે લાલચમાં આવીને ફરી ચાદર ઉઠાવીને ભાગવા ચાહ્યું તો ફરી રસ્તો દેખાતો બંધ થઈ ગયો. મતલબ એ કે આવું કેટલીયેવાર કર્યું અને દરેક વાર રસ્તો ન દેખાયો, ત્યાં સુધી કે એણે ગયબી નિદા સાંભળી કે તું પોતાને મુસીબતમાં કેમ નાખવા ચાહે છે ! એટલા માટે કે ચાદરવાળીએ વરસોથી પોતાને અમારા હવાલે કરી દીધેલ છે અને એ સમયથી, શૈતાન પણ તેણી પાસે નથી ફરકી શક્યો તો પછી કોઈ બીજાની શું મજાલ છે કે ચાદરની ચોરી કરી શકે ! કેમ કે જો એક દોસ્ત ઊંઘમાં છે પરંતુ બીજો દોસ્ત તો જાગે છે !

**હક઼ીક઼તની ઓળખ ! :** એકવાર આપે કેટલાયે દિવસોથી કાંઈ ન ખાધુ અને જ્યારે ખાદિમા ખાવા તૈયાર કરવા લાગી તો ઘરમાં પ્યાજ ન હતા, અને તેણીએ આપનાથી પડોસમાંથી પ્યાજ માગી લાવવાની ઈજાઝત માગી. તો આપે ફર્માવ્યું કે મેં વરસોથી અલ્લાહથી એ અહદ (વાયદો) કરેલ છે કે તારા સિવાય કોઈનાથી કાંઈ માગીશ નહીં. જેથી જો પ્યાજ નથી તો કાંઈ વાંધો નથી. હજી આપનું વાક્ય પૂરું પણ થયું ન હતું કે એવામાં એક પક્ષી પોતાની ચાંચમાં છોલેલો પ્યાજ લઈને આવ્યું અને હાંડલીમાં રાખીને ઉડી ગયું. પરંતુ આપે તેને શૈતાની ધોકો સમજીને સાલન વિના કેવળ સૂકી રોટી ખાધી.

આપ એક પહાડી પર તશરીફ લઈ ગયાં અને સર્વ જંગલી જાનવરો આપની આસપાસ ભેગાં થઈ ગયાં. પરંતુ એ વખતે જ્યારે ત્યાં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ પહોંચ્યા તો તે સર્વ જાનવરો ત્યાંથી જતાં રહ્યાં. હસન બસરી رحمۃ اللہ علیہએ આશ્ચર્યમાં પડીને આપને સવાલ કર્યો કે આ સર્વ જાનવરો મને જોતાં જ કેમ ભાગી ગયાં ?! રાબિઆ બસરી رحمۃ اللہ علیہાએ પૂછયું કે આજે આપે શું ખાધુ છે ? તો તેમણે કહ્યું કે ગોશ્ત રોટી ! એ સાંભળીને આપે ફર્માવ્યું કે જ્યારે તમો એમનો ગોશ્ત ખાશો તો પછી એ તમારા તરફ કેવી રીતે વળી શકે છે ?!

**મક઼ામે વિલાયત :** એકવાર આપ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہના મકાન પર પહોંચ્યા તો તે વખતે એ મકાનની છત પર એટલા પ્રમાણમાં ગિર્યાઓ ઝારી (રૂદન આજિઝી)માં વ્યસ્ત હતા કે આંસૂંઓની નાળી વહેવા લાગી. રાબિઆ બસરી رحمۃ اللہ علیہાએ કહ્યું કે આપની આ ગિર્યાઓ ઝારી ધોકાબાજી રૂપે છે તો એને બંધ કરી દો જેથી આપના બાતિનમાં એવા કિનારા વિનાનો સમુદ્ર મોજાં મારવા લાગે કે જો એની વિશાળતામાં તમારા દિલને શોધવા ચાહો તો ન મળી શકે, કેમ કે અલ્લાહ તઆલાને એવું કરી દેવામાં કામિલ કુદરત હાંસલ છે. આપની આ વાતો જો કે હસન બસરી رحمۃ اللہ علیہને અઘરી લાગી, પરંતુ આપે ખામોશી અપનાવી.

એક દિવસે જ્યારે રાબિઆ બસરી ફુરાત નદીના કિનારે મૌજૂદ હતાં તો અચાનક હસન બસરી رحمۃ اللہ علیہ પણ ત્યાં પહોંચી ગયા અને પાણી પર મુસલ્લો બિછાવીને કહ્યું, આવો ! આપણે બંનેવ નમાઝ અદા કરીએ. પરંતુ રાબિઆએ જવાબ આપ્યો કે જો આ મખ્લૂકના દિખાવા માટે છે તો ઘણુ સારું છે ! કેમ કે અન્ય લોકો આવુ કરવાથી આજિઝ છે. આવું કહીને રાબિઆએ પોતાનો મુસલ્લો હવાના માધ્યમમાં બિછાવીને ફર્માવ્યું કે આવો ! બંનેવ અહીં નમાઝ અદા કરીએ જેથી મખ્લૂકની નિગાહોથી ઓજલ રહીએ. પછી દિલ રાજી રાખવા માટે રાબિઆએ ફર્માવ્યું કે જે કામ આપે અંજામ આપ્યું છે તો તે પાણીમાંની મામૂલી માછલી પણ કરી શકે છે ! અને જે મેં કર્યું તે એક તુચ્છ માખી પણ કરી શકે છે, પણ હકીકતનો એ બંનેવ સાથે કોઈ સંબંધ નથી.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ સંપૂર્ણ એક રાત દિવસ રાબિઆ બસરી رحمۃ اللہ علیہاના ત્યાં રોકાયેલા રહ્યા અને હકીકત તથા મઅરેફતના વિષય પર ચર્ચા કરતા રહ્યા. પરંતુ હસન બસરી رحمۃ اللہ علیہ કહે છે કે એ દરમ્યાન ન તો તેમને એ એહસાસ થયો કે હુ મર્દ છું અને ન મને એ મહેસૂસ થયું કે રાબિઆ ઔરત છે. અને ત્યાંથી પરત થતાં મેં પોતાને મુફલિસ અને તેમને મુખ્લિસ પામ્યાં.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ પોતાના અમુક સાથીઓની સાથે એક રાતે રાબિઆ બસરી رحمۃ اللہ علیہاને ત્યાં પહોંચ્યા, પરંતુ એ સમયે એમને ત્યાં રોશનીની કોઈ વ્યવસ્થા ન હતી અને હઝરત હસન رحمۃ اللہ علیہને રોશનીની જરૂરત મહેસૂસ થઈ. જેથી હઝરત રાબિયા બસરીયહ્ رحمۃ اللہ علیہاએ પોતાની આંગળીઓ પર કાંઈ દમ કર્યું અને તે એવી રોશન થઈ ગઈ કે આખુ મકાન નૂરનો પુંજ બની ગયું અને સવાર સુધી તે રોશની કાયમ રહી. પરંતુ જો કોઈ વાંધો ઉઠાવનાર એવું કહે કે આ ચીજ કયાસથી દૂર છે ! તો એનો જવાબ એ છે કે જે વ્યક્તિ સાચા દિલ સાથે હુઝૂરે અકરમ ﷺની ઈતાઅત કરે છે તેને આપના મો'જિઝામાંથી કાંઈ ન કાંઈ હિસ્સો જરૂર હાંસલ થાય છે. ફર્ક કેવળ એટલો છે કે સામાન્ય નિયમથી વિરુદ્ધ ચીજનું પ્રદર્શિત થયું અંબિયાના હક્કમાં મો'જિઝો કહેવાય છે અને વલીના માટે કરામતનો શબ્દ વપરાય છે. અને આ કરામત તેને કેવળ નબી علیہ الصلوٰۃ والسلامના અનુસરણથી જ હાંસલ થાય છે. જેમ કે હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે કે, "સાચો ખ્વાબ નબુવ્વતના ચાલીસ હિસ્સાઓમાંથી એક હિસ્સો છે."

હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہاએ એકવાર હઝરત હસનના માટે હદિયા રૂપે મીણ, સોય તથા વાળ રવાના કર્યા અને એ પૈગામ મોકલ્યો કે મીણની જેમ ખુદને પીગાળીને રોશની પૂરી પાડો, અને સોયની જેમ નગ્ન રહીને મખ્લૂકના કામ આવો. અને જ્યારે તમે એ બંનેવ ચીજોને પૂર્ણ કરી લેશો તો વાળની જેમ થઈ જશો અને કદી તમારું કોઈ કામ ખરાબ થશે નહીં.

એકવાર હસન બસરી رحمۃ اللہ علیہએ સવાલ કર્યો કે શું તમને નિકાહની ખ્વાહિશ નથી થતી ? આપે જવાબ આપ્યો કે નિકાહનો સંબંધ તો શરીર તથા વજૂદ સાથે છે, અને જેનો વજૂદ જ એક પોતાના માલિકમાં ઝમ (સામેલ) થઈ ગયેલ હોય તો એના માટે દરેક ચીજમાં પોતાના માલિકની ઈજાઝત જરૂરી છે.

**મઅરેફત** : હસન બસરી رحمۃ اللہ علیہએ આપને પૂછયું કે તમને આ મહાન મર્તબા કેવી રીતે હાંસલ થયા ? ફર્માવ્યું કે દરેક ચીજને યાદે ઈલાહીમાં ગુમ કરીને. પછી હઝરત હસને સવાલ કર્યો કે તમે ખુદાને કેવી રીતે ઓળખ્યો ? જવાબ આપ્યો કે માહિયત તથા કૈફિયત વિના. એકવાર હસન બસરી رحمۃ اللہ علیہએ આપને ફર્માઈશ કરી કે મને એ ઈલ્મોના બાબતે

સમજાવો જે તમને અલ્લાહથી વિના વાસ્તાએ હાંસલ થયા છે. ફર્માવ્યું કે મેં થોડુ સરખુ સુતર કાંતીને જરૂરિયાતની પૂર્ણતા માટે બે દિરહમમાં વેચી નાખ્યું. અને બંનેવ હાથોમાં એક એક દિરહમ લઈને એ ખયાલમાં ડૂબી ગઈ કે જો મેં બંનેને એક હાથમાં લીધા તો એ જોડી બની જશે, અને આ વાત વહદાનિયતની વિરુદ્ધ છે અને મારી ગુમરાહીનો સબબ બની શકે છે. બસ, ત્યાર પછીથી મારા સર્વ માર્ગો વિશાળ થતા ગયા.

એકવાર લોકોએ આપને વર્ણવ્યું કે હઝરત હસન رحمۃ اللہ علیہ એવું કહેતા રહે છે કે જો હું કયામતના દિવસે એક ક્ષણ માટે પણ ખુદાના દીદારથી મેહરૂમ રહ્યો તો એટલું રૂદન આજિઝી કરીશ કે અહલે ફિરદોસને પણ મારા પર દયા આવી જશે. રાબિઆએ કહ્યું કે તેમણે બિલ્કુલ સહીહ કહ્યું, પરંતુ એ ચીજ પણ તેને જ શોભે છે જે ક્ષણવાર માટે પણ યાદે ઈલાહીથી ગાફેલ ન રહેતો હોય.

જ્યારે આપનાથી નિકાહ ન કરવાનું કારણ પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો કે ત્રણ ચીજો મારા માટે ગમનું કારણ બનેલી છે, અને જો તમે એ ગમ દૂર કરી દો તો યકીનન ! શાદી કરી લઈશ ! પ્રથમ એ કે શું ખબર કે મારું મૃત્યુ ઈસ્લામ પર થશે કે નહીં ? બીજુ, મેહશરના દિવસે મારું આમાલનામુ ન જાણે સીધા હાથમાં હશે કે ઉલ્ટા હાથમાં ? ત્રીજુ, મેહશરના દિવસે જ્યારે જન્નતમાં એક જમાઅતને જમણી બાજુથી અને બીજાને ડાબી બાજુથી દાખલ કરવામાં આવશે તો ન જાણે મારી ગણના કઈ જમાઅતમાં હશે ? લોકોએ અર્ઝ કરી, આ ત્રણેવ સવાલોનો જવાબ અમારી પાસે નથી ! આપે ફર્માવ્યું કે જેને આટલા ગમ હોય તો તેને શાદીની શું તમન્ના હોય શકે છે ?!

જ્યારે લોકોએ આપને એ સવાલ કર્યો કે આપ ક્યાંથી આવ્યાં છો અને ક્યાં જશો ? જવાબ આપ્યો કે જે જહાનથી આવી છું એ જહાનમાં પરત થઈ જઈશ. પછી સવાલ કરવામાં આવ્યો કે આ જહાનમાં તમારું શું કામ છે ? ફર્માવ્યું, અફસોસથી હાથ મસળવા, અને જ્યારે અફસોસ કરવાનું કારણ પૂછયું તો ફર્માવ્યું કે હું રોજી તો આ જહાનની ખાઉં છું અને કામ એ જહાનનું કરું છું. ......*(ક્રમશઃ)*

પેજ 24 નું ચાલુ..

તેમના દુશ્મન બની ગયા અને તેમને કષ્ટ આપવાની પેરવીમાં રહેવા લાગ્યા, ત્યારે આ આયત ઉતરી, અને અલ્લાહ તઆલાએ ઈમાન લાવનારાઓને સાંત્વન આપ્યું કે મોઢેથી એલફેલ બકવા સિવાય તેઓ મુસલમાનોને કંઈ જ તકલીફ પહોંચાડી શકશે નહીં, ચઢતી મુસલમાનોની જ રહેશે અને યહૂદીઓનું પરિણામ બેઈઝ્ઝતી અને અપમાન છે.

**૩૨ :** અને તમારા સામનાની હિમ્મત કરી શકશે નહીં, આ ગૈબી ખબરો એ મુજબ જ પરિણામી.

**૩૩ :** હમેશાં અપમાનિત જ રહેશે, ઈજ્જત કદી પામશે નહીં, એનો જ એ અસર છે કે આજપર્યંત યહૂદીઓને કોઈપણ જગ્યાનું રાજ્ય મળ્યું નથી. જ્યાં રહ્યા ત્યાં રય્યત અને ગુલામડા (પરતંત્ર) બનીને જ રહ્યા. (આજનો ઈસ્રાઈલ દેશ પણ હકીકતમાં અમેરિકાનો ગુલામ જ છે. અમેરિકાનો ટેકો પાછો ખેંચાઈ જાય તો ઈસ્રાઈલનું અસ્તિત્વ સંભવિત જ નથી.)

**૩૪ :** પકડીને એટલે કે ઈમાન લાવીને.

**૩૫ :** એટલે કે મુસલમાનોની શરણાગતિ સ્વીકારીને અને તેમને જિઝિયો આપીને.

**૩૬ :** માટે જ યહૂદીને ધનવાન હોવા છતાં દિલની માલદારી પ્રાપ્ત થતી નથી.

## રાહતુલ કુલૂબ



## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### શૈતાન જિન તથા શિર્કથી બચવાનો અમલ

જો કોઈ શખ્સ ભૂતપ્રેત (શૈતાન જિન)થી તથા દુશ્મનોની બુરાઈથી અમ્નમાં રહેવા ચાહે અને મૂર્તિપૂજામાં સપડાવાથી (શિર્કથી) બચવા ચાહે તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે :–

رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا وَّ اجْنُبْنِیْ وَ بَنِیَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ﴿۳۵﴾

"મારા રબ ! આ શહેરને અમાનવાળુ કરી આપ, અને મને તથા મારા પુત્રોને મૂર્તિપૂજાથી બચાવ."

–*(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૫)*

ત્યારબાદ ફર્માવ્યું કે, આ આયત એ રીતે નાઝિલ થઈ કે એકવાર રસૂલે ખુદા ﷺ સહાબાએ કિરામને નસીહત કરી રહ્યા હતા એ અરસામાં એક ગામડાવાસી આવ્યા અને સલામ પછી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને કોઈ એવી વાત બતાવો જેના સબબે હું તથા મારી ઔલાદ મૂર્તિપૂજાથી બચી જઈએ. આં હઝરત ﷺ ખામોશ રહ્યા, એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام આ આયત (ઉપરોક્ત) લઈને આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુકમ થયો છે કે આ આયત તે ગામડાવાસીને આપો જેથી યાદ કરીને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢયા કરે, અલ્લાહ તઆલા તેને મૂર્તિપૂજાથી બચાવશે.

### કાફિરોના પ્રભાવથી બચવા માટે

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ કાફિરોના પ્રભાવથી બચવા ચાહે તે આ આયત પઢે :–

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِیْنَ كَفَرُوْا وَ اغْفِرْ لَنَا رَبَّنَا ۚ اِنَّكَ اَنْتَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۵﴾

"હે અમારા રબ ! અમને કાફિરોની આઝમાઈશમાં ન નાખ, અને અમને બખ્શી આપ. હે અમારા રબ ! બેશક્ ! તું જ ઈજ્જત તથા હિકમતવાળો છે." *(સૂ. મુમ્તહિના, ૬૦/૫)*

અને જયારે ચાહે ઈમાની નૂર એના દિલમાં કામિલ થઈ જાય તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણે પઢે :–

رَبَّنَاۤ اَتْمِمْ لَنَا نُوْرَنَا وَ اغْفِرْ لَنَا اِنَّكَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۸﴾

"હે અમારા રબ ! અમારા માટે અમારુ નૂર પૂર્ણ

કરી દે, અને અમને બખ્શી આપ. બેશક ! તને દરેક ચીજ પર કુદરત છે." *(સૂ. તહરીમ, ૬૬/૮)*

ત્યારબાદ મારી તરફ સંબોધીને ફર્માવ્યું કે આ સર્વ કાંઈ તમારા પ્રોત્સાહન માટે છે કે પીર મુરીદને સંવારનારો હોય છે. જ્યાં સુધી મુરીદને સંપૂર્ણપણે સર્વ ગંદકીઓની સાફ ન કરે અને તરીકતની રાહ પર ચાલવા માટે તેને પાક ન કરે ત્યાં સુધી સમજી લો કે તે બીચારો ગુમરાહીમાં રહેશે અને કદાપિ તેમાંથી નીકળી શકશે નહીં.

## જન્નતી થવાની દુઆ

ત્યારબાદ ફર્માવ્યું કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ આ દુઆને દિવસમાં એકવાર પઢે, જો એ દિવસે મરી જાય તો બહિશ્તી (જન્નતી) થશે અને એ રાતે પણ મરે તો બહિશ્તી થશે. તે દુઆ આ છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ - لَا اِلٰهَ اِلَّا اَنْتَ خَلَقْتَنِیْ وَاَنَا عَبْدُكَ وَاَنَا عَلٰی عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ اَعُوْذُبِكَ مِنْ شَرِّ مَا صَنَعْتُ اَبُوْءُ لَكَ - بِذَ نْبِیْ فَاغْفِرْلِیْ فَاِنَّهٗ لَا يَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرّٰحِمِيْنَ -

ત્યારબાદ ફર્માવ્યું કે અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં આ દુઆ બાબતે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે. દરેક ફર્ઝ નમાઝ પઢી અચૂક પઢું છું.

પછી ફર્માવ્યું કે વફાત બાદ લોકોએ ખ્વાબમાં જોઈને આપને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, બખ્શી આપ્યો અને એ દુઆની બરકતથી જે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી હતી મને જન્નત અતા ફર્માવી.

## બલાઓથી બચવાની દુઆ

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ દરરોજ રાત સુધી આ દુઆ પઢે તો એની બરકતથી એ દિવસની બલાઓ એનાથી દૂર થઈ જશે. જ્યારે મુસીબત આસમાનથી નાઝિલ થાય છે તો આ દુઆ પઢવાવાળાથી દૂર જ રહે છે. જો તે શખ્સમાં સચ્ચાઈ તથા ઈખ્લાસ ન હોય તો દુઆને રદ કરીને એ શખ્સ પર નાઝિલ થાય છે. મેં આ ખાસ શૈખુલ ઈસ્લામ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہથી સાંભળ્યું છે કે માણસે કોઈ પણ હાલતમાં દુઆ કરવા અને શફીઅ બનાવવાથી ખાલી ન રહેવું જોઈએ.

પછી ફર્માવ્યું કે અબૂ તાલિબની કુવ્વતુલ કુલૂબમાં લખેલું છે કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ આ દુઆને પઢે તો રાત સુધી તેને કોઈ મુસીબત નથી પહોંચતી. તે દુઆ આ છે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ - اَنْتَ رَبِّیْ لَا اِلٰهَ اِلَّا اَنْتَ عَلَيْكَ تَوَكَّلْتُ وَاَنْتَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ مَاشَاءَ اللّٰهُ كَانَ وَلَمْ يَشَاءْ لَمْ يَكُنْ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِيْرٌ - وَاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَیْءٍ عِلْمًا وَاَحْصٰی كُلَّ شَیْءٍ عَدَدًا وَاِنِّیْ اَعُوْذُبِكَ مِنْ شَرِّ نَفْسِیْ وَمِنْ شَرِّ غَيْرِیْ وَمِنْ شَرِّ كُلِّ دَابَّةٍ اَنْتَ اٰخِذٌ بِنَاصِيَتِهَا اِنَّ رَبِّیْ عَلٰی صِرَاطٍ مُّسْتَقِيْمٍ -

## ઝહેર પણ અસર કરશે નહીં !

ત્યારબાદ ફર્માવ્યું કે કાઝી ઈમામ શઅબી رحمۃ اللہ علیہ પોતાના કિફાયહમાં લખે છે કે બની ઈસ્રાઈલના એક બુઝુર્ગને ત્યાં એક યુવાન લોંડી હતી અને તે પોતે વૃધ્ધ હતો. તે લોંડીએ તેનાથી આજિઝ આવીને ઘણીવાર લોકોને શિકાયત કરી કે હું શું તદબીર કરું જેના સબબથી આ વૃધ્ધથી મુક્ત થાઉં. તેની પડોસમાં એક વૃધ્ધા રહેતી હતી. તેણીએ કહ્યું, હું એ મકસદના માટે તને હળાહળ ઝહેર આપીશ તેને કૂજામાં નાખીને ઈફતારના સમયે તેને આપી દેજે. તે

**(ભાવાર્થ)** : અલ્લાહ તઆલા તે કૌમની દુઆ નથી કૂબૂલ કરતો જેમની સ્ત્રીઓ અવાજ કરતા ઝાંઝર (પાયલ) પહેરે છે

**ત્રીજી** શર્ત એ છે કે તેના શરૂ તથા અંતમાં સદકો આપે. જેમ કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ના સંબંધે રિવાયત છે કે આપને કાંઈક જરૂરત હતી જેના માટે આપ બાદશાહની પાસે ગયા. એક દુરવેશને સદકો આપીને ફર્માવ્યું કે દુઆ કરો મારી હાજત પૂરી થાય. એટલા માટે શર્ત એ છે કે જે શખ્સ બાદશાહની પાસે જાય તે દરવાનને કાંઈક આપે. કેમ કે દુરવેશ અલ્લાહ તઆલાના દરવાન હોય છે, જ્યારે તેઓ ખુશ થશે તો હાજત પૂરી થઈ જશે. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## મુસલમાનની હાજત રવાઈની ફઝીલત

❑ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે ચાલે છે તેના દરેક કદમના બદલામાં અલ્લાહ તઆલા ૭૦ નેકીઓ તેના આમાલનામામાં લખી આપે છે, અને સિત્તેર ગુનાહ તેના મિટાવી દેવામાં આવે છે અને જો તે હાજત તેના હાથે પૂરી થઈ જાય તો તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જેવી રીતે માંના પેટેથી આવ્યો હતો. અને જો તે એ દરમ્યાન મરી જાય તો વિના હિસાબે જન્નતમાં જશે.

*—(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૭)*

❑ ફર્માને નબવી છે કે જે શખ્સ કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈ કરે છે, હું તેના મીઝાનની નજીક ઊભો હોઈશ. જો તેની નેકીઓ વધી ગઈ તો ઠીક, નહીં તો હું તેની શફાઅત કરીશ. આ રિવાયત હિલયહમાં અબૂ નુઈમથી નકલ કરવામાં આવી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૮)*

*—(હવાલો : મુકાશફતુલ્ કુલૂબ)*

લોંડી રાહ જોતી રહી કે હમણા વૃધ્ધ ઝાહિદ મરી જશે, હમણા મરશે. જ્યારે દિવસ થયો તો લોંડીએ અતિ વ્યાકૂળપણે આ હકીકત ઝાહિદ સંભળાવી દીધી કે ચાહે રાખ ચાહે માર ! કે મેં તો તને ઝહેર આપ્યું હતું પરંતુ એણે કાંઈ અસર ન કરી ?! ઝાહિદે સસ્મિત વદને ફર્માવ્યું, હું એક દુઆ પઢુ છું, જે એને પઢે છે સર્વ બલાઓથી બચેલો રહે છે. તે દુઆ આ છે :–


بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ بِسْمِ اللّٰهِ خَيْرًا لَا سَمَاءِ بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَرَبِّ السَّمَآءِ بِسْمِ اللّٰهِ الَّذِىْ لَا يَضُرُّ مَعَ اسْمِهٖ شَىْءٌ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ۔

## દુઆની કૂબૂલિયતની શરતો

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે દુઆની શરતો ઘણી છે. **પ્રથમ** શર્ત એ છે કે અલ્લાહના નામ સાથે શરૂ કરે, કેમ કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે, كُلُّ اَمْرٍ ذِىْ بَالٍ لَمْ يُبْدَأْ فِيْهِ بِسْمِ اللّٰهِ فَهُوَ اَبْتَرَ દરેક કામ પહેલાં બિસ્મિલ્લાહ પઢવી જોઈએ. **બીજી** શર્ત એ છે કે પોતાનાં ઘરવાળાંઓને પાયલ (પગનાં ઝાંઝર)ના અવાજથી મના કરે★, કેમ કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ لَا يَسْتَجِيْبُ دُعَاءَ قَوْمٍ يَرْضَوْنَ مِنْ نِسَآءِهِمْ يَلْبَسُوْنَ خَا الْخَالَ مَعَ الصَّوْتِ۔

*★ જ્યારે પગના ઝાંઝરનો અવાજ ગૈર મર્દ સુધી ન જાય એની મના કરી તો ઔરતોનો ખુદનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે, અને તેણીનું શરીર પણ છુપાવવાની ચીજ છે. તો હવે જે ઘરની સ્ત્રીઓ બેપર્દા રહી ગૈર મેહરમો સામે આવતી હોય, બજારોમાં, શાદીના ફંકશનોમાં અંગપ્રદર્શન કરતી હોય તો પછી દુઆઓ કૂબૂલ કઈ રીતે થાય ?! અલ્લાહ નેક તૌફીક આપે. (આમીન)*

# ઈસ્લામમાં વૃધ્ધોનો  માન મર્તબો

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

આકાએ રહમત ﷺએ અધિક ઉમરે પહોંચી ગયેલા લોકોને ખાસ મકામ તથા મર્તબાવાળા ઠરાવ્યા છે. આપની વિશ્વવ્યાપી તાલીમાતમાંથી એ પણ છે કે ઉમરવાળા લોકોને રહમત તથા બરકતનો સબબ અને ઈજ્જત તથા તાઝીમને પાત્ર સમજવામાં આવે. આપે બુઝુર્ગોની ઈજ્જત તથા તાઝીમની સૂચના આપી અને વૃધ્ધોનો એ હક્ક ઠરાવ્યો કે ઓછી ઉમરવાળા પોતાનાથી અધિક ઉમરવાળા લોકોનું સંમાન જાળવે અને તેમના મર્તબાનો ખયાલ રાખે.

ખાસ કરીને જ્યારે મા બાપ વૃધ્ધ થઈ જાય તો તેમનો હદથી વધુ ખયાલ રાખવો ઈસ્લામી તાલીમાતમાંથી છે. પશ્ચિમી કલ્ચર તથા પયગંબરે અમ્ન ﷺના આપેલા કલ્ચરમાં આ પણ એક મહાન ફરક છે કે તે લોકો ઘરડાઓના હક્કમાં પોતાનો ફર્ઝ બસ એટલો સમજે છે કે જ્યારે એમની ખિદમતનો સમય આવે છે તો તેમને Old House (વૃધ્ધાશ્રમ) પહોંચાડી આપે છે ! પણ આકાએ કૌનેન ﷺએ વૃધ્ધોની ખિદમત તથા તેમનો ખયાલ રાખવાને ઈબાદત ઠરાવેલ છે.

## ★ વૃધ્ધોનુ સંમાન ન જાળવનાર અમારામાંથી નથી ★

પયગંબરે રહમત ﷺની રચેલી સોસાયટી દરેક હક્કદારને તેનો હક્ક પહોંચાડવાનો મિજાઝ આપે છે. નાનાઓ પર મોટાઓનો હક્ક છે કે તેમની ખિદમત કરે અને તેમની ઈજ્જત તથા તાઝીમ કરે. એ જ પ્રમાણે મોટાઓ પર નાનાઓનો હક્ક છે કે તેમની સાથે મહેરબાની તથા નરમીથી વહેવાર કરે. જો કોઈ નાનો કોઈ મોટાની તાઝીમ તથા ઈજ્જતમાં ઉણપ વર્તે છે તો તે સરવરે કાઈનાત ﷺની બનાવેલી સોસાયટીના નિયમોની વિરૂધ્ધ જનારો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**"જે નાનાઓ પર રહમ ન કરે અને અને મોટાઓની તાઝીમ ન કરે તે અમારામાંથી નથી."**

*–(સુનને તિર્મિઝી, ૪/૩૨૨)*

આ હદીષેપાકમાં દરેક મોટાની તાઝીમ તથા ઈજ્જતનો હુકમ છે. પછી જે જેટલા પ્રમાણમાં મોટો હશે એટલા પ્રમાણમાં અધિક માન સંમાનને પાત્ર થશે. ઉમરવાળા લોકો કેમ કે સમાજમાં સૌથી મોટા હોય છે એટલા માટે તેઓ માન સંમાનના સૌથી વિશેષ અધિકારી છે.

## ★ વૃધ્ધોની તાઝીમ એ અલ્લાહ વ રસૂલ ﷺની તાઝીમનો હિસ્સો છે ★

ઉમરવાળાઓની તાઝીમ તથા ઈજ્જતને સરવરે કાઈનાત ﷺએ કેટલા અંશે મહત્વની ઠરાવી દીધી છે કે તેને અલ્લાહ તબારક વ તઆલાની તાઝીમ તથા ઈજ્જતનો હિસ્સો અને પોતાની તાઝીમ તથા ઈજ્જતના જેમ ઠરાવી દીધી.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે આકાએ કૌનેન ﷺએ આદેશ આપ્યો :–

"યકીનન ! ઉમરવાળા મુસલમાનની તાઝીમ કરવી અલ્લાહ તબારક વ તઆલાની તાઝીમનો હિસ્સો છે." *(સુનને અબૂ દાઊદ, ૪/૨૬૧)*

આનાથી વધીને અન્ય શો મકામ હોય શકે છે કે પયગંબરે અમ્ન ﷺએ ઉમરવાળા લોકોની તાઝીમને અલ્લાહની તાઝીમનો હિસ્સો ઠરાવી દીધો !

એ જ પ્રમાણે એક હદીષમાં સરવરે કાઈનાત ﷺએ વૃધ્ધો તથા ઉમરવાળાઓની તાઝીમને પોતાની તાઝીમનો હિસ્સો ઠરાવ્યો છે. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે કાઈનાત ﷺએ આદેશ આપ્યો :–

"મારી ઉમ્મતની ઉમરે પહોંચેલી વ્યક્તિઓની તાઝીમ એ મારી તાઝીમનો હિસ્સો છે."

*–(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૨)*

## ★ વૃધ્ધોની તાઝીમનો બદલો દુનિયામાં જ મળી જાય છે ★

આખેરતમાં તો દરેક સારા અમલનો બદલો મળશે જ પણ ઘણા બધા એવા અમલો છે જેનો બદલો અલ્લાહ તબારક વ તઆલા દુનિયામાં જ આપી દે છે એ અમલોમાંથી એક અમલ આ પણ છે કે કોઈ શખ્સ ઉમરે પહોંચેલ વ્યક્તિઓની તાઝીમ તથા ઈજ્જત અને તેમની ખિદમત કરે. ખાસ કરીને માબાપના ઘડપણમાં તેમની ખિદમત તથા ઈજ્જત કરવું દુનિયામાં જ પોતાની અસર જાહેર કરે છે કે તે શખ્સ જ્યારે પોતે ઘરડો થાય છે તો તેની ઔલાદ તેની તાઝીમ તથા કદર કરે છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

**"જે યુવાન કોઈ વૃધ્ધની તાઝીમ તેની ઉમરના કારણે કરે છે, અલ્લાહ તબારક વ તઆલા તેના માટે પણ કોઈને નિયુક્ત કરી આપે છે જે એની વૃધ્ધાવસ્થામાં એની તાઝીમ કરે."** *–(સુનને તિર્મિઝી, ૪/૩૭૨)*

જે લોકો પોતાની જવાનીમાં વૃધ્ધોને વૃધ્ધાઆશ્રમ (**Old House**)ના હવાલે કરી દે છે અથવા પોતાના ઘરે રાખે તો છે પણ તેમની કદર નથી કરતા તેઓ પોતાની વૃધ્ધાવસ્થામાં સામાન્યતઃ પોતાના બાળકો થકી કાંઈક એવો જ વર્તાવ પામે છે.

## ★ માબાપ વૃધ્ધ થઈ જાય તો તેમને ઉફ સુધ્ધાં કહેવાની ઈજાઝત નથી ★

વૃધ્ધાવસ્થાને કુર્આને મુકદ્દસ "અર્ઝિલુલ ઉમર" કહ્યું છે. આ ઉમરમાં જો કોઈ દેખરેખ કરનાર મળી જાય તો સારી વાત છે, નહીં તો જિંદગી મુશ્કેલ થઈ જાય છે. જ્યારે માબાપ વૃધ્ધ થઈ જાય અને એમના થકી કોઈ એવી વાત ઉપસ્થિત થાય જે આપણને નાપસંદ પડે તો પણ તેમને ઉફ સુધ્ધાં કહેવાની મનાઈ આવી છે. ઈર્શાદે રબ્બાની છે :–

وَ قَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْۤا اِلَّاۤ اِیَّاهُ وَ بِالْوَالِدَیْنِ اِحْسَانًا ؕ اِمَّا یَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَاۤ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَاۤ اُفٍّ وَّ لَا تَنْهَرْهُمَا وَ قُلْ لَّهُمَا قَوْلًا كَرِیْمًا﴿۲۳﴾ وَ اخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَ قُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّیٰنِیْ صَغِیْرًا﴿۲۴﴾

"જો તારી સામે એમનામાંથી એક અથવા બંનેવ વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને "હૂં" ન કહેતો અને તેમને ન તતડાવતો અને તેમની સાથે તાઝીમની વાત કહેજે. અને તેમના માટે આજીજીનો બાઝૂ બિછાવ નરમ દિલીથી, અને અર્ઝ કર કે હે મારા રબ ! તું આ બંનેવ પર રહમ કર જેવી રીતે કે એ બંનેવે મને બચપનમાં પાળ્યો."

*–(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૨૩, ૨૪)*

મા બાપ તથા વૃધ્ધોની નાકદરી, તેમની સાથે બુરો વર્તાવ, તેમને ધમકાવવું મારવું અને તે સર્વ

દિલને દુ:ખ આપનારી ચીજો જે આજના જમાનામાં આમ થઈ ચૂકી છે, તેની સરવરે કાઈનાત ﷺના લાવેલા ધર્મમાં કોઈ જ આવશ્યકતા નથી. તેમની તાઝીમનો હિસ્સો તો એ છે કે તેમના થકી કોઈ એવો મામલો પામવામાં આવ્યો જે આપણને ઠીક ન લાગે તો પણ તેમને ઉફ સુધ્ધાં કહેવાની મનાઈ કરવામાં આવી છે.

## ★ ખુદ હુઝૂર ﷺએ ઉમરવાળાઓને ઈજ્જત આપી અને તેમને બરકતના સબબ કહ્યા ★

આક઼ાએ નેઅમત ﷺએ ઉમરવાળાઓની અઝમતને જાહેર કરતાં ફર્માવ્યું કે તેમના સબબે ખૈરો બરકત ઉતરે છે.

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે : એકવારનો બનાવ છે કે નબીએ અકરમ ﷺની સાથે સહાબાએ કિરામની એક જમાઅત હતી જેમાં સૈયદના અબૂ બક્ર સિદીક઼, સૈયદના ઉમર ફારૂક઼ અને સૈયદના અબૂ ઓબૈદા બિન જર્રાહ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પણ હતા. એ દરમ્યાન આપની પાસે એક પ્યાલો લાવવામાં આવ્યો જેમાં પીણુ હતું. આક઼ાએ કૌનેન ﷺએ એ પ્યાલો હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહને આપી દીધો. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺઆપ એના અધિક હક્ક઼દાર છો. આપે ફર્માવ્યું કે એને લઈ લો ! તો અબૂ ઓબૈદાએ તે પ્યાલો લઈ લીધો. પછી આપે પીતા પહેલાં પણ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એને ક઼બૂલ કરી લો. નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું :–

''એને પી લો એટલા માટે કે બરકત અમારા ઉમરવાળા લોકોના કારણે છે, તો જેણે નાનાઓ પર રહમ ન કરી અને મોટાઓની તાઝીમ ન કરી તે અમારામાંથી નથી.''

*–(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૨૮)*

એક રિવાયત હઝરત અબૂ હુરેરહ رضی اللہ عنہથી છે કે આક઼ાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

''અલ્લાહ તબારક વ તઆલાની તરફથી મોહલત પર મોહલત આપવામાં આવે છે. જો આજીજી તથા ઈન્કેસારી કરવાવાળા (પોતાને તુચ્છ જાણનારા) યુવાન, ચરનારાં ચોપગાં, ઈબાદતગુઝાર વૃધ્ધ અને દૂધ પીતાં બાળકો ન હોત તો તમારા પર મુસીબતોના પહાડ તૂટી પડત.''

*–(અસ્સુનનુલ કુબરા લિલ્બયહક઼ી, ૩/૪૮૧)*

પહેલી રિવાયતમાં એ વાત સ્પષ્ટપણે વર્ણવી દેવામાં આવી કે ઉમરવાળા લોકો જે જગાએ હશે ત્યાં બરકતોનો નુઝૂલ થાય છે. હવે કોઈ શખ્સ ચાહે તો એના ઝરીઆ બરકત પોતાના ઘરમાં રાખે અને ચાહે તો તેને ઘરથી કાઢીને બીજી જગાએ તબદીલ કરી દે. બીજી રિવાયતમાં ફર્માવવામાં આવ્યું કે જે જગાએ ઉમરવાળા લોકો હોય તો ત્યાંથી અઝાબ ટળી જાય છે, જો તેઓ ન હોય તો અલ્લાહનો અઝાબ નાઝિલ થઈ શકે છે.

## ★ ઈબાદતોમાં આક઼ાએ રહમત ﷺએ ઉમરવાળા લોકોનો ખયાલ કર્યો ★

ઉમરવાળા લોકોના માટે ઘણીવાર મોડે સુધી ક઼યામ, ઝડપથી ઉઠવું બેસવું, રોઝા રાખવા વગેરે વિવિધ પ્રકારનાં કામો મુશ્કેલ હોય છે. સરવરે કાઈનાત ﷺએ ઈબાદતોમાં પણ તેમનો ખયાલ કર્યો છે, બલ્કે એક સહાબીએ, રસૂલે સરવરે કાઈનાત ﷺની ખિદમતમાં એક શખ્સના બારામાં શિકાયત કરી કે તે નમાઝ પઢાવે છે તો ક઼યામ લાંબો કરી આપે છે. આ સાંભળીને સરવરે કાઈનાત ﷺએ સખત નારાઝગી પ્રદર્શિત કરી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે :– ''એક શખ્સે નબીએ અકરમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું ફજરની નમાઝના માટે

મોડેથી આવું છું, એટલા માટે કે ફલાણો શખ્સ (જે નમાઝ પઢાવે છે) તે ઘણી લાંબી કિ઼રાઅત કરે છે. મેં નબી અકરમ ﷺને કોઈ વઅઝમાં એનાથી વધુ ગઝબનાક નથી જોયા, પછી આપે ફર્માવ્યું, તમે લોકો તો લોકોને નફરત કરતા કરી દેશો ! તમારામાંથી જે કોઈ નમાઝ પઢાવે તો તેણે જોઈએ કે ટૂંકાવે, કારણ કે નમાઝીઓમાં કમજોર, ઉમરવાળા તથા જરૂરતમંદ લોકો પણ હોય છે.

આ રિવાયતમાં જુઓ કે સરવરે આલમ ﷺએ જયારે સાંભળ્યું કે ઈમામના લાંબા કિ઼યામના કારણે કોઈ ઉમરવાળા શખ્સને તકલીફ થઈ રહી છે તો આપે જલાલ (ગુસ્સો) પ્રદર્શિત કર્યો અને કિ઼યામ ટૂંકાવવાનો હુકમ કર્યો. એનાથી જાણવા મળ્યું કે આપે ઈબાદતમાં ઉમરવાળા લોકોનો જાતે પોતે ખયાલ કર્યો અને ખયાલ રાખવાનો હુકમ પણ આપ્યો.

એ જ પ્રમાણે ઉમરવાળા લોકોના માટે રોઝાઓ, જેહાદ તથા અન્ય ઈબાદતોમાં પણ હળવાશ કરવામાં આવી છે. નમાઝમાં જો એમનામાં ઉભા રહેવાની શક્તિ નથી તો બેસીને પઢી શકે છે. બેસવું પણ મુશ્કેલ છે તો આડા પડીને ઈશારાથી પઢી શકે છે. રોઝા રાખવાની શક્તિ નથી રહી ગઈ તો છોડવાની ઈજાઝત છે, અલ્બત્ત રોઝાઓના બદલામાં ફિદિયો આપી દે ઈર્શાદ થયો :–

وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ؕ

"જેમને એની શક્તિ ન હોય તો બદલો આપે એક મિસ્કીનનું ખાણું."

*–(સૂ. બક઼રહ, આ. ૧૮૪ કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુકદ્દસામાં "શયખે ફાની"ના માટે રોઝાના બારામાં રુખસદનું વર્ણન છે જે વૃધ્ધ પુરૂષ અથવા સ્ત્રીમાં વૃધ્ધા વસ્થાની કમજોરીના કારણે રોઝાની શક્તિ ન રહે (ન નમાઝની) અને ભવિષ્યમાં શક્તિ આવવાની ઉમ્મીદ પણ ન હોય તેને "શયખે ફાની" કહે છે, તેના માટે જાઈઝ છે કે ઈફતાર કરે (રોઝા ન રાખે) અને દરેક રોઝાના (નમાઝના) બદલે અડધો સાઅ (એક ફિતરા જેટલા) ઘઉં કે તેનો આટો અથવા તેનાથી બમણા જવ અથવા તેની કિંમત ફિદિયા રૂપે આપે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

એ જ પ્રમાણે જેહાદ, હજ તથા અન્ય શારીરિક ઈબાદતો જેને પૂર્ણ કરવાની કોઈના શરીરમાં શક્તિ નથી રહી ગઈ તો તેમના માટે રુખસદનો હુકમ છે.

### ★ આક઼ાએ નેઅમત ﷺને તલાશ કરવા છે તો ઝઈફો શોધો ★

એક મક઼ામ પર સરવરે કાઈનાત ﷺએ ઝઈફો (કમજોરો)ને પોતાની પ્રતિ સંબંધિત કરીને તેમની ઈજ્જત કરી. હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**"મને મારા ઝઈફોમાં તલાશ કરો, એટલા માટે કે તમને કમજોરોના સદક઼ામાં રોજી પણ આપવામાં આવે છે અને તેમના જ સદક઼ામાં તમારી મદદ પણ કરવામાં આવે છે."**

*–(સુનને અબૂ દાઊદ, ૩/૩૨)*

આ રિવાયતમાં બે વાતોનો ઉલ્લેખ છે એક એ કે ઉમરવાળા તથા કમજોર લોકોને આક઼ાએ કૌનેન ﷺએ પોતાની નિસ્બત અતા કરી. બીજી વાત એ છે કે આક઼ાએ કૌનેન ﷺએ ફર્માવ્યું, માનવોને જે રોજી મળે છે અને જીવન પથ પર ચાલવામાં તેમની જે ગયબી ઈમદાદ થાય છે તે કમજોરો તથા ઉમરવાળા લોકોના સદક઼ામાં થાય છે. અલ્લાહ તઆલા સૌને વૃદ્ધ લોકોની, કમજોરોની, ખાસ વૃદ્ધ મા બાપોની કાળજી રાખવાની, તેમની ઈજ્જત તથા તા'ઝીમ કરવાની તૌફીક઼ આપે. (આમીન)

# ઈસ્લામમાં
## લિબાસ, શરમ તથા હયાનો ઉલ્લેખ

રજૂકર્તા : મૌલાના અલ્તાફરઝા કાદરી મિસ્બાહી ચાંચવેલી
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સીટી)*

અલ્લાહ તબારક વ તઆલાએ બધા જ ઈન્સાનને લિબાસ પહેરવાનો હુકમ આપ્યો છે. અને લિબાસ પહેરવા માટે અમુક બુન્યાદી કાનૂન પણ બતાવ્યા. એટલા માટે પહેરવેશના વિશે આ કાનૂનનો ખયાલ રાખવો ખૂબ જ જરૂરી છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ
مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ؕ

''હે આદમ ! (علیہ السلام)ની ઔલાદ ! બેશક ! અમે તમારી તરફ લિબાસ ઉતાર્યો એટલા માટે કે તમે શર્મગાહોને ઢાંકો અને પહેરવેશથી શણગાર તથા ખૂબસૂરતી હાંસલ કરો અને પરહેઝગારોનો પહેરવેશ સારો છે. *(સૂરએ અઅ્રાફ, આ. ૨૬)*

ઈતિહાસ આ વાત પર સાક્ષી છે કે ઈન્સાની સમજબુઝના હોશમાં આવતાં જ સૌથી પ્રથમ શર્મો હયાના ફિત્રી (પ્રાકૃતિક) તકાઝાને લઈને તથા નગ્નતાના એહસાસથી પરેશાન થઈને જંગલવાસીઓએ વૃક્ષના પાંદડાંથી પોતાની શર્મગાહોને ઢાંકી અને આજના આ કહેવાતા પ્રગતિ પામેલ જમાનામાં પણ સતર ઢાંકાવાવાળી અલગ અલગ વસ્તુઓને ઈન્સાની સમજે લિબાસનું નામ આપ્યું. આ જ લિબાસ ઈન્સાની જિંદગીની મહત્વની જરૂરત છે. કારણ કે લિબાસનો પાયાનો હેતુ શરીર ઢાંકવું તથા શણગારની સાથે સાથે મોસમી ફેરફાર (શરદી, ગરમી)થી શરીરને બચાવવું, ઈન્સાની ચામડી તથા શરીરની હિફાઝત તથા બીમારીના જંતુઓથી એને દૂર રાખવું પણ છે.

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ એ સારા લિબાસ ઉપરાંત શણગારની દરેક વસ્તુઓ આયતમાં સામેલ ફર્માવી છે. ચાહે પછી તેનો સંબંધ લિબાસની સુથરાઈ, શરીરની પાકીઝગી, ઘરની સફાઈ તથા ખૂબસૂરતીથી હોય, અને સાથે સાથે શરીઅતે પણ તેને હરામ ન કર્યું હોય અને ફુઝૂલખર્ચ પણ ન હોય. સૂરએ અઅ્રાફની આયત નંબર ૧૯ની આયતે કરીમાથી સ્પષ્ટ માલૂમ થાય છે કે શૈતાનની ચાલના શિકાર થયા બાદ હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા (رضی اللہ عنہا)ને પણ પોતાનું શરીર મુબારક ખુલ્લુ હોવાનો એહસાસ થયો અને તેઓ વૃક્ષના પાંદડાંઓથી પોતાના સતરને છુપાવવા લાગ્યા. ઈસાઈઓની મુકદ્દસ કિતાબ બાઈબલના અહદનામા કદીમના પ્રથમ ઉન્વાન પૈદાઈશના ચેપ્ટરમાં ''(બ–૩)માં હઝરત આદમ علیہ السلام તથા હઝરત હવ્વા رضی اللہ عنہا ને પોતાના ખુલ્લા શરીરનો એહસાસ થયો હતો અને ઝાડનાં પાંદડાંને લિબાસ બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.''

લિબાસના વિશે કુર્આને કરીમમાં ઘણી બધી જગ્યાએ તફસીલની સાથે વર્ણન જોવા મળે છે. લિબાસનો મૂળભૂત મકસદ એ છે કે સતર (શરીરના જે હિસ્સાને છુપાવવાનો ફર્ઝ છે તે)ને છુપાવી લે. જે લિબાસ આ મકસદને પૂરો ન કરે તો ખરેખર લિબાસ છે જ નથી. કારણ કે તે લિબાસ પોતાનો મૂળભૂત

મક્સદ પૂરો કરતો જ નથી જેના માટે તે તૈયાર કરવામાં આવેલ છે. ખરેખર આ જ લિબાસ ઈન્સાન તથા બીજા જાનવરોમાં તફાવત જાહેર કરવાનો પ્રથમ અને છેલ્લો ઝરીયો છે. એટલા માટે જ અસંસ્કૃત (સભ્યતાથી અજાણ) તથા જંગલી મનુષ્યો ગુફામાં રહેતા હતા તેઓને કપડાં પ્રાપ્ત ન હોવા છતાં પોતાના સતરને છુપાવવાની કોશિશ કરતા હતા અને તેઓ કપડાં ન મળવા પર પાંદડાંઓથી સતર ઢાંકતા હતા.

આજકાલના નગ્નતાવાળા પહેરવેશ તથા હાલની ફેશને લિબાસના અસલ મક્સદને ઘાયલ કરી નાખ્યો છે. આજકાલ (કહેવાતા સભ્ય તથા સુસંસ્કૃત !) મર્દ તથા સ્ત્રીઓમાં એવો લિબાસ ચાલી રહ્યો છે જેમાં એમને કોઈ પરવા નથી કે શરીરનો કયો ભાગ ખુલી રહ્યો છે અને કયો ભાગ ઢંકાયેલો છે ! જ્યારે ઈસ્લામમાં સતરનો હુકમ એ છે કે મર્દ બીજા મર્દ સામે પોતાનુ સતર ખોલી શકતો નથી, નાજાઈઝ તથા હરામ છે. અને સ્ત્રી માટે સ્ત્રી સામે સતર ખોલવું જાઈઝ નથી. દા.ત. કોઈ સ્ત્રીએ એવો પહેરવેશ પહેર્યો કે એનો છાતીનો ભાગ, ગળુ તથા બાવડાં ખુલ્લાં છે તો આવી સ્ત્રીએ આ હાલતમાં બીજી સ્ત્રી સામે આવવું પણ જાઈઝ નથી ! એટલા માટે કે આ ભાગો તેના સતરના ભાગ છે, તો પછી મર્દ સામે જવું કઈ રીતે જાઈઝ હશે ?!

આજે અત્યારે આપણા લગ્ન પ્રસંગોમાં જુઓ શું થઈ રહ્યું છે ?! બેહયાઈની સાથે એવા પહેરવેશ પહેરી સ્ત્રીઓ તથા બાળકીઓ રખડતી જોવા મળે છે કે વર્ણન કરી શકાય તેમ નથી. અને જો કોઈપણ એમને ટોકે છે તો નિઃસકોચ જવાબ આપે છે કે, સોચ બદલો કે આપણો ઈસ્લામ મઝહબ આવી સોચને નકારે છે ! અને કહે છે કે પહેરવેશ બદલી નાખો સોચ પણ બદલાઈ જશે.

એક શાયરના કહેવા પ્રમાણે;

*મુઝ સે સબ કહતે હૈં રખ નીચી નઝર અપની*
*કોઈ ઉનસે નહીં કહતા ન નિકલે યૂં અયાં હોકર*

આના વિશે એક બીજા મશ્હૂર શાયર જનાબ અકબર ઈલાહાબાદીએ પણ ઘણી જ સરસ એક વાત કહી છે;

*બે પર્દા નઝર આઈ જો કલ ચંદ બીબિયાં*
*અકબર ઝમીં પે ગૈરતે કૌમી સે ગિર ગયા*
*પૂછા જો મૈંને આપકા વો પર્દા કયા હુવા*
*કહને લગીં અક્લ પે મર્દોં કે પળ ગયા*
*ખુદા કે ફઝ્લસે બીવી મિયાં દોનોં મોહઝ્ઝબ હૈં*
*શર્મ ઉનકો નહીં આતી ઈન્હેં ગુસ્સા નહીં આતા*

આજે અત્યારે આવા શબ્દો પણ ઘણા ઠેકાણે બોલાય છે અને સાંભળવામાં આવે છે કે, સાહેબ ! આ જાહેરી લિબાસમાં શું રાખ્યું છે, દિલ સાફ હોવું જોઈએ ! ધર્મથી દૂર ઈસ્લામી તા'લીમથી કોરા આવી વાતો કહી રહ્યા છે અને ફેલાવી રહ્યા છે. બની બેઠેલા ફિલોસોફરો, પશ્ચિમી સંસ્કૃતિને દિલ દઈ બેઠેલા લોકોનો અજીબ હાલ છે કે જો ઔરત ઘરમાં રહી પોતાના માટે, પોતાના પતિ માટે પોતાના બાળકો માટે ખાવાનુ તૈયાર કરે તો આ જૂની (જૂનવાણી) પ્રથા કહેવાય અને જો તે જ સ્ત્રી હવાઈ જહાઝમાં એરહોસ્ટેસ બની લોકોની વાસનાભરી નજરોની નિશાન બને અને હસતે મોઢે લોકોની ગુલામી કરે તો તેનું નામ આઝાદી છે ! (મૂર્ખાઓની ફિલોસોફી પણ અજબની છે !) વળી જો ઔરત ઘરમાં રહી પોતાનાં મા, બાપ, ભાઈ, બહેન, ઔલાદ માટે ઘરમાં કામકાજ કરે તો તે ગુલામી તથા બેઈજ્જતી છે અને દુકાનો પર સેલ્સગર્લ બની પોતાના નાઝ નખરાથી લોકોની નિગાહો તથા ધ્યાન પોતાના તરફ ખેંચે અથવા ઓફિસોમાં બોસની નાઝ બરદારી કરે તો તે આઝદી કહેવાય ! નઊઝુલ્લિાહ ! અલ્લાહ તબારક વ તઆલાએ મનુષ્યોને નગ્નપણાના નુકસાનોથી મેહફૂઝ

રાખવા માટે દરેક મનુષ્યને શબ્દ ''આદમ'' કહી સાવચેત કર્યા, ધર્મની શર્ત લગાડયા વિના. ઉપર દર્શાવેલ સૂરએ અઅરાફ, આ. ૨૭માં આ પ્રમાણે ફર્માવે છે :–

''હે આદમ (علیہ السلام)ની ઔલાદ ! ખબરદાર ! તમને શૈતાન ફિત્નામાં ન નાખે જેવી રીતે તમારા મા, બાપને જન્નતમાંથી ઉતાર્યાં અને એમનો લિબાસ પણ ઉતારાવ્યો એટલા માટે કે નજર આવે એમને શરમની વસ્તુ.''

શૈતાન આજે પણ બીજી બધી ખરાબીઓ સાથે સાથે નગ્નતા ફેલાવવા રાત, દિવસ પ્રયત્ન કરે છે કે જે પહેરવેશને પોતાની મૂળભૂત તથા મહત્વની જરૂરત સમજે છે તેને તેનાથી આઝાદ કરી દે અને ફરીથી જંગલી જાનવરોની જેમ પહેરવેશ વગરનો કરી આપે.

અલ્લાહ તબારક વ તઆલા ઈન્સાનો પર ઘણો જ મહેરબાન છે. બેહયાઈથી દૂર રાખવા તેણે કુર્આને મજીદમાં ઘણી બધી જગ્યાએ વારંવાર આ વિશે અહકામ નાઝિલ ફર્માવ્યા અને શરમ તથા હયાનો દામન પકડી રાખવાની તા'લીમ આપી. જેમ કે સૂરએ અન્આમ, સૂરએ અહઝાબ, સૂરએ શૂરા, સૂરએ નૂર, સૂરએ અનકબૂત, સૂરએ તલાક઼ તથા સૂરએ બની ઈસ્રાઈલમાં આવેલી આયતો હેઠળ જોવા મળે છે.

એ જ પ્રમાણે દરેક વાત અથવા અમલ જેનાથી બેહયાઈ અથવા બેશરમી ફેલાય એ ગલત છે. નગ્નતા જોવાથી ઈન્સાન મઝહબી તૌર તરીક઼ાથી દૂર થતો જાય છે, સારા અખ્લાક઼થી પણ દૂર થતો જાય છે.

હુજજતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

જાતિય વાસના ઈન્સાનની બધી જ વાસનાઓ પર ગાલિબ (સવાર) હોય છે અને ખુશી તથા સફળતાના સમયે સૌથી વધારે અક્કલની નાફર્માન હોય છે. તેનાં પરિણામો એટલાં ભયાનક છે કે તેને વર્ણન કરવાની શરમ આવે છે અને ડર મહેસૂસ થાય છે.

નગ્નતા અને બેહયાઈથી પેદા થયેલ શારીરિક ઉત્તેજના ઈન્સાનને જબરદસ્તીથી ઝિના, વાસનામય ગલત રસ્તા પર ચાલવા તથા આડા સંબંધો જેવાં ખોટાં કામો કરવા પર મજબૂર કરે છે.

કુર્આને મજીદમાં સૂરએ અઅ્રાફમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : ''કહી આપો કે મારા પરવરદિગારે તો બેહયાઈથી ચાહે તે જાહેરી હોય કે પછી છુપાયેલી મના કરેલ છે.''

આ દષ્ટિએ સૂરએ અહઝાબની તિલાવત તથા વાંચન ઘણુ જ ફાયદાકારક છે. જે મુસલમાન મર્દ તથા ઔરતની ઈજ્જત, એહતેરામ, આબરૂ, મર્યાદા, પાકીઝગીને હમેશાંના માટે હિફાઝતમાં રાખવાની, પર્દાની પાકીઝગી સાચવી રાખવાની તથા બેહયાઈથી બચવાની તા'લીમ આપે છે.

ઈસ્લામી તા'લીમાતનું વાંચન અને તેને લોકો સુધી પહોંચાડવું તથા તેના પર અમલ કરવું. ઈન્શા અલ્લાહ ! આપણા માહોલને તથા સમાજને બેહયાઈની, નગ્નતાની લા'નતથી પાક રાખશે અને બેપનાહ ફાયદાનો ઝરીયો બનશે.

અલ્લાહ તઆલા દરેક મુસલમાનને બેહયાઈથી બચાવે અને નેક અમલની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# તક઼લીદના વિરોધના બહાને ક઼ૌમને તોડવામાં આવી

❑ અઝ : પ્રો. ડૉ. મુહમ્મદ મસ્ઊદ અહમદ સાહબ رحمۃ اللہ علیہ (પાક.)
❑ અનુવાદક : સીરાજભાઈ લોખંડવાલા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)

આપણે રોજ સૂરએ ફ઼ાતિહા પઢીએ છીએ અને આપણે કહીએ છીએ :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ

''ચલાવ અમને સીધા રસ્તા ઉપર, રસ્તો એમનો જેમના ઉપર તેં (અલ્લાહ તઆલાએ) ઈનામ કર્યું. *(સૂ. ફ઼ાતિહા, આ. ૫–૬)*

દુઆના આ શબ્દોથી જાણવા મળે છે કે રસ્તો તો એક જ છે પણ રસ્તો દેખાડવાવાળા, રસ્તો બતાવવાવાળા, મંઝિલ સુધી પહોંચાડવાવાળા એકથી વધારે છે. મક઼સદ હિદાયતનો છે. અને રસ્તો દેખાડવાવાળાઓની તક઼લીદ (ચાર ઈમામોમાંથી કોઈ પણ એક ઈમામનું અનુસરણ) હિદાયતનો વસીલો છે. તે લોકો (અલ્લાહવાળાઓ) વગર રસ્તો મળી શકતો હોત તો તેમનું વર્ણન કરવામાં ન આવત ? તે (અલ્લાહ) બધી વસ્તુ ઉપર શક્તિમાન છે પણ તેનો ક઼ાનૂન આ છે, તેનો કાયદો આ જ છે કે મારા પ્યારાઓના નક઼શે કદમ ઉપર ચાલીને જ મંઝિલ સુધી પહોંચી શકાય છે.

શરીરને પણ તક઼લીદની જરૂરત છે. મગજને પણ તક઼લીદની જરૂરત છે. રૂહને પણ તકલીદની જરૂરત છે. ઈન્સાન માટે આ મોટી હક઼ીક઼તો છે. તક઼લીદ વગર ન શરીર ફલે ફૂલે છે, ન મગજ ફલે ફૂલે છે, ન રૂહ ફલે ફૂલે છે. તક઼લીદ એક મોટી હક઼ીક઼ત છે. સમાજમાં રહીને તેનો ઈન્કાર કરી શકાતો નથી.

તક઼લીદ ન કરવાવાળો પણ તક઼લીદ કરવા ઉપર મજબૂર છે. જિંદગી સુધારવા માટે કોઈ ને કોઈની તક઼લીદ કરવી જ પડે છે, તક઼લીદનો અમલ તો ઘરેથી જ ચાલુ થઈ જાય છે. જો આપણે તકલીદ કરતા નહીં તો આપણને બોલવું ચાલવું, ખાવું પીવું, ઉઠવું બેસવું, સૂવું જાગવું, હસવું રોવું, વિચારવું, સમજવું કાંઈ પણ આપણને આવડત નહીં. આપણે સમાજમાં રહીને જાણતી કે અજાણી રીતે તક઼લીદ કરતા ચાલ્યા જઈએ છીએ અને બનતા સંવરતા જઈએ છીએ. તક઼લીદ સામાજીક જિંદગીનો એક મહત્વનો પાયો છે. જો તે પડી જાય તો આખો સમાજ પડી ભાગે અને આપણે વહશી અને જંગલી બની જઈએ. (તક઼લીદ એટલે અનુસરણ)

તક઼લીદ એક સામાજિક, નફ઼સાની અને દીન સાથે સંબંધિત વિષય છે. બધી ખરાબી તે સમયે જન્મ લે છે. જ્યારે તેને રાજકીય વિષય બનાવીને વાતચીત કરવામાં આવે છે. અને ઉમ્મતના મહાન બુઝુર્ગોને નિશાન બનાવી તેમની નિંદા કરવામાં આવે છે. દેખાડો એવો કરવામાં આવે છે કે આ વાતચીત દીન સાથે સંબંધિત વિષય ઉપર કરવામાં આવે છે. સામાન્ય માણસો દીનનાં કપડામાં લપેટાયેલી તે વાતોથી બે ખબર છે. જો આ વાતચીત કેવળ દીનની હોત અને નેક નિય્યતથી કરવામાં આવી હોત તો કમજોર ન થાત. પણ આપણે દિવસે ને દિવસે વધારે કમજોર થઈ રહ્યા છીએ. અંગ્રેજી હુકૂમતોની પહેલાં આપણે ખૂબ શક્તિશાળી હતા. આપણો મસ્લક તે જ હતો જે પૂર્વજ બુઝુર્ગોનો મસ્લક હતો, જેની આજે આલોચના કરવામાં આવે છે. આપણી હુકૂમત એશિયામાં,

આફ્રિકામાં અને યુરોપમાં ફેલાયેલી સૌથી મોટી હુકૂમત હતી. એકસો બસ્સો વર્ષોની અંદર ઈસ્લામ દુશ્મન હુકૂમતોની રાજકીયનીતિ અને ગુપ્ત રીતે બનાવેલી અમલી હુકૂમતોએ (અંગ્રેજો દ્વારા બનાવેલ તબ્લીગી જમાઅત, વહાબી, દેવબંદી, કાડયાની, એહલે હદીષ વગેરે) આપણને બદલીને રાખી દીધા. આપણી શક્તિની એ હાલત હતી કે આખી દુનિયામાં આપણા (મુસલમાનોના) દમથી ઈલ્મ (શાન) અને અક્કલમાં શોભા આવી અને સભ્યતા પરવાન ચઢી. આપણે દુનિયાને બદલીને રાખી દીધી, પણ હવે આપણે કોઈને બદલતા નથી આપણે પોતે બદલાતા જઈ રહ્યા છીએ. આપણે (સાચા આલિમો)ની વાત નથી માનતા દુશ્મનોની વાતો સાંભળતા ચાલ્યા જઈએ છીએ.

આ શું થયું ? કેમ થયું ? આપણે ઠંડા દિલે વિચારવું જોઈએ !

વર્તમાનકાળમાં મિલ્લતે ઈસ્લામિયહ (મુસલમાનો) વિશ્વભરના પ્રોપેગન્ડાઓના ઘેરાવમાં છે, જેનો હેતુ હુઝૂર ﷺથી દૂર કરવાનો અને આપણા પ્યારા આકા ﷺની શાનમાં ગુસ્તાખ અને બેઅદબ બનાવવાનો છે. તે બધી વસ્તુથી દૂર કરવાનો જે હુઝૂર ﷺથી નિસ્બત ધરાવતી હોય, જે આપના ઉલૂમ અને મઆરિફની અમીન હોય. પણ જે આપનાથી દૂર થયો તે અલ્લાહ તઆલાથી દૂર થયો, જેના દિલમાં આપની તાઝીમ અને તૌક઼ીર નથી તેના દિલમાં ન અલ્લાહ તઆલાની તાઝીમ હોય શકે છે ન બૈતુલ્લાહની. આ કાંઈ કેવળ વહેમ નથી બલ્કે હરમૈન શરીફૈનમાં હાજરી આપવાવાળા સ્પષ્ટ રીતે આ હક઼ીક઼તને પોતાની આંખો વડે જોઈ રહ્યા છે. તેમનો સાચો મક઼સદ ઈસ્લામથી દૂર કરવાનો છે. ઈસ્લામ કાંઈ રસ્મો રિવાજનું નામ નથી. આ તો ફિદા થવું અને જાન નિછાવર કરવાનું નામ છે. આખી દુનિયા આ જઝબાને પાછો હટાવવા આગળ આવી રહી છે.

પ્રયત્ન એવો કરવામાં આવી રહ્યો છે કે ગમે તેમ કરીને મિલ્લતે ઈસ્લામિયહ (મુસલમાનો)ને હુઝૂર ﷺના મુબારક દામનથી દૂર કરી દેવામાં આવે. આ હેતુ પ્રાપ્ત કરવા માટે ઈસ્લામના દુશ્મનોએ હિકમતે અમલી (અંગ્રેજાએ તૈયાર કરેલી બદ મઝહબોની જમાઅતો તબ્લીગી, વહાબી, કાદયાની, એહલે હદીષ વગેરે) તૈયાર કરી છે કે આપણી વાતોમાં વહેમો અને શંકાઓ પૈદા કરવામાં આવે. હુઝૂર ﷺના મુબારક દામનથી બંધાએલા અને આપના ઉલૂમની અમીન હસ્તીઓ (બુઝુર્ગાને દીન)થી દિલમાં દુશ્મની પૈદા કરવામાં આવે, આવી રીતે મુસલમાનોને અંદરથી તોડી ફોડી નાખવામાં આવે, પછી જે દુશ્મનનું દિલ ચાહે પોતાના રાજકીય હેતુ પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરી લે. આ પધ્ધતિ બે સદીઓ (બસો વર્ષ)થી ખૂબ જ ઝડપથી પ્રસરી રહી છે. પાછળની ઈતિહાસ આ વાતની ગવાહી આપશે.

"હર્ફે આગાઝ" લખી રહ્યો હતો (લેખક પોતે કહે છે) કે પોસ્ટ આફિસમાંથી એક લેટર મળ્યો. જેમાં કોઈક છપાયેલી કિતાબનાં થોડાક પાનાં હતાં, ન લેટર લખવાવાળાનું નામ કે ન લેટર મોકલવાવાળાનું નામ અને સરનામું. આનાથી લેટર મોકલનારનો હેત શું છે તેનો અંદાજો લગાડી શકાય છે. આ લેટરમાં રસૂલુલ્લાહ ﷺ ની પ્યારી સુન્નતથી, હદીષ શરીફથી, છુપાયેલા શબ્દોમાં ઉમ્મતના મહાન આલિમો અને પૂર્વજ બુઝુર્ગોથી દૂર કરવાની કોશિશ કરવામાં આવી હતી. *(અલ્લાહની પનાહ)*

બુઝુર્ગોનો અદબ અને નાનાઓ ઉપર મહેરબાની મિલ્લતે ઈસ્લામિયહની ખાસિયત રહી છે. આ અદબ મિલ્લતના માળખાનું મજબૂત બંધન છે. આ બંધનને લગાતાર તોડવામાં આવી રહ્યું છે, અને પૂર્વજ બુઝુર્ગો સાથેના સંબંધને તોડવામાં આવી રહ્યો છે. ઈકબાલે મિલ્લતના નવ યુવાનોને સાચા રોગની જાણકારી આપતાં કહ્યું હતું કે પૂર્વજ બુઝુર્ગો સાથેનું ખરાબ વર્તન તેમનો સૌથી મોટો રોગ છે. વિશ્વાસથી ક઼ૌમો ફલે ફૂલે છે. વિશ્વાસ ડગમગવા લાગે (કમજોર થવા લાગે)તો ટુકડા થવા લાગે છે.

# પયગામે બરકાતિયહ

છેલ્લા કેટલાક દિવસથી એક ગલતફહમી સોશ્યલ મીડિયા (Social Media) પર ખાનક઼ાહે બરકાતિયા મારેહરા મુતહ્હરાના હવાલાથી આમ થઈ રહી છે અને અમુક ઉલ્માએ કિરામની ઝબાની એ પણ સાંભળવામાં આવ્યું કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના સંબંધે ખાનક઼ાહે બરકાતિયાનો સામૂહિક મૌક઼ફ (ખયાલ) અકાબિર ઉલમા તથા મશાઈખના કથનો અને તરીક઼ાથી અલગ પણ છે અને ઉમ્મતમાં બેચેનીનું કારણ પણ છે. એટલા માટે મેં (સૈયદ મુહમ્મદઅમાન ક઼ાદરી)એ ઈરાદો કર્યો કે ઉલમાએ કિરામ અને સુન્ની ભાઈઓની ગલતફહમી દૂર કરવા માટે વાલિદે માજિદ હઝરત અમીને મિલ્લત જેઓ ખાનક઼ાહે બરકાતિયા મારહરા શરીફના સાહિબે સજ્જાદા અને દરગાહ શાહ બરકતુલ્લાહની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ છે, અને મારા કાકા હઝરત રફીક઼ે મિલ્લત જેઓ સજ્જાદાએ નૂરીના વસી વારસ છે, અને મારા અન્ય મુકર્રમ કાકાઓ અને ખાનવાદાએ બરકાતના અન્ય સાહબઝાદાઓ તરફથી ફક઼ીર બરકાતી અર્ઝ કરે છે કે :

સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના સંબંધે અમારો મત એ જ છે જે સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો)નો છે. એટલે કે આપ رضی اللہ عنہ સહાબીએ રસૂલ, કાતિબે વહી (વહી લખનાર) અને ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاના મોટા ભાઈ છે. નિઃસંકોચ સર્વ સહાબએ કિરામ આપણા માટે તા'ઝીમો તકરીમના પાત્ર છે, અને તેમની ઈજ્જત, અઝમત અને ઈતાઅ્ત કરવું આપણા ઈમાનની મજબૂતીની દલીલ છે. અમારા નજીક દરેક વ્યક્તિ બિનભરોસાપાત્ર તથા અવિશ્વાસુ છે જે સહાબાએ કિરામના મર્તબા અને શાનમાં કમી અને તુચ્છકાર કરે અથવા મઆઝલ્લાહ ! તેમને તુચ્છકારવાચક શબ્દોથી યાદ કરે. જ્યાં સુધી હઝરાત સહાબાએ કિરામ અને તેમના મર્તબાઓનો મામલો છે તો એ સંબંધે આ દલીલ શાફી તથા કાફી (પૂરતી) છે કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે કે :–

**"જેણે મારા સહાબાને બુરા કહ્યા તેના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને તમામ લોકોની લા'નત છે."**

અને યક઼ીનન ! એ સહાબાની જમાઅતમાં હઝરત અમીરે મુઆ઼વિયહ رضی اللہ عنہ પણ સામેલ છે. નબીએ અકરમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે :–

**"મારા સહાબાને બુરા ન કહો એટલા માટે કે જો તમારામાંથી કોઈ ઉહદ પહાડ બરાબર પણ સોનુ અલ્લાહની રાહમાં ખર્ચ કરી દે તો એમના (સહાબીના) મુદ (મુઠ્ઠીભર) જવના બરાબર પણ નથી થઈ શક્તું અને ન તો તેમના અડધા (મુદ) સુધી પહોંચી શકે છે."** *(બુખારી વ મુસ્લિમ)*

અને જ્યાં સુધી હઝરત અમીર મુઆ઼વિયહ رضی اللہ عنہના મર્તબાની વાત છે તો તેની દલીલમાં સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ કાફી છે :–

**"હે અલ્લાહ ! મુઆ઼વિયહને હિદાયત આપનાર અને હિદાયત પામેલ બનાવી દે અને તેમના દ્વારા લોકોને હિદાયત અપાવ !"**

*–(જામેએ તિર્મિઝી, ૨/૨૪૭)*

અમારા ઈમામે સિલસિલાએ ક઼ાદરિયહ્‌ના સૈયદુના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ પોતાની કિતાબ "ગુન્યતુત્તાલિબીન"માં હઝરત સુફ઼યાન બિન ઉ઼યય્‌ના رحمۃ اللہ علیہના હવાલાથી ઈર્શાદ ફર્માવે છે :–

**"જે શખ્સ કોઈ સહાબીના વિશે કોઈ અપશબ્દ કહે છે તે ઈચ્છાનો પૂજારી છે."**

આ સંદર્ભે ખાનક઼ાહે બરકાતિયાના અસ્લાફ અને અખ્લાફ (આગલા, પાછલા)ઓનો મત બિલ્કુલ

સ્પષ્ટ છે જે અમારા મશાઈખના કથનો અને કિતાબોથી જાહેર છે જેના પર અમે અલ્લાહ તઆલાના ફઝ્‌લથી કાયમ છીએ અને રહીશું. ઈન્શાઅલ્લાહ ! જદ્દે કરીમ ખાતિમે અકાબિર સૈયદોના શાહ અબુલ હુસૈન અહમદ નૂરી મિયાં رحمۃ اللہ علیہ પોતાની જગપ્રસિદ્ધ કિતાબ ''સિરાજુલ અવારિફ ફિલ્ વલ મઆરિફ''ના છવ્વીસ (૨૬)મા નૂરમાં ઈર્શાદ ફર્માવે છે : આ જમાનામાં અહલે સુન્નત વ જમાઅતના લોકો જે રાફઝીઓ પાસે આવી જાય છે અને તેમની પાસે બેસવાના કારણે **હઝરત સૈયદોના અમીર મુઆવિયહ** رضی اللہ عنہ **અને બીજા સર્વ સહાબાથી બદ્‌ગુમાની રાખે છે,** એ ખુદ એક મોટુ **રાફઝીપણુ** છે. એટલા માટે યોગ્ય જણાય છે કે અમો અમીરે મુઆવિયહ رضی اللہ عنہનો થોડો હાલ વર્ણન કરીએ અને **મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہના કથનો પર વિશ્વાસ કરીએ કે આ જ સૂફીઓના માટે પસંદીદા છે. મહ્‌બૂબે ઈલાહીના મલ્ફૂઝાત ''ફવાઈદુલ ફવાદ''માં છે : બંદા (અમીર હસન ઉલા સંજરી)એ અર્ઝ કરી કે **અમીર મુઆવિયહ** رضی اللہ عنہ **વિશે અમારે કેવો અક્રીદો રાખવો જોઈએ ?** તો **હઝરત મહ્‌બૂબે ઈલાહીએ** ફર્માવ્યું, **''તેઓ મુસલમાન હતા, સહાબાએ કિરામમાંથી હતા, હુઝૂર** ﷺ**ના ઝવજએ મોહતરમા (પાક બીવી)ના ભાઈ હતા.''**

હુઝૂર નૂરી મિયાં સાહબ رحمۃ اللہ علیہએ આ કિતાબના ૨૦મા નૂરમાં વધુ ઈર્શાદ ફર્માવ્યો, ''એક દિવસ હું પીરો મુર્શિદ ખાતિમુલ અકાબિર હઝરત સૈયદ શાહ આલે રસૂલ અહ્‌મદી મારહરવી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર હતો. જંગે જુમલ તથા સિફ્ફીન અને નહરવાનમાં શરીક થવાવાળાઓ વિશે અહલે સુન્નત વ જમાઅતના અક્રીદા મુજબ કિતાબ લખી હઝરતની બારગાહમાં ઈસ્લાહના આશયથી રજૂ કરી અને અર્ઝ કરી, આ મસ્અલા બાબત કાંઈક ઈર્શાદ ફર્માવો જેથી અમે તેને દીન અને ઈમાનનો મુહાફિઝ (રક્ષક) બનાવીએ. તો આપે ઈર્શાદ ફર્માવ્યો, **''આપણે સહાબાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **નું વર્ણન સારા શબ્દો વડે જ કરીશું. બસ ! આ જ પૂરતુ છે.''**

અંતમાં અમે સરકાર **ગૌષે આ'ઝમ** رضی اللہ عنہના આ ઈર્શાદ પર આ ચર્ચાને સમાપ્ત કરીએ છીએ કે **''ગુન્યતુત્તાલિબીન''**માં આપે ઈર્શાદ ફર્માવ્યો :

**''અહલે સુન્નતનો સર્વસંમતિએ ફૈસલો છે કે સહાબાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **વચ્ચે જે જંગો થઈ એના વિશે ચુપ રહીએ, કોઈને તેમના સમાન ન સમજીએ અને તેમનાથી મહ્‌બ્બતનો ઈઝહાર કરીએ.''** અલ્હમ્દુલિલ્લાહ !

અને આ વાત અમો નિશ્ચિત રૂપે સ્પષ્ટ કરી દેવા ઈચ્છીએ છીએ કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ તથા અઝમત પર અમારી ખાનકાહના અગાઉ અને હાલના લોકોમાં ન કોઈ પ્રકારનું મૌન હતું અને ન છે. આમાં અમારું એ જ મંતવ્ય છે જે ઉલમાએ મુજતહિદીન, ફુકહાએ કિરામ અને મશાઈખે એઝામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનું હતું. માટે ફકીર બરકાતી સર્વ એહલે સુન્નતના ભાઈઓથી આ અપીલ કરે છે કે અગર દીન, શરીઅત અને તરીકતના હવાલાથી કોઈપણ પ્રકારની ગલતફહમી ખાનકાહે બરકાતિયા મારેહરા મુકદ્દસાની તરફ જોડાએલ જોવામાં આવતી હોય તો ખાનકાહના નિશ્ચિત મંતવ્ય વિશે હઝરત અમીને મિલ્લત مدظلہ العالی અને હઝરત રફીકે મિલ્લત مدظلہ العالیથી જરૂર સંપર્ક કરવામાં આવે.

અલ્લાહ તબારક વ તઆલા આપણને પોતાના પ્યારા હબીબ સૈયદે આલમ ﷺની ઈત્તેબા અને પૈરવી કરવાની તૌફીક અતા ફર્માવે અને આપના સહાબાએ કિરામ અને અહલે બૈતે અત્હારના આજ્ઞાંકિત તથા ફર્માબરદાર અને વફાદાર બનાવે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન ﷺ.

***-સૈયદ મુહમ્મદ અમાન કાદરી***

*વલી અહદ, ખાનકાહે બરકાતિયા, મારહરા મુતહહરા વ ડાયરેક્ટર : અલ્ બરકાત ઈસ્લામિક રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ, અલીગઢ*



# ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ અને સમયનું મહત્વ

✱ રજૂકર્તા : મૌલાના અબ્દુર્રહમાન હાફિઝ દાઉદ-પારખેત *(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)* ✱

સમય અલ્લાહ તઆલાએ અતા કરેલ એક મહાન નેઅમત, બહુ મૂલ્ય હદિયો અને ઘણી કિંમતી ભેટ છે. દુનિયાની કૌમોની ચડતી તથા પડતીની કહાનીમાં સમયના મહત્વનો ચાવીરૂપ રોલ રહ્યો છે. સમયના મહત્વને સમજનાર નીચેથી ઊંચે અને જમીનથી સૂરજ પર પહોંચી ગયા. જેણે પણ સમયને મહત્વ આપ્યું જો તે સાધારણ હતો તો ઉચ્ચ થઈ ગયો અને જો તે કણ બરાબર હતો તો સૂરજ સમાન થઈ ગયો. ઈસ્લામી ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે આપણા બુઝુર્ગો સમયની પાબંદી અને ટાઈમની બેહદ કદર કરતા હતા. તેમના કિંમતી જીવનની કોઈ મિનિટ, કોઈ ઘડી, કોઈ સમય બેકાર અને ફુઝૂલ કામોમાં વેડફાતો ન હતો. આ જ કારણે તેઓએ પોતાના જીવનની કિંમતી ક્ષણો લેખન તથા સંપાદન, શિક્ષા તથા તાલીમ અને દા'વતો તબ્લીગમાં લગાડી. એટલું જ નહીં તે ક્ષણોની કદર કરી તેઓએ એવાં મહાન કાર્યો કરી બતાવ્યાં જેમને જોઈને અને વાંચીને આશ્ચર્ય થાય છે.

સમયની કદર કરનારા મહાન પુરૂષોમાં ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જાત ઉપર તરી આવે છે, સમયનું મહત્વ ઈમામ અહમદ રઝાની દ્રષ્ટિએ કેટલું હતું તેને રજૂ કરતાં પહેલાં અમે કુર્આનો હદીષથી અમુક એવી વાતોનું વર્ણન કરીએ છીએ જે સમયના મૂલ્ય તથા મહત્વને જાહેર કરતી જણાશે.

કુર્આને કરીમમાં સમય (જમાનો) અને દિવસ રાતની કસમની સાથે જુદા જુદા સમયોને કસમને યાદ કરવામાં આવી છે. ક્યાંક સવારની કસમ, ક્યાંક ચાશતના સમયની કસમ અને કોઈ જગ્યાએ અસરના સમયની કસમ યાદ કરવામાં આવી છે. જેના દ્વારા ગુજરતા સમય અને વ્હાલા જીવનની વીતતી લહેરોથી નફો ઉઠાવવા તથા સમય અને ક્ષણોને માપ તોલ કરી વાપરવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. તે જ રીતે શરઈ અહકામની અદાયગી માટે પણ સમયની સરહદો કાયમ કરવામાં આવી છે. દા.ત. નમાઝ રોઝા વગેરે એહકામ સમયની અંદર છે તો અદા, નહીં તો કઝા. જેથી મોમિન સમયનું મહત્વ જાણી પોતાને સમયનો પાબંદ બનાવી લે. આ જ પ્રકારે સૂરએ ફુર્કાનમાં ઈર્શાદ ફર્માવ્યો. *(આયત-૬૩)*

હદીષોમાં પણ સમયનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે અને સમયને વેડફવાથી બચવાનો આદેશ આવ્યો છે. જેમ કે પ્યારા આકા ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : "શ્રેષ્ઠ મુસલમાન તે છે જે વગર કામની વસ્તુઓ છોડી દે." *(તિર્મિઝી શરીફ)*

આ હદીષ શરીમાં વગર કામનાં બેકાર કામોને છોડવાનો જે દર્સ આપવામાં આવ્યો છે તેના દ્વારા નિઃશંક ! સારી અને કામની વાતોમાં સમયનો વપરાશ કરવાનું પ્રોત્સાહન આપી સમયનું મહત્વ પ્રદર્શિત કરવામાં આવ્યું છે, કે ક્યાંક કોઈ મુસલમાન પોતાના કિંમતી જીવનને ફુઝૂલ અને બેકાર કામોમાં વેડફી દુનિયા તથા આખેરતમાં નુકસાન ન ઉઠાવે.

એક હદીષ શરીફમાં સમયના મહત્વનો એહસાસ આ રીતે આપવામાં આવ્યો છે : પાંચ

વસ્તુઓને પાંચ વસ્તુઓ પહેલાં ગનીમત જાણો : (૧) વ્યસ્તતા વહેલાં ફુરસતને (૨) બીમારી પહેલાં તંદુરસ્તીને (૩) ઘડપણ પહેલાં જવાનીને (૪) મૃત્યુ પહેલાં જીવનને (૫) મોહતાજી પહેલાં માલદારીને. *(મિશ્કાત)*

આ સિવાય બીજી ઘણી હદીષોમાં સમયની કદર અને મહત્વ પર રોશની નાખવામાં આવી છે. અમે આટલા પર જ બસ કરી મૂળ વિષય પર પરત આવીએ છીએ.

## બાળપણમાં સમયની પાબંદીનો વિચાર

ખલીફએ આ'લા હઝરત અલ્લામા ઝફરૂદ્દીન બિહારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ લખે છે કે જનાબ અલી મુહમ્મદ ખાન સાહેબ ફર્માવે છે કે વાલેદા મોહતર્મા ફર્માવતાં હતાં કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ કયારેય પઢવા બાબતે જીદ નથી કરી. પોતે જ સમયસર પઢવા માટે તશરીફ લઈ જતા હતા. જુમ્આના દિવસે પણ ઈચ્છા કરી કે પઢવા જાય પણ પિતાજીની મનાઈ પર રોકાય ગયા. *(હયાતે આ'લા હઝરત-૧૧૩)*

વાંચક મિત્રો ! બાળપણમાં એ એહસાસ કે રજાનો દિવસ તાલીમથી ખાલી ન હોય એ શું આપણને ઈશારો નથી આપતો કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના મિજાઝમાં સમયની પાબંદીની ને'મત મૂકવામાં આવી હતી. એ તો શિક્ષકો અને વિદ્યાર્થીઓની દરમિયાન ચાલતા રિવાજના કારણે પિતાએ તેમની સાથે રહેવાના સબબે પરવાનગી ન આપી, નહીં તો ઈમામ અહમદ રઝા તો એક દિવસની રજા પાડવા માટે પણ તૈયાર ન હતા. કાશ ! રઝાના જીવનના આ ઉજ્જવળ કદમથી ઈસ્લામી મદ્રસાઓના તલ્બા દર્સ હાંસલ કરે.

## સફરમાં સમયની પાબંદી (નમાઝની અદાયગી બારામાં)

હયાતે આ'લા હઝરતમાં છે કે હુઝૂર (આ'લા હઝરત ત્યારના સંજોગોને આધિન) ચાલતી ટ્રેન પર નમાઝ જાઈઝ હોવાના પક્ષમાં ન હતા. એટલા માટે રવાનગી પહેલાં જે ગાડીથી સફર કરવાનો રહેતો અને જે ગાડીથી પાછા ફરવાનો ઈરાદો રહેતો (બંનેના હિસાબે) પાંચેય નમાઝોનો સમય જે સ્ટેશન પર શરૂ થતો અને જે સ્ટેશન સુધી રહેતો તે સ્થળો પર સમયોનું નિશાન આપી દેવામાં આવતું અને સમયોનાં નામ લખી દેવામાં આવતાં. તેના માટે જરૂરી હતું કે ટાઈમ ટેબલ મંગાવીને ગાડીઓના રોકાવવાના સમયો અને સ્થળો જાણી લેવામાં આવે ત્યાર બાદ ભૂગોળના કાયદા પ્રમાણે તે સ્થળોનાં અક્ષાંશ રેખાંશ જાણી નમાઝના સમય કાઢવામાં આવતા, જ્યારે આ રીતે સંપૂર્ણ સંતોષ થઈ જતો કે આ સફરમાં બધી નમાઝો જમાઅત સાથે સમયસર અદા થઈ શકશે ત્યારે પાકો ઈરાદો ફર્માવતા અને (સામા પક્ષને) વાયદો કરતા અને તે જ તૈયાર કરેલ નકશા પ્રમાણે એક બે સ્ટેશન પહેલાં બધા વુઝૂ કરીને તૈયાર રહેતા. અને જ્યારે તે સ્ટેશન આવતું જ્યાં નમાઝનો સમય લખવામાં આવ્યો છે, જમાઅત ઉભી થઈ જતી. *(હયાતે આ'લા હઝરત)*

વાંચકો ! સમયનો ઈમામ સફર દરમિયાન નમાઝની વ્યવસ્થાના હેઠળ કઈ રીતે સમયની બચતનો લેહાઝ કરે છે, આ વાત ઉપરના વર્ણનથી ખૂબ સ્પષ્ટ છે. મસ્લકે આ'લા હઝરતને ફેલાવનારાઓ, મુકર્રિરો અને જલસા કરનાઓ માટે ખાસ કરીને બોધદાયક છે. ઈમામે સફરની હાલતમાં જમાઅત છોડવાનું મંઝૂર ન કર્યુ. જ્યારે કે આજકાલ વધુ પડતા મુકર્રિરો રોકાણની સ્થિતિમાં ઉતારા પર નમાઝ પઢી લે છે અને અમુક તો તે પણ નથી કરતા ! જલ્સાગાહમાં સમયસર હાજરી અને ન તો સમયસર જલસો સમાપ્ત કરવાની ફિકર. હે કાશ ! બીમાર તથા મઅઝૂર લોકોનો ખ્યાલ કરવામાં આવે.

## ખિદમતે દીન અને સમયની પાબંદી

લાહોરના જિમ્મેદારોના સવાલના જવાબમાં લખે છે : "મૌલાના આ ફક઼ીર હકીરના માથે અપાર કામોનો ઢગલો છે. જાતે પોતાના મદરસામાં પગ મૂકવાની પણ ફુરસત નથી મળતી. આ ખિદમત કે ફક઼ીર ગુનેગાર દ્વારા મૌલા કરીમ હુઝૂર ﷺ ફક્ત પોતાના કરમથી લઈ રહ્યા છે એ એહલે સુન્નત તથા મઝહબે એહલે સુન્નતની જ ખિદમત છે.

જે વ્યક્તિ ઈચ્છે જેટલા દિવસ ઈચ્છે ફક઼ીરને ત્યાં ક઼યામ ફર્માવે. મહિના–બે મહિના, વર્ષે–બે વર્ષે અને ફક઼ીરની જે મિનિટ ખાલી જુએ અથવા જે સમયે ફક઼ીરને કોઈ પોતાની જાત માટે અંગત કામ કરતો જુએ, તે જ સમયે પકડ કરે (પૂછતાછ કરે) કે તું આટલી વારમાં ત્રીજુ કામ કરી શક્તો હતો."

*–(ફતાવા રઝવિય્યહ્)*

વ્હાલા વાંચક મિત્રો ! ઈમામનું આ વાક઼્ય કે, "ફક઼ીરની જે મિનિટ ખાલી જુએ" સાફ બતાવી રહ્યું છે કે જ્યાં મિનિટ આટલી કિંમતી હોય ત્યાં કલાકો, દિવસો, અઠવાડિયા, મહિના અને વર્ષોનો તો આપણે અંદાજો જ નથી લગાડી શક્તા.

આપણે (મસ્લકે આ'લા હઝરતના માનનારાઓએ) ઈમામના જીવનના આ વિભાગથી સબક઼ મેળવી પ્રથમ ઘડીએ કમર બાંધી લેવી જોઈએ.

કાશ ! આપણે મિનિટ નહીં તો દિવસોને જ કામમાં લાવવાનું શરૂ કરી દઈએ તો આજે પૂરી દુનિયામાં એહલે સુન્નત મહાન તાક઼ત બનીને ઉભરી શકે છે.

## પુસ્તકો અને સમયની પાબંદીની ઝલક

ઈમામે અહલે સુન્નતનાં પુસ્તકોની ખરી સંખ્યા આજ સુધી નક્કી નથી થઈ શકી. કમસે કમ ફતાવા રઝવિય્યહને જુઓ : ૩૦ ભાગ, કુલ ૨૨,૯૭૦ પેજ, ૧૬૮૪૭ પૂછાયેલ ફતાવા અને પત્રિકાઓ ૨૦૬ છે. તેમજ બે ભાગમાં ફતાવા શામી પર હાશિયો, દરેક ભાગ લગભગ ૪૦૦ પેજ પર આધારિત, બે ભાગમાં ફવાતિહુર્રહમૂતનો હાશિયો, આખી તિર્મિઝી શરીફ પર હાશિયો અને ન જાણે કેટલીયે અલગથી પુસ્તિકાઓ અને કેટલા હાશિયા, સમજૂતીઓ અને બુઝુર્ગોની કિતાબોની વગેરે.

એક અંદાજા પ્રમાણે આ'લા હઝરતે લખેલ પુસ્તકોની સંખ્યા એક હજારથી વધુ છે. આ બધી કિતાબો અને પુસ્તકોના પેજ ગણી અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના જીવનના વર્ષો અને મહિનાઓ સામે મૂકીએ તો તમને અંદાજો થશે કે ઈમામે અહલે સુન્નતે પોતાના સમયનું કેટલુ ધ્યાન રાખ્યું અને કઈ રીતે પોતાના સમયને દીની કામોમાં ખર્ચ કર્યો.

ખરેખર આ મારા ઈમામની સમયની પાબંદી અને ક્ષણોની ક઼દરનું જ પરિણામ છે કે તેમણે પોતાના નાનકડા જીવનમાં એવી એવી કિતાબો, આટલા બધા પુસ્તકો, અને અઢળક ફતાવા ઉમ્મતે મુસ્લિમાને અર્પણ કરી દીધા, જેનું ઉદાહરણ દુનિયામાં ભાગ્યે જ જોવા મળે છે. ઈમામે અહલે સુન્નતે પોતાના સમયનો ભરપૂર ખયાલ પણ રાખતા, ક઼દર પણ કરતા, દીની શરઈ કામોમાં ખર્ચ પણ કરતા. તેમને ત્યાં ફ્રી સમય અથવા ખાલી બેસવાનો કોઈ ખયાલ જ ન હતો. પોતાના સમયની એક એક ક્ષણને શરઈ મસાઈલના હલ, સવાલોના જવાબ, લોકોની દીની અને શરઈ જરૂરતોને પૂર્ણ કરવામાં અને પુસ્તકો લખવા તથા બદ્‌મઝહબોના વિરોધમાં ખર્ચતા હતા.

## કુર્આનનો તર્જુમો કયા સમયે થયો ?

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ઈશ્ક઼ો મહબ્બતની ઝબાનમાં કુર્આન હકીમનો એક તર્જુમો કર્યો છે જે ઈલ્મી, અદબી, એતેક઼ાદી દરેક રીતે ઉત્તમ

કક્ષાનો અને કુર્આનની હક઼ીક઼ી ઝલકનો આયનાદાર છે. હઝરત સદરુશ્શરીઅહ મૌલાના અમજદઅલી આ'ઝમી (રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ) બહારે શરીઅતના લેખકના અતિ આગ્રહને લીધે હિ.સ. ૧૩૨૦ ઈ.સ. ૧૯૧૧માં આ તર્જુમો સંપૂર્ણ થયો. જેનું નામ **"કન્ઝુલ ઈમાન ફી તર્જુમતુલ કુર્આન"** રાખવામાં આવ્યું.

કિતાબોમાં છે કે આ તર્જુમા માટે હઝરત સદરુશ્શરીઅહ (રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)એ વિનંતિ કરી તો આપે જણાવ્યું કે સમય ક્યાં છે ?! પણ એવું કરો કે મારા ક઼ૈલૂલા (ખાધા પછી બપોરનો થોડોક આરામ)ના સમયે આવ્યા કરજો તો લખાવી દઈશ. અને આ રીતે એક મહાન કામ કુર્આનના અજોડ તર્જુમાનું થયું. સમયનો ઉપયોગ તો કોઈ આ'લા હઝરત (રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)થી જ શીખે !

આપણે જોઈએ કે ઈમામે અહલે સુન્નતના જીવનનો ભરપૂર અભ્યાસ કરીએ અને તેમના નક઼્શે ક઼દમ પર ચાલીએ. ફક્ત આમ તેમ વાતો કરવા ભેગા મળીને ટાઈમ પાસ કરવા ન બેસવું તથા મોબાઈલ પર લાગેલા ન રહેવું, તેમાંય ખાસ કરીને ઉલમા ખાસ ધ્યાન આપે કે વગર કામની વાતો અને બેકારનાં કામોમાં, નકામી બહષોમાં પોતાનો કિંમતી સમય વેડફીએ નહીં. થોડી જિંદગી મળી છે તો કાંઈક કરી જઈએ. જેટલો પણ સમય મળે કોશિશ કરીએ કે તે (સમય) ઉમ્મતે મુસ્લિમાની કામયાબી તથા તરક્કી, અક઼ાઈદે અહલે સુન્નતની તબ્લીગ, અને મઝહબો મિલ્લતને ફેલાવવા માટે ખર્ચ કરીએ. બેકારની બહસોમાં પડવાને બદલે રચનાત્મક કામોમાં પોતાનો સમય ખર્ચ કરીએ.

*અઝ : **મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી***

*(દારુલ ઉલૂમ : ગ઼ૌષિયા રઝવિય્યહ, માહનામા આ'લા હઝરત, જૂન-૨૦૧૮, બરેલી શરીફ઼)*


**માસુમ**
**ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**



**૨૫** વર્ષના અનુભવી

ઉમરાહ પ્રોગ્રામ ૨૦૧૮-૧૯
✤ ઓક્ટોબર-૨૦૧૮ ✤ નવેમ્બર-૨૦૧૮
ઈદે મીલાદશરીફ મદીનાશરીફમાં
✤ ડિસે. ૨૦૧૮ ✤ જાન્યુ. ૨૦૧૯
✤ ફેબ્રુ. ૨૦૧૯ ✤ માર્ચ-૨૦૧૯

ભરૂચના ભઠિયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ સવારનો ચા નાસ્તો તથા બપોર-સાંજનું જમણ

**ઉમરાહ ૨૦૧૮-૧૯ નું** બુકીંગ ચાલુ છે.

સુવિધાઓ ★ ૫ લિટર ઝમઝમ ★ ફ્રી લોન્ડ્રી સર્વિસ ★ ઉમરાના અરકાન તથા મક્કા મદીના શરીફની ઝિયારતો સાથે રહીને કરાવાશે. ડાયરેક્ટ ફ્લાઈટ સાઉદી એરલાઈન્સ.

બુક કર્યા પછી એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે નહીં.

સંપર્ક
હાજી ઈબ્રાહીમ અહમદ મોટલી (દયાદરાવાળા)
૪ મરીયમ કોમ્પ્લેક્ષ, મુસ્લિમ સોસાયટી પાસે,
જંબુસર રોડ, ભરૂચ, ગુજરાત-ઈન્ડિયા
મો. 9427582200, 9824108692, 9737868862



લકઝરી દ્વારા ભરૂચથી મુંબઈ એરપોર્ટ, રીટર્ન ભરૂચ ખાસ સેવા આપવામાં આવશે.

# જીવન જીવવાની ૧૦ રૂહાની ટિપ્સ

મેં પાંચ વર્ષની વયે બાબાઓ શોધવાનું શરૂ કર્યું અને આજ સુધી શોધ ચાલુ છે, મને રૂહાનિયતના આ સફરમાં અનેક લોકો મળ્યા, નેવું ટકા બનાવટી નીકળ્યા, અને દસ ટકા સાચા. મને ૪૫ વર્ષના અનુભવમાં સાચા તથા બનાવટી બાબાઓની ઓળખ થઈ ગઈ. સાચા બાબા પાસે દેખાડવા માટે કાંઈ નથી હોતું. તમે તેની પાસે જાવ છો, તે તમારી વાત સારી રીતે ધ્યાન આપીને સાંભળે છે અને તમારી સમસ્યાનો ઉકેલ બતાવી રવાના કરી દે છે, જ્યારે બનાવટી બાબા પાસે સેંકડો ચમત્કાર હોય છે. તેઓ તમારા ખિસ્સામાંથી તાળાં, કબૂતર અને પતંગિયા કાઢી બતાવે છે, તમને જણાવી દે છે કે તેમે સવારે શું ખાધુ હતું અને તમે કયા ખિસ્સામાં કેટલી રકમ રાખી છે, અને તમારા માતા પિતા, પત્ની તથા બાળકોનાં નામ શું શું છે.... વગેરે વગેરે.

તમને આ ચમત્કારો હેરાન કરી દે છે. તમે તે જ આશ્ચર્યમાં અનેક લોકોને તે બાબાની તરફ (Refer) રિફર કરી આપો છો અને આ રીતે બાબાની દુકાન ધડાધડ ચાલવા લાગે છે. સાચા બાબાઓનો એક સામૂહિક ચમત્કાર તેમની 'ફકીરી' હોય છે. આ લોકો કોઈની પાસેથી કાંઈ નથી લેતા. તેઓ પોતાની તરફથી લોકોને ખાવા પણ ખવડાવે છે, ચાય પણ પીવડાવે છે અને અમુક વખતે ઘરે જવાનું ભાડુ પણ આપે છે.

હા ! અમુક બનાવટી આવા પણ હોય છે. તમે ખૂબ સાંભળ્યું હશે કે ફલાણા પીર સાહબે આજ સુધી મારી પાસેથી કાંઈ માંગ્યુ નથી, તે કોઈની પાસેથી કાંઈ લેતા નથી. આ 'કાંઈ ન લેવું' પણ એક જાતની માર્કેટિંગ હોય છે. આ લોકો ઘણા ચતૂર હોય છે, તેઓ સો મુલાકાતોમાં કોઈ એક પાસેથી વસૂલે છે અને તે 'વસૂલી' એટલી મોટી હોય છે કે તે ફકત પોતાની જ જરૂરતો પૂરી નથી કરતો બલ્કે વર્ષ ભરના આવનારાઓનો ખાવા પીવાનો બંદોબસ્ત પણ કરી લે છે. જેથી (બનાવટી) પીરના નિઃસ્વાર્થ હોવાની છાપ એક માર્કેટિંગ ટ્રિક હોય છે. તમે જાતે વિચારો કે હજાર લોકો જ્યારે પીર સાહબના નિઃસ્વાર્થ હોવાની ગવાહી આપશે તો શું મોટી માછલી જાતે તરીને જાળમાં નહીં પહોંચી જાય ? પીર સાહબો તે મોટી માછલીના ચક્કરમાં હજાર નાની માછલીઓને ખવડાવતા રહે છે. મોટી માછલી પીર સાહબની પાસે આવતાંની સાથે જ તેઓ પોતાનું નુકસાન પણ ભરપાઈ કરી લે છે અને હજાર બે હજાર નાની માછલીઓનો ખાવા પીવાની વ્યવસ્થા પણ કરી લે છે. તમને ખાત્રી ન થતી હોય તો દેશના જીવંત 'સૂફીઓ'નો અભ્યાસ કરી લો.

બનાવટી પીર સાહબની બેઠક તથા આંગણામાં ગરીબ લોકો હશે પરંતુ બેડ પર અને રૂમમાં માલદાર તથા પ્રભાવિત લોકો (બડી પાર્ટીયાં !) બેઠા હશે. અને આ તે મોટી માછલીઓ છે જે 'સૂફિયાએ કિરામ'નો ''રૂહાની ખર્ચ'' ઉઠાવે છે. એટલા માટે પછી પીર સાહબને દસ દસ રૂપિયા ભેગા કરવાની ક્યાં જરૂર છે. અને જે બાબાઓ આ (દસ દસવાળો ધંધો) કરે છે તેઓ બેવકૂફ અને નાના વેપારીઓ છે. બનાવટી બાબાઓ લોકોને આકર્ષિત કરવા માટે સાઈન્ટીફિક ટ્રિકો વાપરે છે. તેઓ મુરીદોથી મુલાકાત પહેલાં તેમને હમેશાં ''સિટિંગ રૂમ''માં બેસાડે છે. સિટિંગ રૂમમાં માઈક અને કેમેરા લાગેલા હોય છે. આ લોકો મુલાકાત પહેલા આવનારાઓની વાતચીત સાંભળે છે. તે વાતચીત દ્વારા મુરીદની સમસ્યાનો અંદાજો લગાવી લે છે. અને પછી તેને તેની સમસ્યા

❑ રજૂકર્તા : મૌલાના અબ્દુર્રહમાન હાફિઝ દાઉદ પારખેતી *(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

જણાવી અચંબામાં નાખી દે છે. જો રેકોર્ડિંગ સિસ્ટમ શક્ય ન હોય તો આ લોકો મુરીદોમાં પોતાના જાસૂસો બેસાડી દે છે. આ જાસૂસો મુરીદોની વાતો સાંભળી પીર સાહેબને તેમની સમસ્યા જણાવે છે અને આમ મુરીદો પીર સાહેબની રૂહાનિયતના ભક્ત બની જાય છે.

તમને જો કોઈ નવો ખાદિમ અથવા મિત્ર કોઈ પીર સાહેબ પાસે લઈ જઈ રહ્યો હોય તો તમે આ વાત ધ્યાનમાં રાખશો, તે મિત્ર અથવા ખાદિમ પીરનો જાસૂસ હશે અને તે તમારી સમસ્યા મુલાકાત પહેલાં જ તેને બતાવી દેશે. આ લોકો બહુ ચાલાક હોય છે જેથી તેઓ મુરીદના સવાલોથી પણ તેની સમસ્યાનો અંદાજો લગાડી લે છે. મેં શોધના આ સફરમાં જુદી જુદી શાખાએ ''રૂહાનિયત''ના ટેસ્ટ કરવા માટે અપાર અનુભવો કર્યા અને દરેક વાર પરિણામ અનુભવ્યાં. દા.ત. જ્યારે પણ હું કોઈ પીરના સિટિંગ રૂમમાં બેસુ છું તો પોતાના મિત્રને ખોટી સમસ્યા બતાવું છું. હું જ્યારે અંદર જાઉં છું તો પીર સાહેબ મારી ખોટી સમસ્યા મને જણાવી દે છે અને હું મનમાં હસવા લાગું છું. બનાવટીઓના સામે સાચા બાબાઓ કોઈને હેરાન નથી કરતા, તે કોઈને કાંઈ નથી બતાવતા, તેઓ ફક્ત સાંભળે છે અને બીજાઓથી સાંભળતી વખતે મલકાય છે, તેઓ તમારી જોડેથી સલાહ પણ લે છે, તેઓ તમારા બેકાર શબ્દો પર દિલ ખોલીને હસે પણ છે અને તેમનું દસ્તરખાન પણ લાંબુ નથી હોતુ, તેઓ જે મળે તે ખાય લે છે અને તે જ સાદા ખોરાકમાં તમને પણ સામેલ કરી લે છે. તેમની બીજી એ નિશાની કે તેમનામાં બરકત હોય છે. તેમના ચોવીસ કલાક અડતાલીસ કલાક બરાબર હોય છે. તેમનો દિવસ પૂરો જ નથી થતો. તેઓ સો રૂપિયા ખર્ચ કરશે અને લાખ રૂપિયા બરાબર વસ્તુઓ આવી જશે. શાકની એક પ્લેટ દસ લોકોનુ પેટ ભરી દેશે. અને બે જોડી કપડાં બે બે વર્ષ સુધી ચાલતા રહેશે, તેનો રંગ નહીં ઉડે.

હું જ્યાં બનાવટીઓ પાસેથી ઘણુ બધુ શિખ્યો છું ત્યાં જ સાચાઓ પાસેથી પણ દસ કામની વાતો શિખ્યો છું. હું તમારી સહૂલત માટે આ કામની દસ વસ્તુઓને દસ ''રૂહાની ટિપ્સ''નું નામ આપુ છું. આ ટિપ્સ મારી આજ સુધીની ''રૂહાની તપસ્યા''નો નિચોડ છે. તમે આના દ્વારા પોતાના જીવનને આરામદાયક અને નફારૂપી બનાવી શકો છો. દા.ત. મારા જીવનના બધા સાચા બાબાઓ કહેતા હતા :

**(૧)** તે ઘર જેના આંગણામાંથી ઝાડ કાપી નાખવામાં આવે, તે ઘર ક્યારેવ આબાદ નથી રહેતું. તમે જ્યારે પણ કોઈ ઘરને વિખેરાતુ જુઓ, તમે તપાસ કરી લો તે ઘરની બર્બાદી ઝાડ કાપવાથી શરૂ થઈ હશે. એટલા માટે જો તમારા ઘરમાં કોઈ જૂનુ ઝાડ હોય તો તેને કદાપિ કાપતા નહીં. તમારુ ઘર હમેશાં આબાદ રહેશે. આ તે હકીકત છે જેના કારણે અંબિયા عَلَيْهِمُ السَّلَام અને ઔલિયા હઝરાત આખી જિંદગી ઝાડ વાવતા અને અને ઝાડોની રક્ષા કરતા રહ્યા.

**(૨)** જે ઘરેથી પક્ષીઓ, જાનવરો અને કીડીઓને ખોરાક મળતો હોય તે ઘરેથી ક્યારેય રોજી ખતમ નથી થતી. તમે આજે અનુભવ કરી લો, તમે પક્ષીઓ, બિલાડીઓ, કૂતરાઓ અને કીડીઓને દાણાપાણી નાખવાનું શરૂ કરી દો, તમારા ઘરનું કિચન બંધ નહીં થાય, તમારા પર રોજીના દરવાજા ખુલ્લા રહેશે, તમને અંબિયાએ કિરામ અને ઔલિયાએ કિરામના મઝારો પર કબૂતરો, કાગડાઓ, મોર, બિલાડીઓ, અને કીડીઓ કેમ મળે છે ? આ હક઼ીક઼તમાં મજારો પર લંગરની જમાનત હોય છે.

**(૩)** અલ્લાહ તઆલા ગરીબોમાં કપડાં વહેંચનારાઓને ક્યારેય બેઈજ્જત નથી થવા દેતો. જો તમે ઈચ્છો છો કે તમારા વિરોધીઓ તમને બેઈજ્જત ન કરી શકે, તો તમે ગરીબોમાં કપડાં વહેંચવાનું શરૂ કરી દો. ખાસ કરીને ગરીબ બાળકોને

કપડાં અને ચાદરો આપવાનુ શરૂ કરી દો, તમે મૃત્યુ બાદ પણ ઈજ્જતદાર રહેશો. તમારો મોટામાં મોટો વિરોધી પણ તમારી બેઈજ્જતી નહીં કરી શકે. મઝારો પર ચાદર ચઢાવવા પાછળ પણ મૂળ તો આ જ ભેદ છુપાયેલો છે. અલ્લાહ તઆલાએ પોતાના નેક બંદાઓને કબ્રોમાં જીવંત શરીરવાળા રાખ્યા છે એટલા માટે તેમને નગ્ન થવા નથી દેતો. ખાનએ કા'બા અલ્લાહનું ઘર છે, અલ્લાહ તઆલાએ આજ સુધી તેને ગિલાફ વગર નથી રહેવા દીધુ. જો તમારે કોઈ અલ્લાહના પ્યારા વ્યક્તિના મર્તબાનો અંદાજો લગાડવો હોય તો તમે મૃત્યુ બાદ તેની કબર જુઓ, તમને તેની કબર ક્યારેય નગ્ન નહીં મળે, તે ફૂલો, પાંદડાં અને ઘાસથી ઢંકાયેલી હશે અથવા તો તેના પર ચાદર હશે, અને જો કાંઈ નહીં હોય તો અલ્લાહ તઆલાએ તેને છાંયડાથી જરૂર ઢાંકી રાખી હશે, તેના પર ઝાડનો છાંયડો હશે અથવા તો વાદળે તેને પોતાની પનાહમાં લીધી હશે. આ છાંયડો, આ ચાદર અલ્લાહ તઆલા તરફથી તે વ્યક્તિની ઈજ્જતની રક્ષા છે, એટલા માટે તમે લોકોનું શરીર ઢાંકવાની વ્યવસ્થા કરો, અલ્લાહ તમારી નગ્નતા ઢાંપી દેશે.

**(૪)** જો તમે પોતાની રાહથી ભટકેલી ઔલાદને સીધા માર્ગે લાવવા ઈચ્છો છો તો તમે ગરીબ બાળકોની શાદીઓ કરાવી આપો, તમારી ઔલાદ નેક થઈ જશે. તમે અનુભવ કરીને જોઈ લો. તમે ગરીબ બાળકોના લગ્ન કરાવો, તેમને ઘરોમાં આબાદ કરો, તમે પોતાની ઔલાદ પર તેનો અસર જોશો અને આ અસર તમને આશ્ચર્યચકિત કરી દેશે.

**(૫)** જો તમે પોતાના જીવનમાં શુક્ર અને શાંતિ લાવવા ઈચ્છો છો તો તમે લોકોને ખાવા ખવડાવવાનું શરૂ કરી દો. તમારું દિલ ચેનની ને'મતથી માલામાલ થઈ જશે. તમને અવલિયાએ કિરામની જાતમાં ચૈન જોવા મળે છે. આ ચૈન નમ્રતાની ભેટ છે. તમે પણ નમ્રતાવાળા બની જાવ. તમારા જીવનની લાલચ ઓછી થઈ જશે, તમે સંતુષ્ટ થઈ જશો.

**(૬)** જો તમે તંદરુસ્ત થવા માગો છો તો તમે ગરીબોનો ઈલાજ કરાવવાનુ શરૂ કરી દો, તમારી તબીયત સારી થઈ જશે. તમે ત્યાર બાદ જે પણ દવા ખાશો બીજા બીમારોની સરખામણીમાં તમારા પર વધુ અસર કરશે.

**(૭)** જો તમે દુનિયવી મુશ્કેલીઓના શિકાર છો તો કોઈ ગલી, કોઈ માર્ગ બનાવડાવી દો. અલ્લાહ તઆલા તમારી દરેક મુશ્કેલીનો રસ્તો કાઢી આપશે અને તમારો દરેક બંધ દરવાજો ખુલી જશે.

**(૮)** જો તમે ડિપ્રેશનના શિકાર છો તો તમે બીજા લોકો માટે ઠંડા પાણીનો બંદોબસ્ત કરી દો, કૂવો ખોદાવી આપો, ગરીબના ઘરે મોટર લગાડી આપો અથવા ઘરની સામે ઠંડા પાણીનું કૂલર મૂકી દો, તમારું ડિપ્રેશન ખતમ થઈ જશે. કેમ ?! કેમ કે ડિપ્રેશન આગ હોય છે અને પાણી દરેક આગ ઓલવી નાખે છે.

**(૯)** કિતાબો શ્રેષ્ઠ મિત્ર હોય છે. તમે સારા મિત્રો ઈચ્છો છો તો તમે લોકોમાં કિતાબો વહેંચવાનું શરૂ કરો, તમે લાયબ્રેરી બનાવી દો, તમે ક્યારેય મિત્રોની અછતના શિકાર નહીં થાવ. તમને દુનિયાના દરેક ખૂણામાંથી મિત્રો મળશે.

**(૧૦)** જો તમે તાકતવર બનવા ઈચ્છો છો તો તમે સાદગી અપનાવી લો, દુનિયાનો કોઈ ફિરઓન તમારો મુકાબલો નહીં કરી શકે. અલ્લાહ તઆલાએ સાદગીમાં એટલી તાકત રાખી છે. કદાચ એટલા માટે જ તમામ અંબિયાએ કિરામ અને તમામ સાચા ઔલિયાએ કિરામ સાદગીવાળા હતા. એટલે જ ફિરઔન હોય કે નમરૂદ તે તેમની તાકત સામે રોકાય નથી શકતા. તમે પણ અનુભવ કરી લો તમારો પણ કોઈ મુકાબલો નહીં કરી શકે.

*(માહનામા : સુન્ની દા'વતે ઈસ્લામી, જુન–૨૦૧૮, અઝ : જાવેદ ચૌધરી)*

# બામસેફ ચળવળના હેતુઓ તથા માગણીઓ

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આઝાદી મનુષ્યના સ્વભાવમાં સામેલ છે. દરેક વ્યક્તિ સરમુખ્તયાર થવા ઈચ્છે છે. ગુલામી કોને પસંદ છે ?! ડોકટર ઈક઼બાલે કહ્યું :–

***ગુલામી ક્યા હૈ ? ઝોક઼ે હુસ્નો ઝૈબાઈસે મહરૂમી***
***જિસે ઝૈબા કહેં આઝાદ બંદે, હૈ વહી ઝૈબા***
***ભરોસા કર નહીં સકતે ગુલામોં કી બસીરત પર***
***કે દુન્યામેં ફ઼ક઼્ત મર્દાને હુર કી આંખ હૈ બીના***

સ્વતંત્રતા દરેકનો મૂળભૂત હક્ક઼ છે. તેની સાથે યોગ્ય વર્તાવ તથા સમાનતા પણ ઈન્સાની માપદંડોમાં સામેલ છે. કુદરતનો ક઼ાનૂન પણ એ જ છે કે દરેક ઈન્સાન સમાન છે, કોઈને કોઈના પર અગ્રતા નથી, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ જે ખાસ બંદાઓને ફઝીલત અતા ફર્માવી. દુનિયાના સામાજિક અભ્યાસથી જણાય છે કે રંગ, વંશ અને જાતિના તફાવતના આધારે દરેક દોરમાં જાતપાત અને ઊંચનીચનો તફાવત સમાજે કર્યો છે. આ સંદર્ભે ઈસ્લામ ધર્મ દુનિયા માટે મહાન ઈન્ક઼ેલાબી પયગામની હૈસિયત ધરાવે છે. ઈસ્લામે સ્પષ્ટ કરી આપ્યું છે કે દરેક ઈન્સાન ઈન્સાન હોવાના આધારે સમાન છે, જેના બાદ જ દુનિયાભરમાં રંગ, વંશ અને જાતિના તફાવતને ખતમ કરવાની અવાજો સતત ઉઠતી રહી. ઈન્સાની ઈતિહાસ ગવાહ છે કે એના જ પરિણામે એવી અસંખ્ય જાતિઓને માથુ ઉઠાવી જીવવાની કળા મળી, જે ખાનદાની બંધારણના કારણે મઝલૂમ અને શોષિત હતી, રંગ તથા વંશના નામ પર જુલ્મ અને અત્યાચારની શિકાર હતી.

ભલે હિંદુસ્તાન એક મોટી લોકશાહી છે, પરંતુ અહીંયા પૂરાના જમાનાથી જ જાતપાતની પ્રણાલિ ચાલતી આવી રહી છે, ઊંચા વર્ગના લોકો નીચી જાતિના લોકોને પોતાની સાથે બેસાડવાનું પણ પસંદ નથી કરતા, ભલે ધાર્મિક બાબતો હોય અથવા સમાજિક બાબતો. આમ ખયાલ હતો કે દલિત અને પછાત વર્ગ જેને પૂરાણા સંસ્કૃતમાં શુદ્રના નામથી જાણવામાં આવે છે, કદી પણ ઉચ્ચ વર્ગ બ્રાહમણ અથવા ક્ષત્રિય સમાન થઈ શકતા નથી. એક જમાનાથી દલિતોની સાથે ખાવું, પીવું, ઉઠવું, બેસવું, રહેવું, સેહવું સૌ બુરુ સમજવામાં આવતું, દલિતોને વાત વાત પર મારવા, પીટવા, તેમના ગળામાં માટલી બાંધવી કે તે જમીન પર થૂંકી પણ ન શકે ! હાથમાં ઝાડુ આપવું જેથી જ્યાં ચાલે તેને સાફ કરે ! આ તે કુરિવાજો હતા જે ખરેખર માનવતા વિરુદ્ધ છે.

આ સર્વ અસમાનતાના વિચારો એ કારણથી ઉપસ્થિત થયા કે હિંદુ ધર્મની ધાર્મિક કિતાબોમાં આ વાતનો ઉલ્લેખ છે. જો એવું કહેવામાં આવે કે દલિત ગુલામી કરતાં પણ બદ્તર હાલતમાં હતા તો ખોટુ નહીં કહેવાય. હિંદુસ્તાનના બંધારણે સમાજના પછાત વર્ગને અમુક છૂટછાટ આપી છે, પરંતુ પ્રેક્ટિકલી તેની અસરો જાહેર ન થઈ શકી. અલબત્ત હવે ઘણા દલિત ચહેરા દેશના રાજકીય ક્ષિતિજ પર જોવા મળે છે, પરંતુ નિરર્થક છે કે તેઓ પ્રતિનિધિત્વ પોતાની રાજકીય પાર્ટીઓનું જ કરે છે, અને દુ:ખની વાત એ છે કે અત્યાર સુધી રાજકીય તાક઼ાત રૂપે તે જ પાર્ટીઓ સત્તા પર રહી જેના આગેવાનો કયાં તો ખુદ બ્રાહમણ સમાજના છે અથવા બ્રાહમણવાદના સમર્થક છે.

હિંદુસ્તાનના બંધારણની ધારાઓમાં તેમના હક્ક઼ોની સ્પષ્ટતા હોવા છતાં દલિત પર અવારનવાર

થતા અત્યાચાર અને તેમના હક્કોની પાયમાલી સમાજના ઘણા વર્ગોને બેચૈન કરી રહી હતી. ન્યાયાલય હોય અથવા વિધાનસભા, એસેમ્બલી હોય અથવા પાર્લામેન્ટ અથવા ગવર્નર સિસ્ટમ, દરેક જગ્યાએ બ્રાહમણવાદનો દબદબો હતો. આવી સ્થિતિમાં સમાજના દરેક વર્ગને સમાન હક્ક આપવો અને દલિતોની સાથે મનુષ્યોની જેમ વર્તાવ કરવો ફોગટના વહેમ સિવાય કાંઈ નથી. આઝાદ હિંદુસ્તાનથી પહેલાં દલિતો પર જે જુલ્મ થતા તેમની સાથે જે અનૂચિત વર્તાવ થતો તે વર્ણન થઈ શકે તેમ નથી. આઝાદી પછી પણ આ જ ક્રમ ચાલતો રહ્યો.

જો કે ઈ.સ. ૧૯૫૦માં હિંદુસ્તાની બંધારણ લાગુ થયા પછી તેમાં કાંઈક અંશે કમી થઈ પરંતુ હજુ પણ દલિત વર્ગ ગરીબીનું જીવન પસાર કરી રહ્યો હતો, દેશ બાહ્ય અને આંત્રિક મુશ્કેલીઓથી ઝઝુમી રહ્યો હતો, તે સમયે ડોકટર ભીમરાવ આમ્બેડકર અને બાદમાં કાંશીરામ જેવા કદાવર નેતા દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા. પરંતુ તે પ્રતિનિધિત્વનું કાયદેસર કોઈ સંસ્થાકીય રૂપ ન હતું. આવા સંજોગોમાં એક એવી સંસ્થાની સખત જરૂરત મહેસૂસ કરવામાં આવતી હતી જે સમાજના દબાયેલા, કચડાયેલા પછાત વર્ગોના રાજનૈતિક, સમાજી અને આર્થિક બાબતોના સફળ નિવારણ માટે ગવર્નમેન્ટ સમક્ષ પોતાની માગણીઓ રજૂ કરી શકે.

આ જ જરૂરતના કારણે કાંશીરામને એક સંસ્થા સ્થાપ્વાનો ખયાલ આવ્યો, અને બામસેફ (Bamcef)ના નામથી એક સંસ્થાની સ્થાપ્ના થઈ. બામસેફ એક એવી સંસ્થા છે જે હિંદુસ્તાની સમાજની મઝલૂમ અને શોષિત કૌમની કદર કરે છે. તેમને સુરક્ષા પ્રદાન કરવા માટે પ્રયાસ કરે છે. લઘુમતિ વર્ગો જેમ કે મુસ્લિમ, ઈસાઈ, શિખ,જૈન, બૌદ્ધ વગેરેને પણ તેમાં સામેલ થવાની ગુંજાઈશ છે. બામસેફનું ફુલફોર્મ નીચે મુજબ છે :–

**"The All India Backward (sc/st/obc) And Minority Communities Employees Fedration".** આ ચળવળની સ્થાપ્ના કાંશીરામ દ્વારા ઈ.સ. ૧૯૭૩માં ડી. કે. ખપારડે (**D. K. Khaparde**) અને તેમના અમુક સાથીઓની સહાયતાથી છ વરસના સખત પરિશ્રમો બાદ થઈ. આ ચળવળે હિંદુસ્તાનભરમાં જમીની સ્તરે કામ કરીને એક ક્રાંતિ લાવી દીધી. આ સંસ્થાની કાયેદસર શરૂઆત ડોકટર ભીરાવ આંમ્બેડકરના મૃત્યુની વર્ષગાંઠના પ્રસંગે ૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૭૮માં દિલ્હીમાં થઈ. આ સંસ્થાનો ઉદ્દેશ અસામાનતા અને જાતપાતની પ્રણાલિને ખત્મ કરવાનો છે જે હિંદુસ્તાની સમાજને જાત અને જ્ઞાતિના નામ પર વિભાજિત કરે છે. વિકીપીડિયામાં રજૂ થયેલ આ સંસ્થાનો ટૂંકો પરિચય નીચે પ્રમાણે છે –

“BAMCEF is an organisation which represents oppressed and exploited communities in Indian society. Its an abbreviation of “THE ALL INDIA BACKWARD (sc/st/obc) AND MINORITY COMMUNITIES EMPLOYEES FEDERATION”. The term backward got its significance from the Indian constitution, which divides the oppressed and exploited Indians into categories on the basic of their backwardness namely;. SC/ST/OBC and minority communities.

BALMCEF was conceived in 1973 by Manyvar Kanshiram, who collaborated with Mr.D.K.Khaparde and other collegues to build the initiative after six years of sigorous field work all over India,”The birth of BAMCEF convention” was held in Delhi

in 1978. The organisation was officially launched as a "Federation" on 6 December 1978 on the parinivaran diwas(death anniversary) of DR. Baba Sahab B.R.Ambedkar, the Architect of The Indian constitution. The idealogy of BAMCEF is to fight against the entreched system of ineqality which divides Indian society and to obolish associated the caste system." {Wikipedia}

ઈ.સ. ૧૯૮૬ના પ્રારંભમાં કાંશીરામે રાજકારણમાં વ્યસ્તતાના કારણે બી.એસ.પી. (B.S.P.) સિવાય અન્ય સર્વ સંસ્થાઓથી પોતાની સેવાઓ બંધ કરી દીધી. જેના કારણે બામસેફ વિભાજિત થઈ ગઈ. બામસેફનો તે ભાગ જે કાંશીરામથી સંકળાયેલ હતો હવે તે ચુનાવી ચળવળોમાં બી.એસ.પી.ની સહાય માટે એક સમર્થકના રૂપમાં પરિવર્તિત થઈ ગયો. ટી.એસ. ઝલીએ પોતાના સાથીઓ સાથે મળીને બામસેફને રજીસ્ટર્ડ કરાવી. કાંશીરામના મૃત્યુ બાદ બામસેફ એક સ્વતંત્ર રાજકારણથી સંબંધ વિનાની સંસ્થા રૂપે કામ કરે છે.

ઈ.સ. ૧૯૮૭ બાદથી ૨૯ ફેબ્રુઆરી ઈ.સ. ૨૦૦૦ સુધી ડી.કે. ખપારડેએ બામસેફના કોમી પ્રમુખ (રાષ્ટ્રીય પ્રમુખ)ની હેસિયતથી સેવાઓ આપી. ખપારડેના મૃત્યુ બાદ સાથીઓના મશ્વરાથી વામન મેશ્રામ (Waman Meshram)ને પ્રમુખ રૂપે ચુનવામાં આવ્યા. ત્યારથી આજ સુધી બામસેફનું નેતૃત્વ વામન મેશરામના જ હાથોમાં છે. બી.એસ.પી.થી અલગ થયા બાદ એક મુદ્દત સુધી બામસેફ એક સામાજિક સંસ્થા રહી. પછી સંજોગોના કારણે બામસેફના ઝંડા હેઠળ એક રાજકીય પાર્ટી ''બહુજન મુક્તિ પાર્ટી'' (Bhaujan Mukti Party)ની સ્થાપ્ના થઈ. આ એક રજીસ્ટર્ડ રાજકીય પાર્ટી છે. બામસેફની આ સર્વ વિગત વિકીપીડિયા પર મૌજૂદ છે.

"In early 1986 BAMCEF split. Kanshiram announced that he was no longer willing to work for any organisation other than The B.S.P. In 1987 without Kanshiram, T.S.Jhalli together with other collegues registered BAMCEF. Since than, One element of BAMCEF, Which was with Kanshiram has been converted into a shadow organisation to help the B.S.P in electoral mobilization. Those remanining in BAMCEF after Kanshiram's departure registered as an Independent

BAMCEF a non political organisation. D.K.Khaparde was national president of BAMCEF from year,1987 to his death on 29 february 2000 at Pune. After death of'D.K.Khaparde, in consultation with other collegues Hon.Waman Meshram become the national president of BAMCEF till date. After sepration from B.S.P (The former political wing of BAMCEF) BAMCEF formed their own political wing BAHUJAN MUKTI PARTY. Which is a registerd political party {Wikipedia}

### :: બામસેફના હેતુઓ ::

૦૧. વંશિક બંધારણથી પ્રભાવિત લોકોને ઉમ્મીદ તથા સહાય પ્રદાન કરવી.

૦૨. મઝલૂમ અને શોષિત અરાજકિય જડોને શિક્ષણ દ્વારા મજબૂત બનાવવી.

૦૩. દૃષ્ટાંતરૂપ સંસ્કારી મોભાઓના પ્રદર્શનને

પ્રોત્સાહનનો ઝરીયો બનાવવો.

૦૪. એવાં કેન્દ્રોની સ્થાપ્ના કરવી જેના દ્વારા મઝલૂમ અને શોષિત લોકોનું માર્ગદર્શન થઈ શકે.

૦૫. વાસ્તવિક નેતાગીરી ઉભી કરવી.

૦૬. જુલ્મ તથા સિતમની સુધારણા માટે સમાજને મહારત તથા માધ્યાો પૂરાં પાડવાં.

**Objective of BAMCEF**

“To provide hope and help to the victims of the caste system. To strengthen the non political roots of the oppressed and exploited through education.To become a source of inspiration by displaying exemplary moral values. To creat genuine leadership. To creact direction centres to guide the oppressed and exploited. To provide resources and skills the society for the amelioration of oppression!' {Wikipedia}

બામસેફના પરિચય અને હેતુઓને વર્ણન કરવાનો મક઼સદ એ છે કે ક઼ૌમે મુસ્લિમ પણ જાગૃત થઈ કોઈ પગલુ ભરે. હિંદુસ્તાનની શુદ્ર જાતિ જે આશરે સાડા ત્રણ હજાર વરસ સુધી મઝલૂમ તથા દબાયેલી રહી, તેણે હિંદુસ્તાન ઉપર પોતાની પાંખો ફેલાવી દીધી છે, તેમનામાં રાજનીતિજ્ઞો પણ છે અને પોલિટિકલ પાર્ટીઓ પણ. તેઓ પોતાના રાજનીતિને લગતા હક્કો લેવા માટે પ્રયાસો પણ કરી રહ્યા છે. મુસ્લિમ ક઼ૌમ જે આ દેશમાં ૧૧૦૦ વર્ષ હુકૂમત કરતી રહી, તે દલિતો કરતાં પણ બદ્તર સ્થિતિમાં છે ! ઈ.સ. ૧૮૫૭માં મોગલિયા સલ્તનતના પતન બાદ મુસ્લિમ ક઼ૌમ હિંદુસ્તાનમાં બેસહારા થઈ ગઈ. અંગ્રેજો તરફથી મુસલમાનો પર જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવ્યા. ઈ.સ. ૧૯૪૭માં હિંદુસ્તાન સ્વતંત્ર પણ થઈ ગયું, પરંતુ બ્રાહમણવાદનો સાયો દેશ પર આવી પડયો. શુદ્રોની સાથે મુસલમાનોને પણ દરેક મેદાનમાં પૂર્વગ્રહ તથા અસામાનતા સહેવી પડી.

શુદ્રોએ પોતાના પગો પર ઊભા થવાની કોશિશ કરી અને તેઓ ઘણી હદે સફળ પણ થયા. મુસ્લિમ ક઼ૌમ પર એવી ગફલત છવાયેલ છે કે તે કાંઈ સોચવા સમાજવાની સ્થિતિમાં નથી. જ્યારે કે આ જ દેશમાં તેમને પણ જીવન પસાર કરવાનું છે. જો કે અત્યાર સુધી તો આમ જ કામ ચાલ્યું પણ હવે એ ઘણુ કઠિન છે. (કારણ કે) હવે પહેલાંથી અધિક સજ્જ થઈ ઈસ્લામ દુશ્મન તાક઼તો અખાડામાં ઉતરી આવી છે. દેશવ્યાપી કેવળ મુસલમાનોની જ કોઈ એકલી સંસ્થા થવી મુશ્કેલ કામ છે એટલા માટે બામસેફમાં જોડાઈ મુસ્લિમ ક઼ૌમ પોતાને સુરક્ષિત કરવાની કોશિશ કરે. ક઼ૌમી રમખાણો અને તોફાનોમાં દલિતો અને શુદ્રોને જ મુસલમાનોના વિરુદ્ધ મેદાનમાં ઉતારવામાં આવે છે. જ્યારે મુસ્લિમ–દલિત એકતા સામે આવશે તો ઘણી હદે રમખાણો ઉપર પણ નિયંત્રણ થશે.

*–(માહનામા પૈગામે શરીઅત–દિલ્હી, એપ્રિલ–૨૦૧૮, અઝ : મૌલાના દિલશાદ અમજદી)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**સુન્ની પઠાણ યુવાન** : જ.તા. ૧૭–૮–૧૯૯૪, એજ્યુ. B.Com., L.L.B., ઉંચાઈ ૫'. ૪૪'', વજન : ૫૭ કિલો., જોબ : એકાઉન્ટન્ટ ગાંધીનગર (મહેસાણા બાજુના) સુન્ની, નેક સૂરત, નેક સીરત, આલિમા હોય તો બેહતર એવી છોકરી પસંદગી પાત્ર. સંપર્ક નં. : **Mob. 97250 01546**

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

# આહ ! અલ્લામા શરીફ رحمۃ اللہ علیہ ચલ બસે !

**કાર્યાલય**

ભરૂચ જિલ્લાના ઝંઘાર ગામમાં એક છોકરો કાઝી ખાનદાનમાં પેદા થયો જેનું નામ શરીફ રાખવામાં આવ્યું. પછી પ્રાથમિક તાલીમ ઘરે હાંસલ કરી રાંદેરના મદ્રસા અશરફિયામાં દાખલો થયો. કેમ કે એ મદ્રસો અકીદા તથા માન્યતાઓના એતબારથી અહલે સુન્નતના અકાઈદથી અલગ હતો પણ તે વખતે ગુજરાતમાં સુન્ની હઝરાતનો કોઈ નોંધનીય મદ્રસો ન હતો જેથી મા બાપ મજબૂરન્ ત્યાં મોકલી આપતા. છેવટે મુહદ્દિષે ઘૌસી હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આઝમી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ ની તકરીરોના પરિણામે અહમદાબાદવાળાઓએ ખાસ કરીને હાજી ઉસ્માન ખત્રી તથા મુરીદે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہٗ જનાબ હાજી સુલૈમાન સાહબ વગેરેએ એક તાલીમી કોન્ફ્રન્સ ગોઠવી અને અહલે સુન્નતના ટોચના ઉલમાને બોલાવ્યા અને એ ફૈંસલો થયો કે એક ઈદારાની સ્થાપ્ના કરવામાં આવે. જેથી સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ અને મુફક્કિરે આ'ઝમ હઝરત ઈબ્રાહીમ રઝા رحمۃ اللہ علیہએ બરેલી શરીફથી અમુક તલબાને બોલાવીને ''દારુલ ઉલૂમ શાહે આલમ''ની શરૂઆત કરી. પછી હુઝૂર મુહદ્દિષે આ'ઝમ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની رحمۃ اللہ علیہની કોશિશથી શયખુલ હદીષ હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ સદર મુદર્રિસીનની હૈસિયતથી દારુલ ઉલૂમ શાહે આલમમાં આવી ગયા અને દારુલ ઉલૂમની ચર્ચા પૂરા ગુજરાતમાં થઈ. તો મૌલાના શરીફ رحمۃ اللہ علیہને તેમના સગા હઝરત કાઝી ઈસ્માઈલ અલીમિયાં નબીપુરીએ રાંદેરથી લાવી દારુલ ઉલૂમ શાહે આલમ અહમદાબાદમાં દાખલ કરાવી દીધા અને ત્યાંથી ફરાગત થઈ.

પછી આપે આપના ગામ ઝંઘારમાં તેમજ નબીપુરમાં ઈમામત તથા તદરીસી ખિદમત અંજામ આપી અને ત્યારબાદ આપ ઈ.સ. ૧૯૭૬માં ઈમામ તથા મુદર્રિસની હૈસિયતથી ઈંગ્લેન્ડ બ્લેકબર્ન મસ્જિદે રઝા બાલા કલાવા સ્ટ્રીટમાં તશરીફ લાવ્યા. અને દસ વરસો સુધી ઈમામ રહ્યા અને લગભગ ૩૦ વરસ મુદર્રિસની હૈસિયતથી ખિદમત અંજામ આપતા રહ્યા. અને આપ એક સારા મુદર્રિસની હૈસિયતથી ઓળખવામાં આવ્યા.

આપના વિસાલના ૧૫ દિવસ પહેલાં આપે ઘર પર ખત્મે ગૌષિયાનું આયોજન કર્યું અને તમામ ઈમામોને દાવત આપી જેમાં આ લખનાર પણ હાજર હતો. મૈં ખૂબ કોશિશ કરી કે આપ આપનું જીવન ચરિત્ર લખાવી આપે, પણ એવું જ કહેતા રહ્યા, મુઝ નાચીઝની સવાનેહ શું લખશો ! પછી મંગળવારે બીમાર પડયા અને એક રવિવાર છોડીને બીજા રવિવારે તા. ૨૨–૪–૨૦૧૮ના રોજ સવારના સમયે ઈન્તેકાલ કરી ગયા. اِنَّا لِلّٰہِ وَ اِنَّاۤ اِلَیۡہِ رٰجِعُوۡنَ

આપ નમાઝ, રોઝા તથા દલાઈલુલ ખૈરાતના પાબંદ હતા. આપની દફનવિધિ બ્લેકબર્ન કબ્રસ્તાનમાં થઈ જેમાં એક મોટી સંખ્યામાં મુસલમાનોએ હાજરી આપી. રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં તેમની મગફેરત ફર્માવે, દરજાત બુલંદ કરે, તેમની કબ્ર પર રહમતો નૂરની વર્ષા થતી રહે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم

*રજૂકર્તાઃ મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી,*

*બ્લેકબર્ન–યુ.કે.*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **જંબુસર** : મૌલાના ઝહીર મિસ્બાહી તથા અન્ય મુબલ્લિગો મૌલાના મુબારક દહેગામી, મૌલાના જાબિર, હાફિઝ મુશ્તાક વગેરે થકી દર સોમવારે ઈશાબાદ સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ : નૂરી તર્બિયતી સેન્ટર–જંબુસર ખાતે હફતાવારી ઈજતેમા, ચાંદ પીર મસ્જિદ, મદ્રસા બરકાતે ખ્વાજા, દહેગામ, ડાભા, મસ્જિદે ગરીબનવાઝ–જંબુસર, મગણાદ કહાનવા, ટંકારીબંદર, જંત્રાણ, નોબાર, કોરા, ટુંડજ, ગરીબખાના કાદરીયા–જંબુસર, મુખ્તારૂલ મસાજિદ દયાદરા, બાવા રયહાન મસ્જિદ–ભરૂચ, સાધલી, ભોજ, પાદરા, વડોદરા–ગોરવા, કોસંબા, ભાટકોલ, જુનેદ તેમજ અન્ય સ્થળોએ તર્બિયતી ઈજતેમા કર્યા, બહેનો માટે પણ દીની તર્બિયતી ઈજતેમા થયા. વિશેષતઃ હઝરત ફાતિમા ઝહરા, હઝરત ખદીજતુલ કુબરા, હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ تعالیٰ عنہنના વિસાલના દિવસોએ આપની શાનમાં બયાનો થયાં.
- **દયાદરા** : રમઝાન દરમ્યાન ખાસ કરીને મૌલાના ઈમરાન કોંગોવાળા થકી ડેઈલી અસર બાદ દર્સે કુર્આન, ઈશા બાદ નવયુવાનોની તર્બિયત તથા ફજર બાદ દર્સ જારી રહ્યો. શોખથી યુવાનોએ હાજરી આપી તથા ઈલ્મે દીન, દીની માલૂમાત મેળવી. તેમજ હઝરત ફાતિમા ઝહરા, હઝરત ખદીજતુલ કુબરા, હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ تعالیٰ عنہنના વિસાલના દિવસોમાં અસર બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ પછી બયાનો થયાં. રવિવાર અસર બાદ મૌલાના ઝહીર મિસ્બાહીનાં ઈસ્લાહી બયાનો થયાં.
- **વડોદરા** : આદર્શ નગર, તરસાલી ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શોએબ મોતીપુરાવાળા થકી ૧૫–૫–૨૦૧૮ના ''માહે રમઝાન કૈસે ગુઝારે ?'' ૨ થી ૩ વાગ્યા સુધી ''મસાઈલે રોઝા ઝકાત'' પર મર્દોનો ઈજતેમા તેમજ ૪ વાગ્યા ૫ સુધી બહેનો માટે ઈજતેમા યોજાયો તેમજ મહિનાભર દર્સી તર્બિયતી પ્રોગ્રામો થતા રહ્યા.
- **પાલીતાણા** : ખાતે ૨૧ રમઝાનથી ૧૦ દિવસ સામૂહિક એ'તેકાફનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી યૂસુફ નૂરી થકી ઝોહર બાદ દર્સે બરકાતે શરીઅત, અસર બાદ હદીષનો દર્સ, તરાવીહ બાદ : વુઝૂ, ગુસ્લ, નમાઝ વગેરેના મસાઈલની તાલીમો તર્બિયત કરવામાં આવી.
- **ધોરાજી** : તા. ૧૩–૫–૨૦૧૮ના રોજ મુફતી મુનવ્વર રઝા, હાફિઝ અશ્ફાક, સિકંદર રઝવી, ક઼ારી અ. કાદિર નૂરી વગેરે મુબલ્લિગો થકી જેતપુરમાં ૧–રોઝા નૂરી તર્બિયતી ઈજતેમા યોજાયો જેમાં અક઼ીદા તથા વુઝૂ, ગુસ્લ, નમાઝ વિથ પ્રેક્ટિકલ મસાઈલ શીખવાડયા. સવાલો જવાબના સેશનમાં મુફતી મુનવ્વર રઝા સાહબે લોકોના દીની સવાલોના જવાબો આપ્યા.
- **બોડેલી** : મુબલ્લિગ ખત્રી ઉષ્માન રઝા થકી ૧૫–મેના ભાઈઓ માટે માહે રમઝાન કૈસે ગુઝારેં, ૨૦–મે ઝોહર બાદ બહેનો માટે ઈજતેમા, ૨૮–મે લેડિઝ ઈજતેમા તેમજ દર રવિવારે મસ્જિદે રઝામાં હફતાવારી ઈજતેમા, એકતા નગર–વડોદરા ખાતે ઉષ્માનગની ક઼ાદરી નઅતની મેહફિલ, બયાન : મુફતી ઈમ્તેયાઝ રઝા ક઼ાદરી.
- ઉપરાંત **સૂરત, બાસ્કા, ભાગનગર, કોસંબા, ડભોઈ, જૂનાગઢ** વગેરે ઠેકાણે હફતાવારી ઈજતેમાઓ તથા તર્બિયતી ઈજતેમાઓ થયા.

## સખીદાતાઓ જન્નત કમાઈ લો !

- **ગોરેગાંવ (ઈસ્ટ)** : ખાતે "અંજુમને ફૈઝાને અવલિયા" કમિટી થકી જિલ્લા ભરૂચના સુન્ની ભાઈઓ એક ઈબાદતગાહ બનાવવા ચાહે છે જેમાં મદ્રસો પણ ચાલશે જેથી આસપાસના બદઅક઼ીદાઓના મદ્રસામાં સુન્ની બાળકો જતાં બચે અને પોતાનું ઈમાન તથા અક઼ીદો સાચવે. રેડી મકાન માટે ૫૦ લાખની જરૂર છે. ઘણા સમયથી ભાઈઓ ચંદા માટે ફરી રહ્યા છે તો કોઈ સખીદાતા ધ્યાન કરીને પાંચ દસ સાથીઓ થઈને પણ આ કામ પાર પાડી જન્નત કમાય લે. સહાય માટે સંપર્ક કરો : મૂસા ભાઈ દસુ, અલ્તાફ પટેલ, સુબાભાઈ પટેલ...વગેરે.

  **સરનામુ** : અંજુમને ફૈઝાને ઔલિયા, A-1, ફલાય ઓવર કો. ઓ. હા. સો. ગોરેગાંવ (ઈસ્ટ) મુલુંડ લિંક રોડ, મુંબઈ ફોન : 09833565482, 9820645801, 9172457861 અથવા 9427464411 (તંત્રી)

- **આણંદ** : મદ્રસા મુફતીએ આ'ઝમે હિંદ, મિલ્લત નગર, ભાલેજ રોડ ખાતે મદ્રસાના મકાનની જરૂરત છે. હાલ ભાડાના મકાનમાં ૧૫૦ બાળકો બે પાલીથી પઢે છે. જગા તંગ છે. તો મકાનના બંદોબસ્ત માટે ભરપુર સહકાર કરશો. આપની ઝકાત, સદક઼ા, ખૈરાત વગેરેથી ભરપુર મદદ કરશો.

  **સંપર્ક કરો** : હાફિઝ ઐયૂબ અલારસાવાળા મો. 9424430292, 9376252768, 9687337931 અથવા 9427464411 (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

- **વ્યારા** : (જિ. તાપી)માં સુન્નિયતની પહેચાન સમી "મસ્જિદે આ'લા હઝરત" છે. જેનો નિભાવ ચંદા પર આધારિત છે. હાલ સ્વનિર્ભર થવાના હેતુથી મસ્જિદની સામે કમિટીએ પ્લોટનો સોદો કર્યો છે. જેમાં નીચે મદ્રસો તથા ઉપર ઈમામ તથા નાયબ ઈમામનું રહેઠાણ અને ભાડે આપવાના હેતુથી રૂમો બનાવવાનું આયોજન છે. જે માટે આપ સર્વને ઝકાત, લિલ્લાહ, સદક઼ા વગેરે રકમ આપવા માટે નમ્ર અરજ છે.

  સંપર્ક : સૈયદ ઝુબેર ક઼ાદરી (વ્યારા) મો. 9979365666 / હાજી અ. ખાલિક઼ શેખ મો. 99786 97786

## સુન્ની દા'વતે ઈસ્લામી થકી ભરૂચમાં ૭ દિવસનો તર્બિયતી કેમ્પ યોજાયો

**નૂરી તર્બિયતી સેન્ટર** : (મસ્જિદે ફાતિમા સરફરાઝ પાર્ક) ભરૂચ ખાતે યુવાનોને પ્રાથમિક દીની તાલીમ આપવામાં વકેશન પીરીયડમાં તા. ૫–૫–૨૦૧૮ થી ૧૨–૫–૨૦૧૮ સુધી તર્બિયતી કેમ્પ યોજાયો જેમાં કેટલાક સ્કૂલના વિદ્યાર્થીઓએ સતત સાત દિવસ હાજર રહી દીની ઈલ્મ અક઼ીદા વિશે, તેમજ વુઝૂ, ગુસ્લ, નમાઝ વગેરે બેઝિક મસાઈલ દુઆઓ શીખી. જેમાં ખાસ મૌલાના નુસ્રત નજમી તથા મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સિટી)એ ખાસ તદ્ ઉપરાંત અન્ય મુબલ્લિગો મુઈનભાઈ શેખ, ઈમરાન નૂરી, તારીકભાઈ શેખ વગેરેએ તર્બિયત કરી હતી. તા. ૧૨–૫–૨૦૧૮ના રોજ ઈમ્તેહાન બાદ નંબર લાવનારા તલબાને ખાસ ઈનામો કિતાબ રૂપે તેમજ દરેકને અમુક કિતાબો પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત) થકી ભેટ આપવામાં આવી.